શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-

AUGUST '07





ગુરુપૂર્ણિમાના શુભ દિને
સંત - હરિભક્તો દ્વારા
ગુરુપૂજન

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



કાગો આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.આચાર્ય
રાજશ્રીની શુભ નિશ્રામાં કથા કરતા ત્યાંના મહંત સ્વામી
અને શા. સ્વા. હરિકેશવદાસજી તથા સંત મંડળ




કોલોનિયા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથામૃત પાન
કરાવતા શા. સ્વા. હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

કેનેડા ટોરોન્ટોના એક વિશાળ હોલમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ઠાકોરજીની આરતી ઉતારતા,
ચિંતામણી પુસ્તકનું વિમોચન કરતા અને હરિભક્તો સાથે સમૂહ આરતી ઉતારતા









સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧ અંક : ૪ ઓગસ્ટ - ૨૦૦૭

અનુક્રમણિકા

૧. અસ્મદીયમ્ ૨

૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૩

૩. "આનંદની હેલી" : પ્રભુ બંધાતા નથી ૪

૪. વિચારો મન આવો હસી બેસો એકાંતમાં રે ૫

૫. માંડવીનો ખૈયો ખત્રી પ્રભુના શરણે ૬

૬. ભગવાનમાં પ્રીતિ એવી છે જેને અન્યમાં પ્રીતિ નથી ૯

૭. નિલકંઠ વર્ણી વનવિચરણની છેલ્લી રાત્રી ૧૧

૮. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કેનેડા સત્સંગ યાત્રા ૧૩

૯. સત્સંગ સુરભિ : "આ શેખજી તો ગુલાબ જેવા છે !" ૧૫

૧૦. સત્સંગ બાલવાટિકા ૧૮

(૧) સ્વભાવ છોડતાં શીખો

(૨) જગતના જીવોને સત્સંગ ન ગમે

૧૧. ભક્તિસુધા ૨૦

(૧) ગુરુથી જ જ્ઞાન (૨) રાજબાઈ

(૩) ન ગઈ ગંગા ગોદાવરી (૪) જતનબાઈ

(૫) ધમડકામાં કરણીબા અને રાયધણજી દરબારને આંગણે શ્રીહરિ

૧૨. પ્રશ્નપેટી ૨૪

૧૩. સત્સંગ સમાચાર ૨૫

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી શાસ્ત્રી નિર્ગુણદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

તંત્રીની કલમે...

માનવીને પરમેશ્વરની પ્રાપ્તિ તો થાય જ છે, પણ મનુષ્ય પરમેશ્વરને ઓળખી શકતો નથી. મૂર્તિમાન પ્રગટ પરમેશ્વર સામે ઉભા હોય તો મનુષ્ય તેને શોધવા માટે અનેક પ્રકારના ફાંફા મારતો રહે છે. આજ મોટું અજ્ઞાન છે. આ માયાના અજ્ઞાનને દૂર કરવા માટે જ આ જગતમાં જીવ માત્રને સાચા ગુરુની જરૂર પડે છે. જે જીવાત્માને પરમેશ્વરના સ્વરૂપની ઓળખાણ કરાવીને તે સ્વરૂપમાં દૃઢતા પૂર્વક પ્રીતિ કરાવીને આત્યંતિક મોક્ષના માર્ગે ચાલવાના પથદર્શક બને એવા ગુરુની જીવને અતિ આવશ્યકતા છે. જેને પ્રાપ્ત કરવા માટે સંસાર સાગરને વલોવીને તેવા સાચા સદ્‌ગુરુને મેળવવા એજ મનુષ્ય જન્મની સાર્થકતા છે. આ અતિ વિકટ કળિકાળમાં ગુરુઓનો તો જાણે રાફડો ફાટ્યો છે. સૌ પોતાના "જી" હજુરીયા ચેલાઓ પાસે પોતાના (વ્યક્તિના) વખાણ કરાવવા માટે અને જાત જાતના તર્ક વિતર્કો કરીને ભોળા માણસોના જ્ઞાનને ભ્રમિત (બ્રેનવોશ) કરીને પોતાની ઈચ્છાઓને પુરી કરવા માટે લોકો (જનતા) પાસે ધન એકઠું કરીને મોટા મોટા સંસ્થાનો ઉભા કરવામાં જ રચ્યા પચ્યા છે. તેમને કોઈનાય મોક્ષની પડી જ નથી. પોતાની સંસ્થા સમૃદ્ધ થાય, શિષ્ય સમુદાય ઘણો મોટો વિશાળ થાય તેમાંજ રસ છે. આવી મનોવાંચ્છનાઓને પુરી કરવા માટે આ ગુરુઓનો સમુદાય ધર્મની મર્યાદા કે લાજ શરમને પણ ગણકારતા નથી, અને પદાર્થો મેળવીને અનેક પ્રકારના વૈભવો ભોગવવા માટે જ રાત-દિવસ અનેક પ્રકારની પ્રવૃત્તિ કર્યા કરે છે. આ અસંખ્ય પરિબળોમાંથી જીવને પોતાને મોક્ષ અપાવે તેવા ગુરુને શોધવાનું મહાન ભગીરથ કાર્ય કરવાનું છે અને આયુષ્ય બહુ ટુંકું છે. ત્યારે જીવનું શું થાય ? આવું વિચારીને અતિ દયાળુ એવા આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં આ જીવાત્માની ચિંતા-દુઃખને દૂર કરવા પોતાના જ ધર્મકુળમાં આચાર્ય પદની સ્થાપના કરીને ત્યાગી ગૃહી સૌના ગુરુ સ્થાને ધર્મવંશી આચાર્ય સ્થાપી આપ્યા છે. તેમનું શરણ લઈને ભગવાન મેળવી લેવા એજ મનુષ્ય જીવનનું કર્તવ્ય છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જુલાઈ - ૨૦૦૭)

૧૫. કેનેડા-અમેરિકાની ધર્મયાત્રા પૂર્ણ કરી સ્વદેશ પધાર્યા.

૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર હરિભક્તોને ગુરુ મંત્ર પ્રાપ્તિ પ્રસંગે પધરામણી.
પ.ભ. ધીરૂભાઈ ભીમજીભાઈ સોરઠીયાને ત્યાં પધરામણી, હીરાવાડી-બાપુનગર.

પ.ભ. મણીલાલ મગનલાલ પટેલ (માણસાવાળા)ને ત્યાં પધરામણી સૈજપુર બોધા.
પ.ભ. કનુભાઈ વલ્લભભાઈ તળાવીયાને ત્યાં પધરામણી નિકોલ રોડ.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા પધરામણી (અનિ.પ.ભ. બ્રિજેશ ઘનશ્યામભાઈ પટેલ (ઉવારસદવાળા)ની પુણ્યતિથિ નિમિત્તે)

૨૪. પ.ભ. રાકેશકુમાર એમ. કાછીયાને ત્યાં પધરામણી મણીનગર.

૨૬-૨૭. સુરજપર (કચ્છ) પધરામણી.

પૂજ્ય લાલજી મહારાજશ્રીની મેઘાણીનગરના બાળકો સાથે ક્રિકેટ મેચ

જેમ સર્વોપરિ બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ સખાઓ સાથે વિવિધ રમતો રમીને અનેક લીલા ચરિત્રો કરતા. જે આપણે સાંભળીને કેવો અહોભાવ થાય છે. તેજ રીતે આપણા પ્રાણ પ્યારા પરમ પૂજ્ય લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજે મેઘાણીનગર ના બાળ મંડળ સાથે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના પ્રાંગણમાં તા. ૧૭-૫-૨૦૦૭ના સવારે ૮ થી ૧૧ ક્રિકેટ મેચનું સુંદર આયોજન કર્યું હતું.

જેમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની ટીમ વિજેતા થઈ હતી. બાળકોને પ.પૂ. લાલજી મહારાજ સાથે ક્રિકેટ મેચ રમવાનો અદ્‌ભુત લ્હાવો મળ્યો તેથી ખૂબજ આનંદિત થયા હતા. દરેક બાળકોને પ.પૂ. લાલજી મહારાજે પ્રેમથી પ્રસાદ જમાડેલ અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ બાળ મંડળના બાળકો પર અતિ પ્રસન્ન થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. ખરેખર આવા પ્રસંગથી બાળકોને ખૂબજ પ્રોત્સાહન મળે છે.

(રણછોડભાઈ દેવાણી)

ઊંઝા (બ્રાહ્મણ શેરી) મંદિરમાં મિકેનિઝમના ભવ્ય હિંડોળા દર્શન

આપણા ઊંઝા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૩-૮-૨૦૦૭ના ઠાકોરજી સમક્ષ મિકેનિઝમના અદ્‌ભુત હિંડોળા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આરતી ઉતારીને સૌના દર્શનાર્થે ખુલ્લા મુકશે. જે તા. ૧૧-૯-૨૦૦૭ પર્યન્ત ચાલુ રહેશે. સૌ હરિભક્તોએ દર્શનનો લાભ લેવો.

(પટેલ જયંતીભાઈ માધવલાલ)

"આનંદની હેલી"

પ્રભુ બંધાતા નથી

- શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસ (મહુદ્રાવાળા)

ઘનશ્યામ અને વેણી બંને પાકા ભાઈબંધો. એકબીજા વિના જરાય ગમે જ નહિ. જ્યાં જુઓ ત્યાં બંને સાથે જ હોય. બંનેની જોડ બરાબર જામી હતી.

હમણાંથી એક બીજાને ત્યાં જવા આવવાનું વધ્યું હતું. મિત્રતાના પરિણામે બંને જણ છુપાઈને પોતાના ઘરોમાં જ ચોરીઓ કરવા માંડ્યા. ચોરી કરવામાં બીજી કોઈ વસ્તુ નહિ, પણ દહીં, દૂધ ખૂબ ભાવતું. તેથી ઘરમાંથી દહીં-દૂધ ગૂમ થઈ જાય. વેણીભાઈની માતા લક્ષ્મીબાઈને થયું કે મારો વેણી તો ડાહ્યો છે. પણ આ ઘનશ્યામ મારા ઘરમાં ચોરી ખાતા હશે. પેલી બાજુ, સુવાસિની ભાભીને પણ એવું જ થયું કે આપણા ઘનશ્યામ તો સીધા સરળ છે. એમનું આ કામ નહિ. પણ વેણીયાનો ભરોંસો નહિ. એ ચોરી છુપીથી દહીં-દૂધ ખાઈ જતો હશે.

બંને પરિવારોને એકબીજાના બાળકો ઉપર વહેમ બંધાયો. પણ હકીકત એવી હતી કે આ બંને મિત્રોને દહીં દૂધ ખૂબ ભાવતાં. બંને સાથે મળીને લાગ મળે તે ઘરમાં પેસી જતાં. ચોરી છુપીથી બધું આરોગી જતા. આવું ક્યાં સુધી ચાલે ! લક્ષ્મીબાઈની સહન શક્તિ ખૂટી પડી. તે બાઈએ એકવાર ચોખ્ખે ચોખ્ખું કહી દીધું કે આ ઘનશ્યામ જ ચોરીઓ કરે છે. મારા ઘરમાં ઘૂસી જાય છે બધું ખાઈ જાય છે. બાકી, મારો વેણીયો તો આવું કરે જ નહિ. એને ચોરી કરતા ફાવે જ નહિ ને.

આ વાત ભાભીથી સહન ન થઈ. અને બોલ્યાં કે જરા મોઢું સંભાળીને બોલજો. મન ફાવે તેવા આરોપ ન મૂકશો. અમારા ઘનશ્યામ તો એવા ડાહ્યા છે કે જમવા આપો તો જમે, નહિ તો ભૂખ્યા જ સૂઈ જાય એવા સરળ છે. આ તમારો વેણીયો જ ચોર છે. ઘરમાં ઘુસીને દહીં-દૂધ ઓહિયાં કરી જાય છે. નથી બોલતા એટલે ખોટો આરોપ મૂકવાનો ?

વાત બરાબર જામી. લક્ષ્મીબાઈ ધુંવાપુંવા થઈ ગયાં. તેમણે ઘનશ્યામને ચોર સાબિત કરવા કાંઈ બાકી ન રાખ્યું. વાત પતાવતાં સુવાસિની ભાભીએ કહ્યું, જુઓ, અમારા ઘનશ્યામ તમારે ત્યાં ચોરી કરવા આવે ત્યારે બાંધી દેજો. થોડા માણસોએ ટાપસી પૂરી કે હાં, વાત બરાબર છે. પાકા પુરાવા વગર બોલવું નકામું છે. માટે લક્ષ્મીબાઈ, એમ જ કરો. "હાં તે મારે ક્યાં કોઈની બીક છે, કાલે હું ઘનશ્યામને બાંધવાની જ છું." બોલીને લક્ષ્મીબાઈ ઘેર ગયાં.

બે ત્રણ દિવસ પસાર થયા. એવામાં ઘનશ્યામને વેણીરામે ફરી પાછા એજ લીલા શરૂ કરી. બંને મિત્રોએ વેણીના ઘરમાં મીઠું, તાજું દહીં ખૂબ આરોગ્યું. પછી જ્યાં ભાગવા જાય છે ત્યાં વેણીની મા ત્રાટકી. હજુ મનમાંથી રીસ ગઈ નહોતી ને તક મળી તે કોણ ચૂકે ! વેણીરામને જવા દીધો અને ઘનશ્યામના બંને હાથ દોરડા વડે બાંધ્યા. હાથ ને મુખ દહીંથી ખરડાયેલું હતું. લક્ષ્મીબાઈએ તો આખું ગામ ભેગું કર્યું. જુઓ, આ ચોર ઘનશ્યામને મેં બાંધ્યા છે ! તમાશાને તેડું ન હોય. જોતજોતામાં મોટું ટોળું ભેગું થઈ ગયું.

મોટાભાઈ ક્યાંક બહાર ગયેલા. એટલે ભક્તિમાતા અને સુવાસિની ભાભી વેણીના ઘેર ગયાં. ત્યાં મોટો કોલાહલ ચાલું હતો. ભાભીએ કહ્યું, ક્યાં છે અમારા ઘનશ્યામ બતાવો ? લક્ષ્મીબાઈએ રૂઆબથી બારણું ખોલ્યું, જોઈ લો આ તમારો લખણવંતો લાલો. હું ક્યારની કેતી'તી તમે માનતા નહોતા. છેવટે રંગે હાથે ઝડપાયો ને ?

ત્યાં ટોળામાં હસાહસ થવા માંડી. લોકોને જાણે મનોરંજન મળ્યું. ગામવાળા અંદરોઅંદર તાળીઓ લેવા માંડ્યા. જોયું ! આ લક્ષ્મીબાઈની બુદ્ધિ ફરી ગઈ લાગે છે. દેખતી નહિ હોય કે આ કોનો છોકરો છે !

ભાભી બોલ્યા, લક્ષ્મીબાઈ ! હાથે કરીને શા માટે ઘરની આબરૂ બગાડો છો ? જરા આંખો ઉઘાડીને જુઓ તો ખરાં કે આ કોણ છે ! આ તમે કોને બાંધ્યો છે ! અમારા ઘનશ્યામ છે કે તમારો વેણીયો છે ? ટોળામાં ઉભેલા માણસોથી હસવું રોકાતું નહોતું. લોકોની ભારે હસાહસ થવા લાગી. લક્ષ્મીબાઈને કાપો તો લોહી ન નીકળે તેવાં શરમિંદા થઈ ગયાં. આવું કેમ થયું હશે ! મેં તો ઘનશ્યામને જ બાંધેલા. આમાં આ વેણીયો ક્યાં બંધાયો ! માણસોના ટોળામાં ઉભેલા ઘનશ્યામ મંદ મંદ હસતા હતા. સૌને આનંદ હતો. છપૈયા વાસીઓને ભારે મજા પડી. પ્રભુની આ કલ્યાણકારી લીલા છે.

વિચારો મન આવો હસી બેસો એકાંતમાં રે

- ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)


હર હર ગોપીનાથ ! મમ કષ્ટમ્ ।હર।।

સુરનરમુનિબર જલધર સુંદર ।
મારમહામદ માર ।મમ.।।
રાજીવલોચન પાપવિમોચન ।
દુર્ગપુરીસુવિહાર ।મમ.।।

શ્રી સહજાનંદ સ્વામી, શ્રીહરિકૃષ્ણ, પૂર્ણ પરબ્રહ્મ પરમાત્મા સાથે પ્રેમ કરવો ભક્તિ - મૌન હૃદયની વાણી છે. પરમાત્મા આપણા મૌન દ્વારા અંતરમાં ઉઠતા સંકલ્પ વિકલ્પો સાંભળે છે. અને ગઢડા પ્ર.પ્ર. વચનામૃતમાં શ્રીહરિ કહે છે, "ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણી છે. જેમ ચિંતામણી કોઈ પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે." આ વાત સમજવા ભગવાનનું માહાત્મ્ય પરિપૂર્ણ જાણવામાં આવે છે ત્યારે સત્સંગી માત્રને સત્સંગનું જેવું છે તેવું સુખ આલોકમાં અને પરલોકમાં પ્રાપ્ત થાય છે. અને "ધર્મકુળને આશ્રિત છે એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે અને જ્યારે દેહને મૂકે છે ત્યારે ભગવાનના ધામમાં જાય છે." આ સત્સંગનું સર્વે વાતનું સુખ પ્રાપ્ત કરવાનો સમય એટલે હેમંત ઋતુ અને તેમાં આધ્યાત્મિક શક્તિ સાથે માનસિક તથા શારીરિક શક્તિ મેળવવા યોગકળા શીખવાનો સમય એટલે ધનુર્માસનો સમય. પણ કળિકાળનો પ્રભાવ સર્વત્ર વ્યાપી ગયો છે. એટલે સત્સંગમાં હોવા છતાં - મૌન રહી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિતની ભક્તિ કરવાનો માર્ગ ચૂકી - "પ્રભાત ફેરી"માં શ્રીહરિના મંત્રોચ્ચારના "સ્વામિનારાયણ, સ્વામિનારાયણ"ના નાદ સંભળાય છે, તો પણ વચ્ચે વચ્ચે સંત, આચાર્ય, હરિભક્ત કે સત્સંગની વાત સાથે મનોકલ્પિત ટીકા કરવાનો મોકો મળે છે, ત્યાં અવાજ સંભળાય છે. "સત્સંગ બગડી ગયો છે." પણ હું બગડી ગયો છું એ વાત સમજાતી નથી. તેનું કારણ આપણે સૌ શ્રીહરિની પ્રથમ વચનામૃતની વાત ગ્રહણ કરી શક્યા નથી - એટલે "ભગવાનનું માહાત્મ્ય સંપૂર્ણ જાણ્યામાં આવ્યું નથી. અને જે સાધુ સંગે કરીને ભગવાનનું માહાત્મ્ય સંપૂર્ણ જાણ્યામાં આવે છે તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે સ્વભાવને મૂકી શકતો નથી અને તે વાતના કરનાર સાધુનો અવગુણ લે છે, તે પાપે કરીને સત્સંગમાંથી પડી જાય છે." માટે સત્સંગમાં આવ્યા છીએ તો શાંતિ પમાડે, અવિદ્યા ભગાડે તે સંત, કામ, ક્રોધ, માન, લોભ, મોહ, સ્વાદ એ ષટ્‌રિપુઓથી મુક્ત કરે તે મુક્તાત્મા, તે સંત અને તેનો સંગ એટલે સત્સંગ. જે અનેક જન્મોના શુભ સંસ્કારોનો ઉદય થાય ત્યારે કુસંગમાં કે અવિદ્યામાં, વહેમ અને અજ્ઞાનતામાં અથડાતા જીવોને પ્રાપ્ત થાય છે ત્યારે "अनेक जन्म संसिध्धस्ततो याति परं गतिम् ।" કહેતા જીવાત્મા સત્સંગના બળથી શ્રીહરિના ઐશ્વર્યને પામે છે. અને શુદ્ધ, ઉચ્ચ, સત્યદર્શી, સદાચારી અને ધર્મકુળ આશ્રિત બને છે, પણ અનેક જન્મોના પુણ્યનો ઉદય થાય ત્યારે શ્રીહરિ સહજાનંદ સ્વામી એવા ભગવાન અને તેમના ધર્મકુળનો આશ્રય તથા સંત સમાગમ પ્રાપ્ત થાય છે, પણ આવો સત્સંગ મળવો સહેલો નથી, તે માટે તો સાધુ સંતો પ્રત્યે, સત્પુરુષો પ્રત્યે, ભક્તો પ્રત્યે અહમ્‌ને ગાળીને, માન, મોભો, પ્રતિષ્ઠા મૂકી નાના મોટા પ્રત્યેક જીવો પ્રત્યે આદરભાવ કેળવવો આવશ્યક છે. તો શ્રીહરિના સત્સંગમાં સ.ગુ. મુક્તાનંદ સ્વામીની જેમ સાચા સદ્‌ગુરુને ઓળખીને શુદ્ધ ધર્મકુળને ઓળખીને મુમુક્ષુઓએ સાચા સંતનો સંગ કરવો આવશ્યક છે, સ્ત્રી, ધન અને રસાસ્વાદમાં સારી રીતે આસક્ત અને તેને માટે જગતના મનુષ્યોને ઠગનારા એવા બહારથી ત્યાગીઓનો વેષ ધારેલા કળિયુગમાં આજના યુગના પ્રભાવમાં ભગવાનના નામે સાધુ નામ ધરાવતા ઘણા હોય છે, માટે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે -

બહુ મૌંઘા છે ઘનશ્યામ;
ના'વે નજરે તમને કોઈને રે;
અક્ષરવાસી આઠો જામ;
જેને રહ્યા છે અખંડ જોઈને રે;
અતિ થઈ દીન આધિન;
નિત્ય નમાવે છે શીશને રે;
લગની લગાડી રહે લીન;
જોઈ રહ્યા છે જગદીશને રે;
એવા મુક્તને મળવા કાજ;
મોટા ઈચ્છે છે મનમાં રે;
શિવ, બ્રહ્મા, ને સુરરાજ;
તે તો તલસે છે તનમાં રે;
એવા દેવતાનાં દર્શન;
થાતાં નથી થોડી વારમાં રે;
નિષ્કુળાનંદ વિચારો મન;
આવો હસી બેસો એકાંતમાં રે;

માંડવીનો ખૈયો ખત્રી પ્રભુના શરણે



- ડૉ. એચ. વી. કેરાઇ (અંજાર-કચ્છ)

(ઈશ્વર સાકાર છે. નિરાકાર નથી)

પોતાની વાતને આતુરતા પૂર્વક સાંભળવા ઈચ્છતા પોતાના પચાસ સંતોને પ્રભુએ માંડવી ગામના પ્રખ્યાત માલેતુજાર અને વિદ્વાન ખૈયા ખત્રીની વાત કરી. સૌ શાંત ચિત્તે સાંભળી રહ્યા.

ખૈયો ખત્રી માંડવીનો મોટો વેપારી. ખૈયા ખત્રીનું મૂળ નામ ખીમજીઘેલા-ન્યાતે બ્રહ્મક્ષત્રિય, ધંધો સાડીઓનું છાપકામ-મોટું કારખાનું. સેંકડો માણસો કામ કરે, મોટી જાહોજલાલી, લાખાસર ચોકમાં એમનું મોટું મકાન... એના અનેક વહાણો ચાલે. શહેરમાં પણ એની ચાર ચાર દુકાનો, મુન્દ્રા શહેરમાં પણ મોટી પેઢી. એ એનો એક પંથ ચલાવતો. જેમાં નિરાકાર ઈશ્વરની સાધના કરાવતો. એના ગુરુએ એને નિરાકાર બ્રહ્મનું જ્ઞાન આપ્યું હતું. બાકી તો એનામાં વ્યવહારિક, સામાજીક અને ધાર્મિક જ્ઞાનનો ભંડાર છલકાય. એ પોતાનો આશ્રમ ચલાવતો. જ્યાં એના એક હજાર શિષ્યો પોતાના રોજિંદા કામ-કાજ માંથી પરવારીને અવનવા જ્ઞાનની વાતો સાંભળે.

એના ગુરુએ એને ૧૦૮ પ્રશ્નો લખીને આપ્યા હતા. જે એણે સાચવીને રાખ્યા હતા. એમણે પોતાની અંતિમ વેળાએ ખૈયાને પાસે બોલાવીને કહ્યું હતું કે "ઈશ્વર તો બ્રહ્મ છે. સાકાર નથી. એ એનું માનવું છે. કારણ કે એના ગુરુએ એને એવું જ્ઞાન આપ્યું છે. પણ હું તને એ મારી માન્યતા અંધશ્રધ્ધાની માફક ઠોકાડી બેસતો નથી. મારા ૧૦૮ પ્રશ્નોના જે કોઈ મહાપુરૂષ એક સામટા જવાબો આપી શકશે એ સાચા અર્થમાં ઈશ્વરનો અવતાર હશે. તો તારે મારા આપેલા નિરાકાર ઈશ્વરના જ્ઞાનનો ત્યાગ કરી દેવો અને સમજવું કે આપણું આજ સુધીનું નિરાકાર ઈશ્વરનું જ્ઞાન ખોટું છે અને આ જવાબ આપનાર સાકાર ભગવાનનું શરણું લઈને ભવ સુધારી લેવો. ખુદ ઈશ્વર સિવાય મારા આ ૧૦૮ પ્રશ્નોના યોગ્ય જવાબ આપવા માટે કોઈ પણ શક્તિમાન નથી એ ચોક્કસ છે. આ મારી આખરી શિખામણ છે."

ગુરુના દેહવિલય બાદ ખૈયા ખત્રીએ ગુરુએ આપેલા ૧૦૮ અટપટા પ્રશ્નો ક્રમ પ્રમાણે ગોખી રાખ્યા હતા. અને એની નોંધ સાથેનો કાગળ પણ સાચવીને રાખ્યો હતો. અત્રે કચ્છ પ્રદેશમાં પધારેલા સ્વામિનારાયણ ભગવાન વિષે ખૈયા ખત્રીએ ઘણું સાંભળ્યું હતું ભલભલાને વ્યસન છોડાવતા, ચોર-લુંટારાઓને ધંધો છોડાવીને સત્સંગી બનાવતા, સમાજમાં શુદ્ધ આચાર-વિચારનું સ્થાપન કરતા અને સમાધિમાં તમામ દેવોનાં દર્શન કરાવતા અને સંપ્રદાયમાં ભગવાન તરીકે પૂજાતા સ્વામિનારાયણ ભગવાનને એને મળવાની તીવ્ર ઈચ્છા હતી. સ્વામિનારાયણ ભગવાન પોતાના પચાસ સંતો સાથે અત્યારે માંડવીના દરિયા કિનારે પધારેલા સાંભળીને એ પોતાના તમામ એક હજાર શિષ્યોને ભેગા કરી સ્વામિનારાયણ ભગવાનને મળીને ૧૦૮ પ્રશ્નો પૂછીને કસોટીએ

ઊતારવા માટે વાજતે ગાજતે દરિયા કિનારે જવા રવાના થયો. પ્રભુને એના આગમનના સમાચાર મળી ચુક્યા હતા.

પ્રભુએ બ્રહ્માનંદ સ્વામીને પોતાના ઊંચા આસન પર બેસવાની આજ્ઞા કરી અને પોતે નીચે જઈને અન્ય સંતો સાથે બેસવાની તૈયારી બતાવી. બ્રહ્માનંદ સ્વામીએ શરૂઆતમાં આનાકાની કરી પણ પ્રભુની આજ્ઞા થતા અને જો એ આજ્ઞાનું લોપન કરશે તો લાડુના બદલે પાણા ખાવા પડશે એવી ધમકીથી એ છાનામાના પ્રભુના રેતીના આસન પર બેસી ગયા.

ખૈયોખત્રી એ ખુંખાર માણસ હતો અને અત્યારે એની સાથે સો જેટલા હથિયારબંધ માણસો હતા. એ વિફરે તો શું નું શું કરી નાખે એવી પ્રભુએ ચીમકી આપી.

ખૈયોખત્રી એના લખાયેલા અને ગોખાયેલા ૧૦૮ પ્રશ્નો લઈને આવશે અને ઢગલા પર ઊંચા આસને બેઠેલા બ્રહ્માનંદસ્વામીને સ્વામિનારાયણ ભગવાન માનીને એ પ્રશ્ન પૂછશે ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ એને પ્રશ્નોના જવાબ આપવાની જરૂર નથી પણ એટલું જ કહેવાનું છે કે "ખૈયા ખત્રી, અમો તો સાંભળ્યું હતું કે આપશ્રી ખૂબ જ્ઞાની છો પણ આ તમારા પ્રશ્નો વાંચીને અમને કંઈ બીજો વિચાર આવે છે આ તમારા તમામ પ્રશ્નોના જવાબ તો સામે બેઠેલા અમારા નાનામાં નાના સાધુ પણ કહી બતાવશે." એમ કહીને સામે બેઠેલા પ્રભુ પ્રતિ આંગળી ચીંધવી અને પછીનું કામ પ્રભુ સાંભળી લેશે.

ખૈયો ખત્રી એના લાવ લશ્કર સાથે ખૂબ જ વટભેર દરિયા કિનારે બેઠેલા સંતો પાસે આવ્યો. એ સૌથી ઊપર બેઠેલા સ્વામીને સ્વામિનારાયણ ભગવાન સમજીને બ્રહ્માનંદ સ્વામીને વંદન કર્યા. સ્વામીએ ખૈયાનું માનભેર સ્વાગત કર્યું. અને નીચે બેસવાનો સંકેત કર્યો ત્યારે ખૈયાએ સીધા પોતાના ૧૦૮ પ્રશ્નોના જવાબ આપવાની વાત કરી પછી બીજી વાત. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ એના લખાવેલા પ્રશ્નોનો કાગળ હાથમાં લીધો. વાંચવાનો ડોળ કર્યો અને પોતે આવા સાદા પ્રશ્નોના જવાબ નહિ આપે પણ સામે બેઠેલા એના નાના સાધુ એના બરાબર જવાબ આપશે એ પ્રમાણે એમણે દૂર બેઠેલા પ્રભુ તરફ આંગળી ચીંધી. અને ખૈયાએ આગળ-પાછળનો વિચાર કર્યા વગર પ્રભુને પ્રશ્ન પૂછવાની શરૂઆત કરી. તો પ્રભુએ એને તમામ ૧૦૮ પ્રશ્નો એક સામટા પૂછવાની વાત કરી અને પોતે એના ક્રમવાર જવાબ આપશે એવી ખાત્રી આપી.

અને ખૈયા ખત્રીએ પોતાના ગુરુએ આપેલા ૧૦૮ પ્રશ્નો ગોખી રાખેલા. તે એક સામટા બોલી ગયો અને એની નવાઈ વચ્ચે અને એના એક હજાર શિષ્યોના આશ્ચર્ય વચ્ચે પ્રભુએ એને એના તમામ પ્રશ્નોના જવાબ ક્રમ અનુસાર આપ્યા. જે એના ગુરુના કહેવા પ્રમાણે જ હતા.

બ્રહ્માનંદ સ્વામીને બહુ આનંદ થયો કે પ્રભુએ પ્રશ્નોના જવાબ આપ્યા. એના માટે ઠીક પણ અહીં બેઠેલા પચાસ સંતો ભેગા થઈને જવાબ આપવાની કોશિષ કરે તો પણ આપી શકાય એમ નહોતું. ખૈયાનો ગુરુ ખરેખર કોઈ મહાન વિદ્વાન હતો. અને બહુ જ ઊંડું જ્ઞાન ધરાવતો વિદ્વાન જ એવા પ્રશ્નો તૈયાર કરી શકે. અને એ પ્રશ્નોના જવાબ પણ ભગવાન સિવાય કોઈ ન આપી શકે. પ્રભુની સાચી પરખ કરવાનો કેવો અદ્‌ભુત ઉપાય ! બ્રહ્માનંદ સ્વામી તો ખૈયા ખત્રીના ગુરુના જ્ઞાન પર વારી ગયા. મનોમન એને વંદન પણ કર્યા. અને એવા ગુરુનો આ ચેલો ખૈયો પણ જેવો તેવો માણસ તો ન હોઈ શકે ? ખરેખર પ્રભુને શરણે આવે તો સંપ્રદાય માટે એ કામનો માણસ છે. એવું સમજતાં સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને વાર ન લાગી.

ખૈયો ખત્રી આગળ-પાછળનો વિચાર કર્યા વગર અને પોતાના ગુરુના શબ્દો પર પુરતી શ્રધ્ધાના સહારે એ દૂર બેઠેલા અને ઉંમરમાં સૌથી નાના લાગતા અને એના ૧૦૮ અટપટા પ્રશ્નોના સહેલાઈથી ઝટપટ જવાબ આપનાર સ્વામી જ સ્વામિનારાયણ ભગવાન છે એવો નિશ્ચય કરીને એ પ્રભુના પગમાં પડ્યો અને શરણાગતિ સ્વીકારી. એને ત્યાં હાજર રહેલા એના હજાર શિષ્યોને હાકલ કરી અને સ્વામિનારાયણ એ જ સાચા ભગવાન છે એવો પોતાનો અભિપ્રાય આપીને પ્રભુની શરણાગત સ્વીકારવાની હાકલ કરી. એમાંથી અડધા શિષ્યો જેમને સાકાર ભગવાનમાં વિશ્વાસ નહોતો તેઓ ધીરે-ધીરે રહીને સરકી ગયા અને બાકીના અડધા પોતાના ગુરુની પાછળ સ્વામિનારાયણ ભગવાનને શરણે આવ્યા અને સત્સંગીને છાજે એ રીતે પ્રભુને દંડવત કર્યા.

ત્યારે પ્રભુએ દંડવત કરતા ખૈયાને ઊભો કરીને બાથમાં ઘાલીને ભેટ્યા અને પીઠ થાબડીને એને શાબાશી આપી. ખૈયા ખત્રી સાથે બાકી રહેલા પાંચસો શિષ્યોમાંથી હજુયે કેટલાકને સ્વામિનારાયણ ભગવાન ઈશ્વર હોવાનો સંશય હતો. એમણે માંહો માંહી ગુપસુપ કરી અને પોતે ખૂબ તરસ્યા હોવાનો ડોળ કરીને તત્કાલ પાણી પાવાની પ્રભુને

વિનંતી કરી. એમને ખાત્રી હતી કે સો-બસો જેટલાને એક સામટું પાણી પાવા જેટલો જથ્થો સ્વામિનારાયણના સાધુઓ પાસે તો નહોતો જ. અરે, હશે તો માંડ દશથી વીસ જેટલા જેટલું પાણી માંડ હશે ! અને આમેય સ્વામિનારાયણના સાધુઓ ક્યાં કદી પાણીનો જથ્થો સાથે લઈને ફરતાં સાંભળ્યા છે. એમને તો ભૂખ તરસ વગર દિવસો કાઢવાની ટેવ છે. અને અહીં આ ખારા સમુદ્રની આજુ-બાજુના વિસ્તાર નજીકમાં ક્યાંયે પીવાનું પાણી મળવું મુશ્કેલ છે. જેથી હમણાં જ સ્વામિનારાયણ ભગવાનની કસોટી થઈ જશે ! જો પીવાનું પાણી પોતાના સાધુઓને મોકલાવીને શહેરમાંથી મંગાવશે તો એ સાચા ઈશ્વર નહિં ! હમણાં જ ખબર પડશે ! ગુરુ ભલે લલચાયા આપણે થોડી વાટ જોઈએ. અને સ્વામિનારાયણ ભગવાન જો ખરેખર આપણને સૌને મીઠું પાણી પાવામાં સફળ થશે તો આપણે પણ એમના શરણે જઈને એમના અનુયાયી થવામાં શો વાંધો છે. આપણને તો સાચા પ્રત્યક્ષ ભગવાન મળ્યાનો લ્હાવો મલશે.

સ્વામિનારાયણ ભગવાન તો આ શિષ્યના મનના વિચારો જાણી ગયા. અંતર્યામીથી શું અજાણ્યું હોય ! "તનકી જાને, મનકી જાને, જાને ચિત્ત કી ચોરી." અને પ્રભુએ પોતાના બે સંતોને ભીની જગ્યામાં હાથેથી પાણીનો વીરડો ખોદવાની આજ્ઞા કરી. અને થોડી જ વારમાં વીરડો તૈયાર થયો ત્યારે પ્રભુની લીલા જાણી ગયેલા બ્રહ્માનંદ સ્વામીએ આગળ આવીને ખૈયાને અને એના 'તરસ્યા' બનેલા શિષ્યોને પાણી પીવા માટે એની પાછળ આવવા કહ્યું. બ્રહ્માનંદજીએ પહેલું જ પોતાના કમંડળમાં પાણી ભર્યું અને પ્રભુને પ્રસાદી માટે આપ્યું. પ્રભુએ ગળાયેલા પાણી પીને એના વખાણ કર્યા ત્યારે કદાચ બ્રહ્માનંદ સ્વામી અને સ્વામિનારાયણ ભગવાન એની મશ્કરી કરતા હશે એવું લાગતાં ખૈયાનાં શિષ્યો હસ્યા. કારણ કે ખારા સમુદ્રને કિનારે ભીની રેતીમાં મીઠું પાણી કાઢવું એ મરેલા માણસને જીવતો કર્યા કરતાંય રાખમાંથી માણસને સજીવન કરવા જેવી અશક્ય વાત છે. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પ્રભુએ પ્રસાદીનું કરેલું પાણી પોતાના સંતોને આપ્યું. સૌએ પાણી અતિ મીઠું હોવાનો અભિપ્રાય આપ્યો.

બ્રહ્માનંદ સ્વામી બીજું કમંડળ ભરી આવ્યા અને પ્રભુથી પ્રભાવિત થયેલા ખત્રીને પીવા માટે આગ્રહ કર્યો. ખૈયા ખત્રીએ પાણી પીધું અને સંતોષમય તૃપ્તિનો ઓડકાર ખાધો. ત્યારે એના ચાર-પાંચ શિષ્ય આગળ આવ્યા અને ચાખવા માટે થોડું પાણી પીધું તો એમના ચહેરા પર રોનક છવાઈ ગઈ. ખરેખર સાકર જેવું મીઠું પાણી ! ફરી પીધું અને એમને જોઈને બાકીના બધાઓએ ધરાઈને પીંધુ અને કોઈપણ જાતનો વાર્તાલાપ કર્યા વગર સૌ જઈને વારાફરતી પ્રભુને પગે પડ્યા અને પ્રત્યક્ષ ઈશ્વરનાં દર્શન થયાનો આનંદ અનુભવ્યો. પ્રભુએ સૌને રૂડા આશીર્વાદ આપ્યા.

અને ખૈયા ખત્રીના ચહેરા પર એક અનેરી આનંદની લહેર દોડી રહી ! પ્રભુ પામ્યાનો એને પૂર્ણ સંતોષ હતો. ગુરુ વાણી સાચી પડવાનો એને ગર્વ હતો અને સાકારમય ઈશ્વરની પ્રાપ્તિનો એને બેવડો હર્ષ હતો.

ખારા દરિયા કિનારે મીઠું પાણી ! અને એમને પ્રભુ પરની શ્રદ્ધા એકદમ દૃઢ બની. એ પોતાની જાતને પ્રભુ મળ્યા બદલ ખૂબ જ ભાગ્યશાળી માનવા લાગ્યો. અને આગળ જતાં એ વીરડા પર નાનું એવું બાંધકામ કરીને ત્યાં દરિયા-સ્નાન કરવા આવતા શ્રધ્ધાળુઓ અને હરિભક્તોને મીઠાં પાણીની સગવડ મળી રહે અને પાણીનો વ્યર્થ બગાડ ન થાય માટે ત્યાં એક ચોકીદાર પણ રાખ્યો.

અને પ્રભુની અવનવી લીલાનો સચોટ દ્રષ્ટાંત આપતો એ વીરડો આજે પણ હૈયાત છે. અને હજારો સત્સંગીઓ એ પાણી પીને પોતાના ધનભાગ્ય માને છે અને માંડવીના ખૈયા ખત્રીને યાદ કરે છે.

અને પ્રભુ માંડવીમાં એક મહિનો ખૈયા ખત્રીના આશ્રમમાં મહેમાન તરીકે પોતાના સંતો સાથે રહ્યા. રોજ તરેહ તરેહનાં પકવાનો પ્રભુને અને સંતોને માનપૂર્વક પીરસવામાં આવતાં. પ્રભુએ સંતોને આપેલું પોતાનું વચન પાળ્યું અને સંતો બહુ રાજી થયા. ખૈયો સ્વામિનારાયણ ભગવાન અને દેવ તુલ્ય સંતોને જમાડીને બહુ રાજી થયો. પોતાને જાણે નવજીવન સાંપડ્યું હોય અને એના માટે મોક્ષના તમામ માર્ગો ખુલ્લી ગયેલા જણાયાં.

સ્વામિનારાયણ ભગવાન રોજ ખૈયા ખત્રીના અખાડામાં સાંજના સભા ભરે. અવનવા બોધપાઠની વાતો કરે. ખૈયાના શિષ્યો ઉપરાંત અનેક અન્ય મુમુક્ષુજનો સભામાં આવે. પ્રભુની વાતો સાંભળીને તૃપ્ત થયા. ઘણી વખત ખારવાઓ પણ મોટી સંખ્યામાં પ્રભુનાં દર્શને આવે. પ્રભુ એમને પ્રસાદ સાથે આશીર્વાદ આપે. એમાના અમુક ખારવાઓએ તો પ્રભુનાં હાથે કંઠી પણ બાંધી અને મધદરિયે રક્ષા કરવા માટે શ્રીજી મહારાજના આશીર્વાદ પણ માગ્યા.

ભગવાનમાં પ્રીતિ એવી છે જેને અન્યમાં પ્રીતિ નથી

- જયંતીભાઈ કે. સોની (મેમનગર-અમદાવાદ)

જગતના પદાર્થ માત્ર દુઃખ રૂપ છે, નાશવંત છે અને જેને નાશવંત દેખે છે તો પણ આ જીવને જગતનું પ્રધાનપણું હૃદયમાંથી મટતું નથી. પરમેશ્વરને સર્વે પ્રકારે સુખનાં સિંધુ જાણે છે તો પણ પરમેશ્વરમાં જીવનું ચિત્ત ચોટતું નથી અને ધન-સ્ત્રી આદિક જે સંસારિક પદાર્થ તેમાંથી પ્રીતિ મટતી નથી.

એટલા માટે મહારાજે ગઢડા મધ્યનાં ૩૮ ના વચનામૃતમાં જણાવ્યું છે કે "સંસારી જીવ છે તેને તો કોઈક ધન દેનારો કે દીકરો દેનારો મળે તો ત્યાં પ્રતીતિ આવે." "પરંતુ ભગવાનનાં ખરા ભક્તને આમાં ક્યાંય પ્રતીતિ આવે નહિ અને જો આમાં પ્રતીતિ કરે તો તે સત્સંગી હોય તો પણ અર્ધો વિમુખ જાણવો." લોભીનો ધનમાં પ્રવેશ થાય છે, પણ ભગવાનમાં ક્યારેય પ્રવેશ થતો નથી.

ગઢડા અંત્યના ૩૩ ના વચનામૃતમાં કહ્યું છે કે :-

"ધન-દોલત-સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહિ એ વાતો સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહિ."

મંદિરમાં આવીને પણ આપણને ધનની કે ધંધાની વાતો કરવાનું મન થાય તો આપણે નક્કી કરવાનું કે આપણે ગણતરીનાં ખરા ભક્તમાં છીએ કે પછી ઝાઝા ભક્તો જે માયામાં બંધાઈને ભગવાનને ગૌણ કરે છે તેમાં છીએ.

હરિકૃષ્ણ ચરિત્રામૃત સાગરમાં ભગવાને સ્વયં જણાવ્યું છે કે લોજમાં ધનમાં આસક્ત વેરાગીને સાપ થવું પડ્યું હતું.

"પછી બોલીયા એમ દયાળ, તમે સાંભળો સર્વ મરાળ,

જો ધનમાંહિ કેવા પાપ, મ્હોરા



(રૂપિયા) સારૂં થવું પડ્યું સાપ."


ભગવાનને તો ભક્તોનું કલ્યાણ કરવું જ છે પણ જીવ જાણપણું હોવા છતાં ધન સ્ત્રી, સંસાર, વ્યવહારમાં બંધાવાનું જ પસંદ કરી જન્મ-મરણ રૂપી દુઃખ વ્હોરી લે છે. કરોડ જન્મ ધરો પરંતુ નિર્વાસનિક થવાશે ત્યારે જ મહારાજની સેવામાં રહેવાશે.

એક વખત ભગવાનને અને લક્ષ્મીજીને સંવાદ થયો જે જગતમાં તમારા ભક્ત ઘણા છે કે મારા ભક્ત ઘણા છે ? ત્યારે ભગવાનને કહ્યું કે મારા ભક્ત ઝાઝા છે. લક્ષ્મીજી કહે તમારા નહિ પણ મારા ભક્ત ઝાઝા છે. ભગવાન કહે તે બાબતની પરીક્ષા કરીએ કે કોના ભક્ત બહું છે. લક્ષ્મીજી ભગવાનને કહે તમો તમારી જમાવટ કરો પછી હું મારૂં પરાક્રમ બતાવું. ભગવાન કહે બહુ સારૂં. એમ કહીને ભગવાન વિદ્વાન બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને એક નગરમાં ગયા ત્યાં લક્ષાધિપતિ શેઠીયાઓને ભેગા કર્યા અને શેઠીયાઓને કહ્યું જે હું કાશીથી તાજી વિદ્યા ભણીને આવ્યો છું મારે તમને ભગવાન સંબંધી જ્ઞાન આપવું છે. જેણે કરીને તમારો મોક્ષ થાય ને મારી વિદ્યાની સફળતા થાય. માટે તમારી પાસેથી કાંઈ જોઈતું નથી. પરંતુ તમારો મનુષ્ય જન્મ સફળ કરવો છે, આમ કહીને અમૃતમય વાણીથી બધા શાહુકારોને રંજન કરી દીધા ! બધા શેઠીયાઓએ વિચાર કર્યો કે આ મહારાજ પરોપકાર સંબંધી કાર્ય કરવા આવ્યા છે તો તે લાભ આપણે લઈ લેવો. એમ નક્કી કરી મહારાજને કહ્યું કે કાલથી કથાનો પ્રારંભ કરો, ત્યારે મહારાજે કહ્યું જે કથાનો આરંભ કરૂં પરંતુ મારી કથામાંથી કોઈએ વચ્ચે ઉઠાય નહિ, શેઠીયા કહે મહારાજ તમારી અમૃતમય વાણી સાંભળીને કથામાંથી કોણ ઉઠે. કોઈપણ ઉઠશું નહિ. બ્રાહ્મણે કહ્યું જે આપણે પહેલો ઠરાવ કરો જે મંગલાચરણથી આરંભીને શ્રીપતિ થાય ત્યાં સુધી કોઈએ ઉઠવું નહિ. આવી રીતે મહારાજનાં કહેવા પ્રમાણે લખીને બધા શેઠીયાઓએ સહિઓ કરી અને કાગળ લઈને મહારાજે પોતાની પાસે રાખ્યો. કથાનો આરંભ કર્યો અને સર્વેના અંતઃકરણ પોતાને વિશે ખેંચી લીધા અને કથાની એવી જમાવટ કરી જે આરંભ કરતા પહેલા જ સભા અકડાઠઠ ભરાઈ ગઈ ! ગામમાં બાઈ-ભાઈ કોઈપણ ઘેર ન રહેતા સભામાં આવીને હાજર થઈ ગયા. આવી જમાવટ જોઈને લક્ષ્મીજીએ વિચાર કર્યો કે ભગવાને બરાબર પોતાને વિષે પોતાના ભક્તને ખેંચી લીધા છે તો હવે હું જાઉં ને મારા ભક્ત ભગવાનને બતાવું. એમ વિચાર કરીને વૃધ્ધ ડોશીનું સ્વરૂપ ધારણ કરીને નગરશેઠને ઘેર ગયાં. શેઠ વગેરે તો જમીને કથામાં જતા રહ્યા. હતા અને શેઠાણી પરવારીને કથામાં જવાની તૈયારી કરતા હતા તેવામાં ઘરડી ડોશીએ આવીને યાચનાં કરી જે હું ભૂખી છું માટે મને કાંઈ ખાવાનું હોય તો આપો, ત્યારે શેઠાણી કહે

તું અત્યારે ક્યાં આવી ? અમારે કથાનો વખત જાય છે ત્યારે ડોશીએ કહ્યું જે કથામાં એમ આવતું હશે જે અન્નાર્થીને અન્ન આપવાનું બહુ પુણ્ય થાય છે અને ગરીબનું હિત કરવું તેમ પણ આવતું હશે, ત્યાં શેઠાણીએ કહ્યું જે લ્યો જલ્દી એમ કહીને પોતાના વાસણમાં અન્ન આપ્યું ત્યારે તે ડોશીએ પોતાની ઝોળીમાંથી સોનાની થાળી કાઢી તેમજ વાટકો, લોટો પાણી પીવાનું પવાલું બધું સોનાનું કાઢ્યું ને તેમાં ખાવાનું તથા પાણી વિગેરે લીધું. આ જોઈને શેઠાણીની આંખો ચમકી ! એટલામાં બે કોળીયા ખાધા ન ખાધા ને હાથ ધોઈ પાણી પીને વાસણ તેમને તેમ રહેવા દઈને ચાલતી થઈ. શેઠાણી કહે ડોશીમાં આ તમારા વાસણ લેતા જાઓ. ત્યારે લક્ષ્મીજી કહે હું એકવાર જે વાસણમાં જમું છું તેમાં બીજીવાર જમતી નથી. તમારે કામના હોય તો તે વાસણ તમો લઈ લ્યો. તે જોઈને શેઠાણી તો ખુશ ખુશ થઈ ગઈને કહ્યું જે ડોશીમાં તમને ટાઢું ખાવાનું ફાવ્યું નહિ હોય માટે ઘડીક બેસો તો ઉનું કરીને દઈએ. એમ કહીને પાટ ઉપર બેસાડ્યા. ત્યાં તો પાટ સોનાની થઈ ગઈ ! શેઠાણી તો આ બધું જોઈને આશ્ચર્ય પામીને શેઠને બોલાવવા માટે નોકરને મોકલ્યો. નોકરે શેઠને કહ્યું જે તમને શેઠાણી બોલાવે છે. શેઠ કહે કથામાં ગડબડ કરીશ નહીં. જા પછી આવશું. માટે શેઠાણી પાસે જઈને નોકરે કહ્યું જે, શેઠ ના કહે છે. ત્યારે શેઠાણીએ કહ્યું જે તું શેઠને કાનમાં જઈને કહે એક ડોશીમાં આવ્યાં છે તે જ્યાં હાથ અડાડે છે તે સોનાનું થઈ જાય છે. પાટ ઉપર બેસાર્યા તે આપણી પાટ સોનાની થઈ ગઈ ને બીજાને ઘેર જશે તો તે આપણા કરતા વધારે ધનાઢ્ય થઈ જશે એમ કહેજે. નોકરે ઉપર મુજબ શેઠને જઈને કહ્યું, ત્યારે શેઠ ચંચળ થયા તે જોઈને પંડિતજી એ કહ્યું જે શેઠ કેમ ઉભા થયા, ત્યારે શેઠ કહે મહારાજ જરા કામ છે, મહારાજ કહે આપણો શો ઠરાવ છે ? ત્યારે શેઠ કહે ઠરાવ છે પરંતુ વ્યવહાર સંબંધી કામમાં તમે સમજો છો ? ઠરાવ તો રહે ને કામ તો કરવું પડે. એમ કહીને શેઠ તો ઘેર ગયા અને શેઠાણીએ સોનાની થાળી, વાટકો, લોટો, પવાલું બધું સોનાનું બતાવ્યું ને શેઠ પાટ ઉપર ડોશીમાં બેઠા છે તે પાટ સોનાની જોઈને ડોશીમાને પગે લાગીને કહ્યું જે તમો મારા ઘેર રહો, તમો જેમ કહેશો તેમ કરીશું, ત્યારે ડોશીમાં કહે જે હું તો મને જ્યાં ઠીક પડે ત્યાંજ રહું છું. આમ કહેવાથી શેઠે કહ્યું જે ડોશીમાં તમો રાજી થશો તેમ કરીશું. તેવામાં તો આડોશી-પાડોશી આ બધું જોઈને ડોશીમાને આમંત્રણ આપવા માંડ્યા, પરંતુ નગર શેઠ તો રસોઈયા બોલાવીને રસોઈ પકવાન, ભાતભાતના શાક,મઠા ચટણી વિગેરે કરીને અન્નકોટ પુરે એવો થાળ ડોશીમાની આગળ પૂર્યો. ડોશીમાં જે વાસણને હાથ અડાડે તે સોનાનું થઈ જાય. ગામમાં વાત ચાલી જે એક ડોશીમાં આવ્યા છે તે જ્યાં હાથ અડાડે છે તે વસ્તુ સોનાની થઈ જાય છે. આ વાત સાંભળીને સભામાં પણ ખળભળાટ થયો અને ધીરે ધીરે લોકો સભામાંથી ઉઠવા મંડ્યા ને ડોશીમા પાસે જઈને કહેવા માંડ્યા જે માતાજી અમારે ઘેર ચાલો, ત્યારે બીજો કહે માતાજી મારે ઘેર ચાલો અને અમારા ગામમાં આનંદથી રહો. ત્યારે માતાજી કહે જે હું આ ગામમાં નહીં રહું. કારણ કે ઓલ્યો કથા કરે છે તે પંડિત મારી નિંદા કરે છે માટે એને આ ગામમાંથી રજા આપો તો હું રહું. ત્યારે સૌ કહે જે માતાજી તમે રહેતા હોય તો તેમને હમણાં જ રજા આપીએ. ત્યારે માતાજી બોલ્યા જે એમ કરતા હોય તો રહું. ત્યારે બધા તૈયાર થઈને સભામાં ગયા અને મહારાજને કહે કે પોથી બાંધો. ત્યારે મહારાજ કહે હજી કથાનો ટાઈમ પૂરો થયો નથી. ત્યારે લોકો કહે કે પૂરો થઈ ગયો માટે જલ્દી પોથી બાંધો. એમ કહીને પોથી બંધાવીને કહ્યું જે તમો અમારા માતાજીની નિંદા કરો છો. ત્યારે પંડિતજી કહે કે હું તમારા માતાજીની નિંદા ક્યારે કરું છું. હું તો કથા કરૂં છું. ત્યારે કહ્યું જે માતાજી ખોટું બોલતા હશે. માટે તમે નિંદા કરોજ છો. એમ કહીને પંડિતજીને જવા માટે તૈયાર કર્યા. ત્યારે માતાજી કહે કે એક કુંભારનું ગધેડું લાવોને ડુંગળીને વંતાકની માળા બનાવો ને મહારાજને પહેરાવીને અવળે ગધેડે બેસાડીને વળાવો તો હું તમારે ત્યાં રહું. ત્યારે જવાનીયા તૈયાર થઈ ગયાને મહારાજને કહ્યું જે આના ઉપર બેસો. એમ કહી પકડીને મહારાજને બેસાડવા જાય છે ત્યાં તો ભગવાને રૂપ બદલી નાંખ્યું ! પોતાનું રૂપ હતું તે માતાજીનું બનાવી દીધું ને ડોશીને મહારાજનું અને પોતે અદ્રશ્ય થઈ ગયા ! ને જવાનીયા હાથ ઝાલીને મહારાજને ગધેડે બેસાડવા જાય છે. ત્યારે તેઓ બોલ્યાં હું તો માતાજી છું. ત્યારે જવાનીયા કહે છે અત્યાર સુધી માતાજીની નિંદા કરતો હતો ને હવે હું માતાજી છું એમ કહે છે. એમ કહીને વરઘોડો ગામ બહાર વળાવ્યો ને લોકો બધા પાછા વળ્યા ને ભગવાન આગળ જઈને બેઠા. ત્યાં લક્ષ્મીજીનો વરઘોડો આવ્યો ને ભગવાને કહ્યું જે કેમ કોના ભક્ત ઝાઝા ? ત્યારે લક્ષ્મીજીએ કહ્યું એ તો તમને રૂપ બદલતા આવડે છે માટે, બાકી તો વરઘોડો તમારો કાઢ્યો તો, એમ દુનિયામાં લક્ષ્મી મળે તો ભગવાનને કોઈ પૂછે નહિ. ભગવાનને પડ્યા મૂકીને સૌ લક્ષ્મીને ઈચ્છે છે. પછી પાછા સર્વે જઈને લક્ષ્મીની શોધ કરવા મંડ્યા. પરંતુ તેમનો કોઈ પત્તો ખાધો નહિ ને લક્ષ્મીજી દેખાયા નહિ. કારણ કે લક્ષ્મીજી પતિવ્રતા છે તે ભગવાન હોય ત્યાં જ રહે છે. માટે જે મનુષ્ય ભગવાનને વિષે નિષ્ઠા રાખીને ભગવાનને રાખે છે ત્યાં લક્ષ્મીજી વાસ કરીને રહે છે. મા ભગવાનને પામવા ભગવાનનું જ ભજ કરી આ લોક-પરલોક સુધારી લેવો તે મનુષ્ય જન્મનું કર્તવ્ય છે.

નિલકંઠ વર્ણી વનવિચરણની છેલ્લી રાત્રી

- પાર્ષદ ભુરા ભગત ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (અમદાવાદ)



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિ સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ-૯ સોમવારે રાત્રે ૧૦-૧૦ ઘડી ઉત્તર પ્રદેશના છપૈયા ધામમાં શ્રી ધર્મદેવ-ભક્તિમાતા થકી પ્રાદુર્ભાવ પામી છપૈયા-અયોધ્યામાં અનેક બાળ લીલા કરી.

સંવત ૧૮૪૯ અષાઢ સુદ-૧૦ અયોધ્યાથી વર્ણીરૂપે હિમાલય તરફ વિવિધ તિર્થોમાં વિચરણ કરી પશ્ચિમમાં આગમન કર્યું.

મહારાજ વનવિચરણ વખતે એક જીવના ઉદ્ધાર માટે એ જગ્યાએ જવા વાટ કુવાટ ન જોતા ત્યાં જાય છે. એવી જ રીતે પીપલાણામાં નરશી મહેતાને પરચો આપ્યો. ત્યારે તેમણે વર્ણીને કહ્યું જો પ્રભુને પામવાનો ખપ હોય તો લોજમાં જાઓ. ત્યાં અમારા ગુરુ રામાનંદ સ્વામીનો આશ્રમ છે. ત્યાં રહેતા મુક્તાનંદ આદિ સંતો ભગવાન ભેટાડે એવા છે. વર્ણીરાજે મર્મ ભરેલું હાસ્ય કર્યું અને આગળ પધાર્યા. અનંત જીવોના ઉદ્ધાર કાજે સંવત ૧૮૫૬ શ્રાવણ વદ-૫ ને રવિવારે સવારે માંગરોળ પધાર્યા.

ગામની ભાગોળે ડોસાવાવના કાંઠે પથ્થરની શિલા ઉપર બેઠા છે. ત્યારે વણીક શ્રેષ્ઠ ભક્ત ગોરધન શેઠ ત્યાં આવ્યા છે. વર્ણીને જોઈ પોતાનું મન વર્ણીની મૂર્તિમાં ખેંચાયુ છે. પાસે જઈ કહે વર્ણી ચાલો ઘરે.... ત્યારે વર્ણી કહે અમો ગામમાં જતા નથી. ત્યારે ગોરધનભાઈ કહે કાંઈ જમશો ? તૈયાર હોય તો જમશું. ગોરધનભાઈ ઘેર જઈ તાજી સુખડી તથા ગાંઠીયા લઈ આવે છે. મહારાજ થોડું જમે છે. અને ગોરધનભાઈને કહે છે. આવી તાજી સુખડી-ગાંઠીયા લાવ્યા ક્યાંથી ? ત્યારે ગોરધનભાઈ કહે આજે મારા ફઈનું બારમું છે. તે નિમિત્તે આ સુખડી ગાંઠીયા બનાવેલ છે. વર્ણી વિચારે છે. શાસ્ત્ર કહે છે, કોઈનું કારજ જમવું નહી. જો સદ્‌ગતના આત્માનું કલ્યાણ કરવાની તાકાત હોય તો જ જમવું.

મહારાજ વિચાર કરે છે. મેં પુતળી બાઈના બારમાનું ખાધું. જેથી તેનું કલ્યાણ કરવું ઘટે. મહારાજ પુતળી બાઈને નર્કના કુંડમાંથી છોડાવી બદ્રિકાશ્રમમાં મોકલે છે. ગોરધનભાઈ વિસ્મય પામી વર્ણીને કહે છે - બાજુમાં લોજ ગામે અમારા ગુરુનો આશ્રમ છે. ત્યાં રામાનંદ સ્વમીના આશરે ૫૦ શિષ્યો રહે છે. તેમાં મુખ્ય મુક્તાનંદ સ્વામી તે આપના જેવાના દર્શનની ઝંખના રાખે છે. તો આપ ત્યાં જાઓ અગર કહો તો મુક્તાનંદ સ્વામીને અહીં તેડાવું ? ત્યારે મહારાજ કહે અમો લોજ જઈશું. તે રાત્રી મહારાજ ડોસાવાવના કાંઠે વિતાવે છે.

નિલકંઠ વર્ણીએ વન વિચરણની એ છેલ્લી રાત્રી ત્યાં જ વિતાવી. એ સુખરૂપ રાત્રી સમયે અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિએ વિચાર્યું જે વનવિચરણ દરમ્યાન તીર્થાટન

કરતાં-કરતાં વર્ણી વેષે બહુ ફરી, અનેક તીર્થો પાવન કર્યા. સર-સરિતા-સરોવરોમાં ઘરે-ઘરે, સ્નાન કરી, સ્થિર-જંગમ જ્યાં જ્યાં જેણે જેણે દેહ ધર્યા એ મમ પદ સ્પર્શથી પાવન કર્યા.

વનમાં હજારો વર્ષથી તપસી તપ કરતાં-યોગી યોગ સાધતા તે સહુના શુભ સાધનોની સમાપ્તિ કરાવી. આવી રીતે વન-વિચરણ કાર્ય પૂર્ણ કર્યું. સહુ ગ્રામવાસીઓને મમ ધામ નિવાસી કરવા. જો હું સજાતી થઈ લાભ નહી આપું તો આ પૃથ્વી ઉપર મારું પધારવું વ્યર્થ થશે. તે માટે લોકોને સજાતિ થઈશ તો જ જીવ ઉદ્ધરશે. અગર વનમાં અલમસ્ત થઈ એકલો ફરીશ તો ભવાટવીમાં ભટકનારા જીવોને મારો લાભ મળશે નહીં માટે લોકોને સજાતિ થઈ સહુનો સહવાસ કરી તન અંતે મારા ધામને પમાડું. અહીંથી વન પંથ વિરામી સઘળા કાર્યની સવારથી જ શરૂઆત કરી દઉં. આવો વિચાર કરી રહ્યા છે.

ભગવાનની મનવૃત્તિ ઉદ્ધવ સ્વામીને મળવાની થઈ અને વિચારે છે કે ગુરુનું શરણું સ્વીકારી વનવેશ ઉતારશું. સંતો ભક્તો સખાઓ જોડે હળશું-મળશુ ભગવત્ વાર્તાઓ કરશું. રાત્રે ગુરુની યાદ આવતા ગુરુ વિરહમાં તે રાત્રી વેરણ થઈ છે. ઉંઘ હરામ થઈ છે. મનની વૃત્તિ લોજમાં જવા લલચાઈ રહી છે. એક બાજુ લોજમાં જવાની ઉત્કંઠા-બીજી બાજુ ગુરુને મળવાની તાલાવેલી, આ ગડમથલમાં રાત્રી લાંબી થઈ જાય છે. મહારાજ કહે, "વનમાં રાત તો ક્ષણમાત્રમાં વહી જતી," આજે કેમ અતી આળશું બની ગઈ છે. મનમાં લોજ જવાની ઉત્કંઠા થવાથી ત્યાંથી વિચર્યા છે.

જેમ નદીઓ સમુદ્રને મળવા અતિ વેગથી દોડે છે. એ રીતે હરિનું મન લોજમાં જવા તલપાપડ થઈ રહ્યું છે.

"વન જંગલ વાટ વિતતી, પણ આ
વાટ કેમ નથી ખુટતી ?
ચરણો વન પંથ ચાલતાં, પણ આ
પંથ નથી ખુટાડતા."

મહારાજ માંગરોળથી લોજના રસ્તે આવી રહ્યાં છે. ત્યારે લોજની વાવના કાંઠે રહેલ વડલા ઉપર બેઠેલા મોર નિલકંઠ વર્ણીને દૂર આવતાં દેખીને ટહુકા કરે છે, છડીદાર રૂપે છડી પોકારી પુરમાં વધામણી આપે છે કે :-

"સુજનો સહુ ચેતજો અરે, અણ
તેડ્યા પ્રભુ આવિયા ઘરે,"
મયુરે, મુનિ મુકતને કહ્યું, અન્નક્ષેત્રો
તણું કષ્ટ જે સહ્યું,
સઘળો શ્રમ આજ સુધર્યો, મુનિને
મર્મ શું મોરલે કર્યો.

વિશેષમાં મયુરો ટહુકા કરી કહે છે. ગુરુ અવારનવાર સભામાં કહેતા જે હું ડુગડુગી વગાડનારો છું. ખરો ખેલનો ભજવનારો આવી રહ્યો છે, તે ખેલ કરનારા આવી રહ્યાં છે. મુક્ત મુનિ ભુજમાં ગુરુને સારા સમાચાર આપી નચિંત કરશો. મોર આમ છડી પોકારે છે. જે વડ નીચે પ્રભુજી પધાર્યા તે વડને કવિ કહે છે. તારું એવું કયુ કર્મ છે કે પ્રભુ આજ તારા નીચે બેઠા છે. ત્યારે વડ કહે - વર્ષો સુધી આ વડવાઈ રૂપી મારી જટાથી ઉંધે માથે તપ કરી બહુ દુઃખ સહન કર્યું છે. વર્ષોથી ઉંધે માથે સાધના કરતાં આ પળની રાહ જોતાં હું અહીં સ્થિર રહ્યો છું. પરમ કૃપાળુ શ્રીહરિનો વનવિચરણનો સઘળો શ્રમ મારી છાયાથી નિવૃત્તિ પામ્યો છે. જેથી હું કૃતાર્થ થઈ ગયો છું. મને પાવન કર્યો છે.

કવિ બીજી કલ્પના કરે છે. વડને પૂછે છે કે સર્વે વડમાં તું મોટો છે. વળી અંતરે શુદ્ધ છે. ગુણમાં ક્ષમાવાન છે. છતાં તારું ફળ પક્ષીઓને ઠગારું કેમ છે ?

વડનું ફળ ટેટો (ઉપરથી લાલ અંદરથી કાચું હોય) ત્યારે એ વડ કહે તેમાં મારો વાંક નથી જગતના બાવાનો વેશ ઉપરથી સાધુનો છે. પણ અંદરથી કપટી છે. તેઓ મારા છાંયામાં આવીને બેસે છે. મારા ફળોને તેનો સંબંધ થવાથી ખળ સાધુના સંગથી ફળ તેવું જ થાય છે. (ખળ સંગે ફળની મતિ ફરી).

કવિ બીજી કલ્પના કરે છે. બ્રહ્માને કહે છે હે બ્રહ્મા તું બુદ્ધિશાળી છે છતાં આવી ભૂલ કેમ કરે છે. સરસ મજાના કેરડા જે જગતને ઉપયોગી છે. તેને પાન જ નહીં. અને આ વડને આટલા ઘેઘુર પાન કેમ બનાવ્યા, ત્યારે બ્રહ્મા કહે, વડને બનાવવામાં મારી બુદ્ધિ વપરાઈ ગઈ. (ખુટી ગઈ) પછી કેરડો બનાવ્યો તો તેમાં બુદ્ધિ હિન થવાથી પાન બનાવવા ભૂલી જ ગયો) આ વડની શિતળ છાયામાં પૂર્ણ પુરુષોત્તમ (નિલકંઠ વર્ણી) ધ્યાનસ્થ બેઠા છે.

વડની બાજુમાં જ સુંદર જળથી શોભીત વાવ છે. તે વાવે ભગવાનનું મન હરી લીધું છે. મહારાજ તે વાવમાં સ્નાન કરી ધ્યાનસ્થ બેઠા છે. સુપ્રભાત થતાં લોજ ગામની નારીઓ પાણી ભરવા આવે છે. વર્ણીનું સુંદર મોહક રૂપ મનોહર મૂર્તિ જોઈ નારીઓના મન મૂર્તિએ હરી લીધાં છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

કેનેડા સત્સંગ યાત્રા

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં સંસ્થાપિત અમદાવાદ શ્રી નરનારાયણદેવ ગાદીના વર્તમાન ગાદીપતિ શ્રીહરિના સાતમાં વંશજ ભાગવત ધર્મ સુરક્ષક પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ધર્મધુરા સંભાળ્યા પછી સૌ પ્રથમવાર બ્રહ્મનિષ્ઠ સંતો સાથે ધર્મપ્રેમી હરિભક્તોને દર્શન, આશીર્વચન, સત્સંગ સુખ આપવા કેનેડા પધાર્યા.

ધર્મયાત્રાની શુભ શરૂઆત તા. ૨૧-૬-૦૭ને ગુરુવારના રોજ રાતના ૯-૦૦ વાગે પીઅરસન એરપોર્ટ, ટોરોન્ટો ઉપર શુભ આગમનથી થઈ. પ.પૂ. મહારાજશ્રી, જયપુરના મહંત સ્વામી દેવસ્વરૂપદાસજી તથા અલ્હાબાદ પ્રયાગના કોઠારી સ્વામી ધર્મકિશોરદાસજી સાથે એરપોર્ટ પર દર્શન થતાં હર્ષઘેલા હરિભક્તોએ શ્રી નરનારાયણદેવની જય, શ્રી સ્વામિનારાયણ ભગવાનની જયના જયઘોષથી એરપોર્ટ ગજવી નાંખ્યું. મહારાજશ્રીનું સ્વાગત રમેશભાઈ પટેલ કોઠાવાલા, દશરથભાઈ ચૌધરી, નટુભાઈ, ભાઈલાલભાઈ, શશીકાંતભાઈ, સંજીવભાઈ, પરેશભાઈ, બાબુભાઈ, માણેકલાલ, મુકેશભાઈ, મહેશભાઈ ટાંક, પ્રકાશભાઈ, જયેશભાઈ આદેશરા, નિરવભાઈ, ઉદયનભાઈ, જીતેનભાઈ યાજ્ઞિક વિગેરે હરિભક્તો તથા અમેરિકાથી આવેલ યુવાન સત્સંગીઓએ ફુલહાર તથા ફુલછડી આપી સુંદર સ્વાગત કર્યું. સ્વાગત વિધિ પતાવ્યા બાદ પ.ભ. રમેશભાઈ પટેલ કોઠાવાળાના હાઉસ ઉતારે પધાર્યા.

ટોરોન્ટો વિસ્તારમાં વસતા હરિભક્તોનાં મનોરથ પૂર્ણ કરવા, દર્શન સુખ આપવા પધરામણીનો પ્રથમ દોર શરૂ થયો.

તા. ૨૨-૬-૦૭ને શુક્રવારના રોજ સૌ પ્રથમ પધરામણી રીચમોન્ડ હીલ સુમનભાઈ પટેલને ત્યાં કરી, મારખમ વિસ્તારમાં સુમિતભાઈ, હર્ષદભાઈ, રાજેશભાઈ વિગેરેને લાભ આપી અનન્ય ભક્ત નટુભાઈ પટેલને ત્યાં થાળ જમ્યા.

સાંજના પધરામણી નોર્થયોર્ક વિસ્તારથી થઈ, વિપુલભાઈ પટેલ, બીશીરભાઈ મહેતા વિગેરેને ત્યાં પધરામણી કરી, કોન કોર્ડ વિસ્તારમાં દિનેશભાઈ ચૌધરી, જશુભાઈ ચૌધરીને ત્યાં પધાર્યા. જુના સત્સંગી દશરથભાઈ ચૌધરીને ત્યાં થાળ જમી રાત્રે ૧૦-૩૦ વાગે ઉતારે પધાર્યા. આજે લગભગ અઢાર પધરામણી થઈ.

તા. ૨૩-૬-૦૭ને શનિવારના રોજ ગુજરાતમાં કહેતા ગુર્જર હરિભક્તોથી ભરપુર એવા સ્કારબોરો વિસ્તારમાં સત્સંગ સેવક સંજીવભાઈના ઘેરથી થઈ. નિરવ મીસ્ત્રી આદિ હરિભક્તોને ત્યાં પધરામણી કરી ૩૯૯ મારખમ રોડ બિલ્ડીંગમાં રમેશભાઈ આર. પટેલ, અશોકભાઈ, નિલેષભાઈને ત્યાં પધારી ૧૦૫૦ મારખમ રોડ બિલ્ડીંગમાં પધાર્યા. નટુભાઈ, અલ્પેશભાઈ, વિગેરેને ત્યાં પધાર્યા. ૫૫૫ બ્રી મોર્ટન બિલ્ડીંગમાં મુકેશભાઈ, માણેકલાલ, બાબુભાઈ મોખાસણવાળા વિગેરે સત્સંગીઓને ત્યાં પધરામણી, મોર્નિંગ સાઈડ પર ભરતભાઈને ત્યાં પધરામણી કરી. લગભગ બપોરે ૨ વાગે ઉતારે પધાર્યા. સવારના લગભગ ત્રીસ જેટલી પધરામણીઓ કરી.

સાંજની પધરામણી દૂરના વિસ્તાર બર્લિંગ્ટન લેકશોર રાખવામાં આવી હતી. કેરેટ જવેલર્સવાળાને ત્યાં પધરામણી કરી, દક્ષિણ ભારતીય રવિભાઈને ત્યાં પધરામણી કરી ઠાકોરજીને થાળ જમાડી તેમના મનોરથ પૂર્ણ કર્યા.

તા. ૨૪-૬-૦૭ને રવિવારનો દિવસ કેનેડામાં વસતાં હરિભક્તોનાં હૈયામાં ઉછળતાં આનંદનો દિવસ, પોતાના પ્રાણ પ્યારા મહારાજશ્રીને રાજી કરી આશીર્વાદ મેળવવાનો દિવસ વહેલી સવારથી સૌ હરિભક્ત ભાઈઓ બહેનો પોતાને સોંપેલ સેવા કરવા, રસોઈ કરવા, સ્ટેજ શણગારવા, મહારાજશ્રીના સ્વાગતની તૈયારી કરવા હાજર થઈ ગયા હતા. નાના બાળકો, યુવાનો, વૃદ્ધો તમામ સત્સંગીઓમાં તરવરાટ હતો. ગ્રોસરી, મસાલાની સફાઈ, સત્સંગની સરવણી એવી બહેનોએ પંદર દિવસ પહેલા કરી લીધી હતી. મહાપ્રસાદ, સત્સંગી ભાઈ બહેનોએ તા. ૧૭-૬-૦૭ને રવિવારના રોજ સનાતન મંદિરમાં બનાવેલ. બહેનોએ રસોઈની

સેવા મહારાજનો થાળ કરી સર્વે હરિભક્તોને રાજી કર્યા હતા.

Sts. Peter & Paul Banquet Hall માં સત્સંગ સભાનું આયોજન સાંજના ૩-૦૦ થી ૭-૦૦ વાગ્યા સુધી કરવામાં આવેલ.

સત્સંગસભાની શરૂઆત પરમકૃપાળુ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં મંગલાચરણથી થઈ. મંગલાચરણ મહેશભાઈ ટાંકે કરેલ. શશીકાંતભાઈએ ધૂન કરાવેલ. કીર્તનોની શરૂઆત બાળ સત્સંગથી કરવામાં આવી. **વ્હાલા રૂમઝુમ કરતા મારા કાન** શમીરે ગાયું. **તમારી મૂર્તિ વિના મારા નાથ રે** કીર્તન આશુતોષે ગાયું. સંતો અને મહારાજશ્રી હોલમાં પધારે ત્યાં સુધી કીર્તનો તથા ધર્મકુળ માહાત્મ્ય, નિષ્ઠા, નિયમ વિષેના સુંદર અભ્યાસપૂર્ણ પ્રવચનો મહેશભાઈ ટાંક, શશીકાંતભાઈ તથા સંતોએ કર્યા. ઢોલક ઉપર દેવાશિષ તથા મંજીરા ઉપર ચિરાગે કીર્તનમાં સાથે આપેલ.

પૂ.મહારાજશ્રી હોલ ઉપર પધારતાં અત્રેના હરિભક્તો તરફથી ફુલહાર, ફુલછડીથી સ્વાગત કરવામાં આવ્યું. વિવિધ પ્રકારની સેવા આપનાર યજમાનશ્રીઓએ મહારાજશ્રીની આરતી ઉતારી સ્વાગત કર્યું. સત્સંગનો કાર્યક્રમ આગળ ચાલતાં નંદ સંતોના કીર્તનો ગવાયાં. કોઠારી સ્વામી ધર્મકિશોરદાસજી તથા જયપુરના મહંત સ્વામી દેવસ્વરૂપદાસજીએ પરમ ભગવદીય દાદા ખાચર, જીવુબા, લાડુબા, ઝમકુબા આદિ શ્રીહરિનાં લાડીલા પરમ ભક્તોનાં નિયમ, નિશ્ચય, સેવાનાં પક્ષના માહિતી સભર દાખલા આપી સુંદર સત્સંગનો મહિમા સમજાવ્યો. ગુજરાત વિસનગરથી મહારાજશ્રીના કૃપાપાત્ર એવા પ.ભ. ઉદયનભાઈ મહારાજા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પ્રમુખશ્રી પધારેલ. તેમને વચનામૃત વિષે અભ્યાસાત્મક સુંદર પ્રવચન કરી સ્વરૂપ નિષ્ઠા અને મહિમા સમજાવી સભાને ગાદી વિષે નિષ્ઠાની સુંદર હૃદય સ્પર્શીવાણી આપી. મિહીર પટેલે અંગ્રેજીમાં સત્સંગ વિષે ખૂબ સુંદર પ્રવચન કરી મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો.

હવે જેમની અમૃતવાણીના એક એક શબ્દને આનંદથી ઝીલવા, હૃદયમાં ઉતારવા હરિભક્તો આતુર હતા તેવા સૌના કલ્યાણકારી, ઉદ્ધારક, હૃદય સમ્રાટ એવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અમૃતવાણીની શરૂઆત થઈ. પૂ. મહારાજશ્રીની વાણી ઝીલવા સભા શાંત થઈ ગઈ. હોલ સંપૂર્ણ ભરાઈ ગયો હતો. પૂ. મહારાજશ્રીએ ભગવાનનું બળ રાખવા, ઘરમાં કુટુંબ સત્સંગ સભા કરવા, આંતર શુદ્ધિથી હૃદયમાં સત્સંગ કરવા, સેવા કરવા, ભગવાનને આગળ કરીને દરેક કાર્ય કરવા શીખ આપી. કેનેડામાં આપણું મંદિર જલ્દી બને, સર્વ સત્સંગી હરિભક્તોનો સર્વાંગી વિકાસ થાય, શ્રીજી મહારાજ સુખીયા કરે તેવી શ્રી નરનારાયણદેવનાં ચરણ કમળમાં પ્રાર્થના કરી રૂડા આશીર્વાદ આપ્યા. સભામાં સ્ટેજ ઉપર પધરાવેલ શ્રી નરનારાયણદેવ, શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવની મહા આરતી પ.પૂ. મહારાજશ્રી તથા સભામાં પધારેલ દરેક હરિભક્તે ઉતારી. દરેક હરિભક્તના હાથમાં આરતી હતી. આ આરતીના દર્શન અમૂલ્ય અને અદ્‌ભુત હતા. પૂ. મહારાજશ્રીએ ચરણ સ્પર્શનો લાભ દરેક સત્સંગીને આપેલ. I.S.S.O. Canada તરફથી પ્રકાશીત કરવામાં આવેલ અન્ને મહારાજશ્રીના શુભ કરકમળો દ્વારા વિમોચન કરવામાં આવેલ **ચિંતામણી** પુસ્તક દરેકને આપવામાં આવેલ. કેટલાય મુમુક્ષોએ પૂ. મહારાજશ્રીના હાથે કંઠી ધારણ કરી વર્તમાન ધારણ કરેલ. આ પ્રસંગે અમેરિકાથી શ્રી જ્ઞાનેશભાઈ ધોળકિયા ખાસ પધારેલ.

સભાના અંતમાં બોક્ષમાં સરસ રીતે પેક કરેલ મહાપ્રસાદ તથા પાણીની બોટલ સૌને આપવામાં આવેલ. સભાનું સંચાલન હસમુખા યુવાન સત્સંગી વ્રજેશભાઈ પોથીવાલાએ નંદ સંતોની સુંદર માહિતી સાથે દાખલા આપી સફળ સંચાલન કરેલ.

આજની સભાની વિવિધ પ્રકારની સેવાઓ, પ્રિંટીંગ, રસોઈ, સ્ટેજ શણગાર, પૂ. મહારાજશ્રીનું સ્વાગત, હરિભક્ત સેવા, આદિ સેવાઓ રમેશભાઈ પટેલ, દશરથભાઈ, સંજીવભાઈ, ધર્મેન્દ્રભાઈ, નટુભાઈ, વ્રજેશ પોથીવાલા, નિરવ મીસ્ત્રી, શશીકાંતભાઈ, પરેશભાઈ, બાબુભાઈ, મહેશભાઈ, માણેકલાલ, પ્રકાશભાઈ, મુકેશભાઈ આદિ પરિવારનાં ભાઈ-બહેનો તથા બાળકોએ કરી હતી.

હવે પૂ. મહારાજશ્રીની પધરામણીનો બીજો દોર શરૂ થયો. તા. ૨૫-૬-૦૭ને સોમવારનાં રોજ સવારમાં બ્રેમપ્ટન વિસ્તારમાં જયેશભાઈ આદેશરાને ત્યાં પ્રથમ

(અનુ. પાના નં.૧૭ પર)

સત્સંગ સૂરભિ :

"આ શેખજી તો ગુલાબ જેવા છે !"

– અતુલ પોથીવાલા (અમદાવાદ)

એ દિવસે મહારાજ ઘેલના નદીમાં ખૂબ નાહ્યા. રંગે પણ ખૂબ રમ્યાં. આજુબાજુની ટેકરીઓ સુધી ગુલાબ ઉડાડ્યો હતો. શેખમિયાં નામના મુસ્લિમ ભક્ત પણ સાથે હતા. મહારાજના ગુલાબથી તેમની તો આખી દાઢી લાલ થઈ ગઈ ! રંગ છાંટતાં મહારાજ બોલેલા કે "જેને આ રંગ અડ્યો તે ભક્તિના રંગે રંગાવાનો !"

મહારાજ જરિયાન વસ્ત્રો પહેરીને દરબારમાં પધાર્યા ત્યારે સાંજ ઢળી રહી હતી. પ્રેમાનંદ સ્વામી સભામાં મધુર સ્વરે ગરબી ઢાળનું કીર્તન ગાઈ રહ્યા હતા. એ મધુર કંઠથી વાતાવરણ રસભીનું બની રહ્યું. ધૂન્ય કીર્તન પૂરાં થયાંઅને કથાની શરૂઆત થઈ. શરદપૂનમના ચંદ્રની આસપાસ તારાઓ વીંટળાયા હોય તેમ સ્વામી સહજાનંદજી મહારાજની દિવ્ય માધુરી મૂર્તિ નિહાળતાં સૌ કથા સાંભળવા આતુર બન્યા.

એવામાં શેખમિયાં સભામાં આવ્યા. મહારાજે એમને પાસે બોલાવ્યા અને આગળ બેસાડ્યા. શેખમિયા ગોંડળના વતની. શ્રીજી મહારાજના સંપર્કમાં જે દિવસથી આવ્યા તે દિ'થી બસ આ જ અમારા ખુદા છે. એવી પાક્કી પ્રતિતિ થઈ ગઈ હતી. અને મહારાજ પાસેથી વર્તમાનધારી સત્સંગના નિયમમાં રહેવા લાગ્યા. એમના સ્વભાવ બદલાઈ ગયા. એમનું આખું કલેવર બદલાઈ ગયું તે એટલે સુધી કે ભૂલથી યે પર સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તો તમામ લૂગડાં પલાળીને સ્નાન કરી લેતા. એકાદશીનો ઉપવાસ નિર્જળા કરતા.

મહારાજે એમને સત્સંગમાં લીધા. મહારાજ એમને શેખજી કહી બોલાવતા. મહારાજને મન બધા સરખા ! વાઘરી હોય કે બ્રાહ્મણ, મુસલમાન હોય તોય ભલે, સૌને ભગવાન ભજવાનો અધિકાર છે. શ્રીહરિ સૌને આકર્ષતા, એમને ઉપદેશ કરતા, કુટેવો છોડાવતા, સંયમી જીવન જીવવાનું શીખવતા શેખમિયાં આવા સત્સંગે રંગાયા હતા. તે સભામાં આવ્યા એટલે મહારાજે એમને હાર પહેરાવ્યો. પોતાની પાસે બેસાડ્યા. એટલે કેટલાકને આ ન ગમ્યું. થયું કે મહારાજે એનામાં એવું શું જોયું કે સૌની આગળ બેસાડે છે ? શું બીજા ભક્તિ નથી કરતા ? નિયમ-ધર્મ નથી પાળતા ?

કથા દરમ્યાન તો કોઈ કાંઈ બોલ્યું નહિ. પરંતુ કથા પૂરી થયા પછી આરતી બાદ, જેવા મહારાજ પોતાના ઉતારે ગયા કે ચડભડ શરૂ થઈ ગઈ.

શેખજી જે જગ્યાએ બેઠા હતા તે જગ્યાને કપડાથી ઝાપટતાં કોઈકે કહ્યું, "એના ઘરનું પાણીય કોણ પીએ છે ?"

"તે દિવસે જીવુબા સાટા બનાવીને લાવ્યાં હતાં. મહારાજ સૌને પ્રસાદી આપતા હતા. ત્યારે પણ આ શેખજીએ રંગમાં ભંગ પાડ્યો હતો. મહારાજ પાસેથી ત્રણવાર પ્રસાદી મેળવી હતી."

"સત્સંગીઓની ભેળા રહીને ભક્તિ કરવી એ કાંઈ રમત વાત છે ? એ તો તલવારની ધાર પર ચાલવા જેવું કઠણ. આઠે અંગ ચોખ્ખાં જોઈએ. એ તો શુક્રવાર થી શુક્રવાર ના'તા હોય અને સભામાં હંમેશા આગળ આવીને બેસી જાય એ કેમ પાલવે ?"

શેખમિયાં વિરુદ્ધ આવી ઘણી ચર્ચાઓથી ચોગાન ભરાઈ ગયું. પરંતુ મહારાજ દરેકના મનોભાવ બરાબર સમજે.

એક દિવસ સભામાં શ્રીજી મહારાજે પાસે બેઠેલા શેખજીને કહ્યું, "તમે મને મારો." આવું ક્યારેય મહારાજે કોઈને કહેલું નહિ. શેખજીએ મહારાજ ભણી નવાઈથી જોયું, થયું કે સાંભળવામાં તો કાંઈ ભૂલ થતી નથી ને ?

ત્યાં ફરી મહારાજે તેમને કહ્યું, "શેખજી, મને મારો" શેખજી તો બિચારા વિમાસણમાં મુકાઈ ગયા, મહારાજ રમૂજ કરે છે કે ગંભીરપણે કહે છે ?

ત્યાં ફરીથી મહારાજે કહ્યું, "શેખજી તમારા હાથના ગડદા મુક્કા મારે ખાવા છે. મને મારો ને !"

"મહારાજ કહો તો તમારી પૂજા કરું, આરતી ઉતારું, આજ્ઞા પાળું, પણ મારવાનું....."

"આજ્ઞા પાળું એમ કહો છો અને આજ્ઞા તો પાળતા નથી ! ક્યારનોય કહું છું કે મને મારો પણ ....."

"દીકરાના સમ મહારાજ ! મેં કદી

એવો સંકલ્પ સુધ્ધાં નથી કર્યો, મને આવું સ્વપ્રમાંય ન સૂઝે, પછી મારવાનું ક્યાં રહ્યું ?

પણ આજે રમૂજની વાત નહોતી. મહારાજ સભા વચ્ચે ગંભીરતાથી શેખજીનો હાથ ખેંચીને પ્રહાર કરવાનો પ્રયોગ કરી રહ્યા હતા. શેખજી આજીજી પૂર્વક કહેવા લાગ્યા, "આમ શું કરો છો મહારાજ ? હું ગરીબ છું મને એ ન ફાવે."

મહારાજ તો મમતે ચડ્યા હતા. "બસ મને મારો. હું કહું છું ને મને મારો."

આખી સભા સ્તબ્ધ બનીને આ જોઈ રહી હતી. "તમારે સાંભળવું છે કે નહિ શેખજી ! એકવાર તમને કહી દીધું કે મને મારો પછી તમે કેમ સમજતા નથી ?" મહારાજે કડકાઈથી કહ્યું.

છેવટે શેખજી ઉભા થઈને મહારાજના પગમાં પડ્યા, "હવે હદ થઈ મહારાજ ! આવું તો મારાથી ક્યારેય ન બને. પણ તમે બહુ કહો છો એટલે આજ્ઞા પાળવા લ્યો તમને મારું."

એમ કહી એમણે ડાબો હાથ ઉગામ્યો અને મારવાની ચેષ્ટા કરી. બસ થઈ રહ્યું ! મહારાજે આખું નાટક બદલી નાખ્યું ! "કોઈ છે કે નહીં ? આ શેખજી મને મારવા હાથ ઉગામે છે, કાઢી મૂકો એમને ધક્કા મારીને ઓસરી ઉપરથી ઉતારી મૂકો." મહારાજે કાઠી દરબારો તરફ જોઈને કહ્યું.

તરત જ શેખજીની આસપાસ કાઠી દરબારો તથા અન્ય સભાજનોનું વર્તુળ તૈયાર થઈ ગયું શેખજીને ગડદા-પાટું મારીને હેઠે ધકેલી દીધા.

"મહારાજ પાસે મોટા થવું છે એમને ! અમે તમને બરાબર ઓળખીએ છીએ. જેટલા તમારા લેંધામાં પટ્ટા એટલા મનમાં ગટ્ટા. હાલી નીકળ્યા છો મહારાજના વહાલેશ્રી થવા. ફરી ક્યારેય ઓસરીયે ચડ્યા છો તો આવી બનશે." શેખજી આ ખુન્નસની સામે-હવામાં પીપળાનું પાન ધ્રૂજે-એમ ધ્રૂજતા હતા.

થોડીવારે શેખજીને શાંતિ વળી. દૂર ઊભા ઊભા સીસકારા ભરતા રહ્યા. પરંતુ એમના અંતરમાં કોઈનો બદલો લેવાની ઈચ્છા ન હતી. કોઈનો અવગુણ લેવાની ખેવના નહોતી. મહારાજની આજ્ઞાથી જ બધાએ આવું વર્તન કર્યું છે એટલે શેખજીએ સામો સ્હેજે ય ક્રોધ કર્યો નહિ કે ના એનો વિલાપ કર્યો ! ખૂણે ઉભા રહી દૂરથી મહારાજનાં દર્શન કરતા રહ્યા.

બપોરની વેળા થઈ સૌ જમવા બેઠા. એક બાજુ શેખજી પણ બેઠા. એ વખતે ભોજન પીરસાયું. મહારાજ ત્યાંથી પસાર થયા. એમણે શેખજીને જોયા, એટલે રાડ પાડી," આમને કોણે પીરસ્યું ? એમના ભોજનમાં ધૂળ કેમ ન નાંખી ?"

બસ, કાઠી દરબારોને તો જોઈતું હતું તે મળી ગયું. "લ્યો શેખજી" દૂધપાકમાં એલચી નાંખવાની રહી ગઈ છે એમ કહી ખોબો ભરી ધૂળ ઠાલવી દીધી."

કોઈકને દયા આવી એટલે તેમને ઉભા કરીને સલામત રીતે દરવાજા બહાર મૂકી આવ્યા અને કાનમાં કહ્યું કે, "હવે સીધા તમારે ગામ ગોંડલ પહોંચી જજો. નહિ તો બધા તોફાને ચડ્યા છે તે સુખ નહીં લેવા દે."

શેખજી સમજી ગયા કે અત્યારે તો મહારાજ જ એમને દૂર મોકલતા હતા. એટલે ગોંડલની રાહ પકડી. ત્યાં દરબાર હઠીસિંહને ત્યાં ચાકર તરીકે રહ્યા. એવામાં હઠીસિંહજીને મહારાજનો સંદેશો મળ્યો કે "શેખજી તો અમને મારવાનું કહી ગયા છે, એમને તમે નોકરીમાં ક્યાં રાખ્યા ?" આ જાણી હઠીસિંહજીએ પણ એમને નોકરીમાંથી રજા આપી દીધી.

આ વાત પછી દશ પંદર સૂર્ય ઉગ્યા ને આથમી ગયા. એક દિવસ ધોમ ધખતા તાપમાં શેખજી રાજકોટના સરિયામ રસ્તા પર રઝળતા હતા. એક ઘોડે સવાર એમની બાજુમાંથી પસાર થઈ ગયો. એ ઘોડે સવાર દાદા ખાચર હતા. શેખજીને રસ્તા પર ભટકતા જોઈ ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને શેખજીને મળ્યા. પૂછ્યું કે, "તમે તો મહારાજ જોડે ગઢડે હતા તે અહીં ક્યાંથી ?"

શેખજીએ હૈયું મોકળું કરીને તમામ વાત કરી. પરંતુ એમાં મહારાજનો કે કાઠી દરબારોનો અભાવ સુધ્ધા ન આવવા દીધો. ઉલટાની દાદા ખાચરને સ્મૃતિ કરાવવા લાગ્યા કે, "અહો ! મહારાજે કેવું સુખ આપ્યું છે ! મહારાજ કારિયાણીથી એકવાર ગઢડે આવ્યા હતા. ત્યારે મને બે વખત ભેટ્યા હતા. કેટલીય વાર સુધી મને ખસવા જ દીધો નહોતો. અને જન્માષ્ટમીના સમૈયાની તો શી વાત કરીએ ? આજે કંસાર તો કાલે મોતીચુર ! ત્રીજે દિ બરફી તો ચોથે દિ દૂધપાક. એ પીરસનારા મહારાજનાં હેત પાસે તો સૌના હેત હેઠાં ! બસ મહારાજ મળે તો મારા "જય સ્વામિનારાયણ" પાઠવજો. એ તો પરમ દયાળુ છે, મારા અપરાધ સામું નહિ જુએ અને કહેજો ક્યારેક તો આ દાસને દર્શન આપે." કહેતાં કહેતાં એમનું હૈયું ભરાઈ ગયું.

દાદા ખાચરે જાણ્યું કે શેખજીતો

કાચ જેવા નિર્મળ છે. આટ આટલું અપમાન થયું તોય મહારાજનો કે ભક્તોનો અવગુણ લીધો જ નથી. સીતાજીના જેવી એમની સમજણ છે. શેખજીનાં નાનકડા અંતઃકરણમાં મહારાજ પ્રત્યેની અસીમ ભક્તિનો વિશાળ સમુદ્ર લહેરાઈ રહ્યો છે.

એમણે તરત જ મહારાજને પત્ર લખ્યો અને પત્ર માણસ દ્વારા મોકલ્યો. વળતો સંદેશો મહારાજ તરફથી મળ્યો કે "તમને ઠીક લાગે તેમ કરજો. અમે તો શેખજી ઉપર કાયમ રાજી છીએ !"

દાદાખાચરે શેખજીને કહ્યું, "કાલે હું ગઢડા જવાનો છું તમારે આવવું છે ?"

"હું કેમ કરીને ગઢડા આવી શકું મહારાજની રજા વગર ?"

"તમે વિશ્વાસ રાખો. મહારાજ તો તમારા પર રાજી જ છે, માટે નિશ્ચિત થઈને મારી સાથે ગઢડા આવો."

શેખજી સમજતા હતાં કે દાદા ખાચર મહારાજના પ્રિય હજૂરી છે એટલે એમનું કહેવું બરાબર જ હોય. ઘોડા ઉપર બેસીને બંને ગઢડા જવા નીકળ્યા. ગઢડાની સીમ આવી એટલે શેખજી ઘોડા ઉપરથી નીચે ઉતર્યા.

એ જ દરબાર એ જ ઓસરી અને એવા જ પ્રસન્ન મૂર્તિ શ્રીજી મહારાજ. દૂરથી શેખજીને આવતા જોયા એટલે મહારાજ એકદમ સિંહાસનેથી ઊઠ્યા અને દોડ્યા. શેખજીને બાહુપાશમાં જકડી લીધા. ખૂબ વહાલથી એમને ભેટ્યા. ગુલાબનો મોટો હાર તેમના ગળામાં પહેરાવી દીધો. ઘણીવાર સુધી હેત વરસાવ્યું. પછી હાથ ઝાલીને સભાની વચ્ચેથી પોતાનાં આસન પાસે લઈ ગયા અને પોતાની સમીપમાં બેસાડ્યા. સભાને સંબોધીને કહ્યું, "હવે સર્વેના સંશય ટળી ગયા હશે. સત્સંગમાં કોની મોટાઈ છે એ સમજાઈ ગયું હશે."

એ સમયે તમામને પ્રતીતિ થઈ કે આપણે શેખજીને ગુલાબના કરંટ જેવા માનતા હતા પરંતુ આ **શેખજી તો ગુલાબ જેવા છે !** જેને માત્ર મહારાજ પ્રત્યેની મમતા અધિક હોય તેને જગત આખું વેરી થાય તોય વસમું ન લાગે. અને આવા શેખજી જેવા ભક્તજન જ મહારાજના કરકમલમાં ગુલાબની જેમ હંમેશા નિવાસ કરી શકે.

(અનુ. પાના નં.૧૪ પરનું)

કેનેડા સત્સંગ યાત્રા

પધરામણી કરવામાં આવી. ત્યાંથી જયંતિભાઈ ચૌધરી, નિતીનભાઈને ત્યાં પધરામણી કરી આપણી દર શનિવારની સત્સંગ સભાનું સંચાલન કરતા શશીકાંતભાઈને ત્યાં પધરામણી કરી આશીર્વાદ આપ્યા. ત્યારબાદ મનીષભાઈ ઠક્કર, રશેષભાઈ શેલત, મનીષ દેવાની વિગેરેને ત્યાં પધરામણી કરી સત્સંગ સેવક મહેશભાઈ ટાંકને ત્યાં થાળ જમી ઉતારે પધાર્યા.

સાંજની પધરામણી ઈટોબીકો તથા મીસીસાગા વિસ્તારમાં રાખવામાં આવી હતી. મિતેષ ભાવસાર, હિતેનભાઈ, પ્રાજ્ઞિક, શૈલેષભાઈ, વિપુલભાઈ સોની, પ્રકાશભાઈ, મલય દેસાઈ, વ્રજેશ પોથીવાલા, ધર્મેન્દ્રભાઈ વગેરેને ત્યાં પધરામણી કરી શ્રી નરનારાયણદેવ ઓચ્છવીયામંડળના ભાઈલાલભાઈ પરિવારનાં પરેશભાઈને ત્યાં રાત્રે ૧૧-૪૫ વાગે થાળ જમી રાત્રે એક વાગે ઉતારે પધારેલ. આજે લગભગ વીસ જેટલી પધરામણીઓ કરવામાં આવી હતી.

તા. ૨૬-૬-૦૭ને મંગળવાર જેઠ સુદ-૧૧ના રોજ શ્રીહરિકૃષ્ણ મહારાજની મહાપૂજા રાખવામાં આવેલી. મહાપૂજા કોઠારી સ્વામી ધર્મકિશોરદાસજીએ કરાવેલ. મહાપૂજા રસિકભાઈ પટેલ કોઠાવાળાના હાઉસમાં રાખવામાં આવેલ. સાંજના રસિકભાઈના નવા થતા ગેસ સ્ટેશનનું ખાત મુહૂર્ત પૂ. મહારાજશ્રીના શુભ હસ્તે કરાવેલ. સેવા કરનાર સત્સંગી ભાઈ-બહેનોની સત્સંગ સભા રાતના ૮-૩૦ વાગે રાખવામાં આવેલ. ધૂન, કીર્તન, સંતોના પ્રવચન બાદ પૂ. મહારાજશ્રીએ ભગવાનનું બળ રાખી ભગવાનનું ભજન કરવા, સત્સંગની દિન પ્રતિદિન પ્રગતિ થાય અને આપણું મંદિર બનાવવાની આજ્ઞા કરી સભાને આશીર્વાદ આપ્યા. પૂ.મહારાજશ્રીની મંદિર બનાવવાની આજ્ઞા હાજર રહેલા તમામ સત્સંગી ભાઈ-બહેનોએ શ્રી નરનારાયણદેવની જય બોલાવી સ્વીકારી લીધી. અંતમાં સૌથી નાના સત્સંગી આશુતોષે "તમારી મૂર્તિ વિના મારા નાથ રે બીજું મને આપશો માં" કીર્તન ગાઈ પૂ. મહારાજશ્રીનો રાજીપો લીધો. સૌ હરિભક્તોએ પૂ. મહારાજશ્રીને ફુલછડી આપી, ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા. ત્યારબાદ પૂ. મહારાજશ્રી થાળ જમવા પધાર્યા.

પ.પૂ. મહારાજશ્રીના હસ્તાક્ષર કરેલ, આશીર્વાદ આપેલ **"ચિંતામણી"** પુસ્તક સેવા કરનાર બહેનોને આપવામાં આવ્યું.

તા. ૨૭-૬-૦૭ને બુધવારે વહેલી સવારે કેનેડાથી અમેરિકા જવા પ્રયાણ કર્યું.

(ભાઈલાલભાઈ પટેલ)

સત્સંગ ભાવવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

સ્વભાવ છોડતાં શીખો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એક ગૃહસ્થ બહુ સ્વાદિયા હતા. બહુ સ્વાદિયા. જાત જાતના મસાલાની ડબ્બીઓ ભરી રાખે. કોઈ ડબ્બીમાં ગરમ મસાલો તો કોઈમાં તીખો તો કોઈમાં ગળ્યો વગેરેથી ભરપૂર ડબ્બીઓ રાખી હોય. જમવા બેસે એટલે ખોલે, અને રસોઈ ઉપર ભભરાવીને જમે. આવા સ્વાદીયાને વૈરાગ્ય થઈ ગયો. મારે સન્યાસી થઈ જવું છે, મારે મહાદીક્ષા લેવી છે. એમણે તો ઘરવાળાની પરવાનગી મેળવી. જઈને કહ્યું, "મારે સન્યાસ લેવો છે." ઘરવાળાએ કહ્યું, "હા.... હા...., લઈ લો, લઈ લો, અમારો ઉદ્ધાર કરજો." અને આ ભાઈ તો ખરેખર સન્યાસી થઈ ગયા. અને પછી તો ગામોગામ ફરે. વિચરણ કરે. જે કોઈ આમંત્રણ આપે તેમને ત્યાં જમવા જાય અને વિચરણ કર્યા કરે. ઉપદેશ પણ આપે હો, 'ભગવાન ભજજો', 'ભગવાન સિવાય બધું જ મિથ્યા છે.' વગેરે... વગેરે.....

હવે આ સન્યાસી મહારાજ વિચરણ કરતાં કરતાં એક દિવસ પોતાના ગામમાં આવી ચડ્યા. પોતાના જ ગામના અને વળી સન્યાસી એટલે ગામવાળાઓ ભાવથી જમવાનું આમંત્રણ આપવા માંડ્યા. આજ આને ઘરે તો કાલ તેના ઘરે તો વળી પરમ દિવસે અન્યના ઘરે. પધરામણીએ જાય અને જમતા આવે. કોઈ ભાવિક ભેટ-સોંગાદ ધરે તો "અચ્છા, તેરી ઈચ્છા હૈ, તુજે નારાજ નહીં કરૂંગા" કહી લઈ લે.

એક દિવસ તેમના પત્નિના કાને વાત આવી કે, 'તે આવ્યા છે, તો હું પણ જમવાનું આમંત્રણ આપી આવું.' તે પણ તેમના ઉતારે ગઈ અને વિનંતી કરી બીજે દિવસે જમવા આવવાનું આમંત્રણ આપી આવી. સમય થયો એટલે સન્યાસીજી તેમના ઘરે પધાર્યા. બધા પગે લાગ્યા. બેસવા આસન આપ્યું. પ્રાથમિક એકબીજાના ખબર અંતર પૂછ્યા અને બેન તો થાળ પીરસવા રસોઈ ઘરમાં ગયા. બેનની આર્થિક સ્થિતિ સારી ન હતી. ગરીબી હતી. અતિ દરિદ્ર દશા હતી છતાં પણ શક્તિ પ્રમાણે રોટલી શાક પીરસ્યાં. રોટલી ઘી વગરની કોરી હતી અને શાક બાફેલું. વધાર નહીં. કે મસાલો પણ નહીં. સન્યાસીજી જમવા બેઠા તો ખરા પણ પીરસેલી થાળી જોઈ બોલ્યા, "મારો થેલો લાવો તો જરા," સન્યાસીજી થેલો ભેળો જ ફેરવતા. થેલા માગ્યો એટલે બહેને થેલો આપ્યો. સન્યાસીજીએ થેલાની ચેઈન ખોલી, અંદર હાથ નાંખ્યો અને મદારી જેમ કોથળામાંથી જાદુ કરીને જાતજાતની વસ્તુ કાઢી બતાવે તેમ તેમણે તો આઠ-દસ જાતની ડબ્બીઓ કાઢી. એકમાં ઘી હતું તે ડબ્બી ખોલી - કોરી રોટલી ઉપર ઘી ચોપડ્યું. બીજી ડબ્બીઓ માંથી વારા ફરતી શાક ઉપર જાતજાતના મસાલા છાંટ્યા. એક ડબ્બીમાંથી અથાણું કાઢ્યું. આ બધું જ તેમની પત્નીએ જોયા કર્યું. એમના મનમાં વિચાર આવ્યો. આ તો સન્યાસી થઈ ગયા છે પણ આખો સંસાર થેલામાં ભેળો ને ભેળો જ ફેરવે છે. તેમને ટકોર કરવી પડશે.

આ સન્નારી પોતાનું કર્તવ્ય સમજીને ટકોર કરતાં કહેવા લાગ્યા, "તમે સંસાર છોડી સન્યાસી થયા, છતાં સંસારીની જેમ તમારી વસ્તુઓ થેલામાં ભેળીને ભેળી જ ફેરવો છો ? તમારા થેલામાં મારી જ એક ખામી છે ! બાકી બધું જ છે. તમારો પેહલાં જેવો સ્વભાવ હતો એવોને એવો જ સ્વભાવ થેલાની સાથે સાથે ફેરવો છો." આ દ્રષ્ટાંત સાંભળ્યા પછી વિચારવાનું એ છે કે સ્વભાવનો ત્યાગ થાય તો સાચો ત્યાગ ગણાય. સ્વાદ વગેરે સ્વભાવ છૂટે નહી તો તેનો ત્યાગ ટકે નહીં. ત્યાગનો અર્થ - ભગવાનના ભક્ત તરીકે સ્વભાવને વશ થયા વગર ભગવાનની ભક્તિ કરવી. એ જ છે. અને ભગવાનને પણ એ જ ગમે છે. માટે તો કહ્યું છે કે-

"સંસારમાં સરસો રટે,
મન મારી પાસ,
સંસાર જેને લોપે નહીં,
તેને જાણું મારો દાસ."

●

જગતના જીવોને સત્સંગ ન ગમે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક સરસ મજાનું નાનું ગામડું હતું. ગામડાનું નામ પડે એટલે તેનું દ્રશ્ય આપો આપ મનમાં સ્ફુરી આવે. ગામની

ભાગોળે કૂવો હોય, ગામનાં મકાન કાચાં તથા છતો નળીયાથી સરસ શોભતી હોય, દરેક ઘરનાં આંગણામાં ગાય, ભેંસ, બળદ વગેરે પશુઓ બાંધ્યા હોય, સૌ સૌની રીતે આનંદથી જીવતા હોય, તેવા જ એક ગામની વાત છે.

આ ગામમાં પ્રજાપતિ વર્ગ સૌથી વધુ પ્રમાણમાં હતો. તેમાં એક પ્રજાપતિ એવો હતો કે તે બધાને કહેતો ફરે કે ખેતી ભલે કરો પણ આપણો પરંપરાગત ધંધો તો ન જ છોડશો. આપણા બાપદાદાનો વારસો તો કેમ છોડાય ? પ્રજાપતિને વળી બાપદાદાનો વારસો ક્યો ? જાણો છો કે નહીં. "માટલાં ઘડવા તે". માટી કામ એ પ્રજાપતિનો પરંપરાગત ધંધો કહેવાય. "જેમ ભગવાન મનુષ્યનું સર્જન કરે છે તેમ પ્રજાપતિ માટીમાંથી માટલાનું સર્જન કરે છે."

આ પ્રજાપતિએ તો એક ગધેડાને પણ ઘરમાં બાંધી રાખ્યો હતો. કોઈ પૂછે કે કેમ ઘરમાં ગધેડાને બાંધ્યો છે. ઉપયોગ કરો છો કે નહિ, તો કહે કે ખેતીમાંથી પરવારીશું એટલે જરૂર તેનો ઉપયોગ કરીશ. આ પ્રજાપતિએ પોતાના ઘરમાં ચાર બળદ રાખ્યા હતા. સાથે સાથે બે ભેંસો અને આ ગધેડો. આટલા પશુઓ નિભાવતો. તેની સારી રીતે સંભાવના કરતો. બળદોનું તથા ભેંસોનું જેટલું પોષણ કરતો તેટલું જ ગધેડાનું પણ કરતો. બળદોને જો લીલું-સુકું નાખે તો ગધેડાને પણ હોય જ, બળદોને અનાજ બાફી ખવડાવે તો તે ગધેડાને પણ ખવડાવે. જેવી પોતાની ભેંસોની તથા બળદોની માવજત તેવી જ માવજત ગધેડાની થાય. પણ બળદો તથા ભેંસો તો દિવસે દિવસે તાજા થતા દેખાય પણ આ ગધેડો... નવાઈ લાગે તેવી વાત છે. બધાની સાથે બેસી ખાનારો આ ગધેડો માંદો પડવા લાગ્યો. દિવસે દિવસે સૂકાતો જાય. પશુના વૈદ્યની દવાઓ કરવાથી પણ કાંઈ અસર ન થઈ. આ તો સાવ દુબળોને દુબળો. આ પ્રજાપતિને તો ચિંતા થવા લાગી. આખા ગામમાં મેં જ ગધેડો રાખ્યો છે. માટે નજર લાગી હશે કે પછી ભૂત વળગ્યું હશે ? માટે ભૂવા પાસે દોરા ધાગા કરાવું અને ભૂવાને બોલાવી મોરના પીછા ગધેડા પર ફેરવ્યાં. બે-ચાર કાળા દોરા મંત્રીને બાંધ્યા તો પણ ગધેડાને કાંઈ અસર જ ન થઈ. જેવો હતો તેવો ને તેવો દુબળો. પછી તો પ્રજાપતિને મનમાં ખૂબ દુઃખ થવા લાગ્યું. તેણે તો વધુ તપાસ માટે સમજદારીથી કામ લીધું. પોતાના ગામમાં એક વયોવૃદ્ધ હતા. તેમના કાને આ વાત પહોંચાડી. આ વયોવૃદ્ધ બધી વાત સમજી ગયા. તે જાણી ગયા કે ગધેડાને કોઈ રોગ નથી પણ થાય શું ! પછી તો આ વયોવૃદ્ધ આ પ્રજાપતિના ઘરે આવ્યા. ગધેડા સામું જોયું અને કહ્યું અરેરે.... તમે તો ખરા લાગો છો ? આખા ગામમાં પરંપરા સાચવવાની વાતો કરો છો પણ ગધેડા નિભાવતાંય નથી આવડતા. હવે હાલો તમારા ગધેડાને મારી સાથે લઈ ચાલો. પણ આ ગધેડો તો ઉઠીએ શકતો નથી ? શું લઈ ચાલીએ ! અરેરે.... તમે તે બહું વેવલા લાગો છો. ગધેડાને ઉભો કેમ કરાય તે પણ નથી ખબર ! પછી તો આ વયોવૃદ્ધે ડફણું માર્યું કે તરત ગધેડો ઉભો થઈ ગયો. ગધેડાને લઈ ગામમાં ઉકરડે ગયા. ગધેડાને જ્યાં ઉકરડાની ગંધ આવી કે તે તો તાનમાં આવી ગયો. ઉભો પણ નહોતો થઈ શકતો તે ગધેડાએ તો ઉકરડા તરફ દોટ મૂકી. આ પ્રજાપતિ વિચારમાં પડી ગયા આ શું ! વયોવૃદ્ધે કહ્યું ચાર દિવસ પછી આને અહીંથી લઈ જજો. પણ ભૂલતા નહીં રોજ અહીં તેને રખડવા છૂટો મૂકજો નહીં તો ફરી માંદો પડશે. આને બળદો તથા ભેંસો જેવી માવજત કરશો તો દુઃખી થશે. પણ ઉકરડે રાખશો તો તાજો રહેશે.

જે જીવને જગત વિષયમાં જ આનંદ આવતો હોય, ભજન, ભક્તિ સત્સંગ કથા-વાર્તા, સેવા, સંસ્કારમાં ઉત્સાહ ન હોય તેવા જીવો માટે નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણીમાં પણ વર્ણવે છે કે, "ખરને જેમ સાકર શત્રુ" એટલે કે સુખ સાનુકૂળતા તેને માટે દુઃખદાયક નીવડે છે. તેમ જગતના જીવોને ભગવાનમાં પ્રીતિ થવી, ભગવાનના ગુણ, ચરિત્ર, ઐશ્વર્ય એ બધામાં મન લાગતું નથી. ભગવાનની ભક્તિ કરતા તેઓ દુઃખી થઈ જાય છે. કારણ કે તે અભાગી જીવ છે.

"તેમ અભાગી જીવને,
યશ હરિના ઝેર છે,
ખોટી વાતમાં મન ખૂંચે,
સાચી વાત શું વેર છે."

સંપ્રદાયનું ગૌરવ

આપણા મૂળ સંપ્રદાયના નિષ્ઠાવાન શ્રી દિલીપભાઈ શાંતિભાઈ મકવાણા (જામકા અમરેલી - હાલ મુંબઈ બોરવલી) જેઓએ ૨૦૦૭ માં લેવાયેલ મહારાષ્ટ્ર બોર્ડ એસ.એસ.સી.માં ૯૪.૪૬ ટકા મેળવીને મુંબઈ મહારાષ્ટ્ર ગુજરાતીઓમાં પ્રથમ ક્રમાંકે આવેલ છે. તેમજ ગુજરાતીમાં ૯૧ ટકા મેળવીને બોર્ડ દ્વારા "છોટાલાલ મહાસુખરામ ભટ્ટ" તેમજ "રજનીકાંત શાહ" પારિષોતિક મેળવીને સમસ્ત સંપ્રદાય અને તેમના જ્ઞાતિ-પરિવારનું ગૌરવ ગરિમા વધાર્યુ છે. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

।। ભક્તિસુધા ।।

ગુરુથી જ જ્ઞાન

- રમીલાબેન કે. મોદી
(હિંમતનગર)

પ્રાંતિજ મંદિરમાં ઘનશ્યામ મહારાજના શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વચનમાં કહ્યું કે ભણતાં ભણતાં યુનિવર્સિટી સુધી પહોંચ્યા હોઈએ ત્યારે એક પછી એક ડિગ્રી મળતી જાય છે. તેને ભેગી કરીએ છીએ. જ્યારે ધર્મમાં જ્યાં સુધી સત્સંગ કરતા જઈએ ત્યાં સુધી ડિગ્રી ટકી રહે છે. નહિ તો ડિગ્રી પાછી ખેંચાઈ જાય છે.

ગુરુ કુંભાર છે. શિષ્ય કુંભ છે. જે કુંભાર ઝીણી ઝીણી ખોટ કાઢી ઘડાને બરાબર આકાર આપવા ટપલા મારે છે. તેમ ગુરુ પણ શિષ્યની નાની નાની ભૂલો બતાવી ધારેલો આકાર આપવા ટપલા મારે છે. પણ કુંભારનો બીજો હાથ જેમ કુંભને અંદરથી પંપાળતો હોય તેમ ગુરુ પણ શિષ્ય ઉપર અંતરથી પ્રેમ જ કરતા હોય છે.

જે શિષ્ય પોતાના ગુરુની નિંદા કરે છે તેને જ્યાં સુધી આકાશમાં સૂર્ય અને ચંદ્રની ગતિ રહેશે ત્યાં સુધી નરકની યાતનાઓ ભોગવવી પડે છે. તેથી દરેક ત્યાગી ગૃહી ભક્તોએ પોતાના ગુરુનું પૂજન દેવની સમાન કરવુ જોઈએ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે-

ગુરુ કૃપાએ સુખ પામીએ ગુરુ
કૃપાએ ઉપજે જ્ઞાન
નિષ્કુળાનંદ ગુરુ કૃપા કરે તો આપે
અવિચળ ધન.

ગુરુની કૃપા આપણા ઉપર જો થઈ જાય તો ભક્તિ રૂપી અનેરુ સુખ પ્રાપ્ત થાય છે. ભક્તિની પ્રાપ્તિ થાય એટલે જ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર પણ કહેવાય છે.

જેમ ચંદન વાંસે વૃક્ષ બીજા ચંદન
સરિખાં થાય છે.
તેમ શ્રીહરિના સંબંધથી સંત
કલ્યાણકારી કહેવાય છે.

આવા ત્યાગાશ્રમી તથા ગૃહસ્થાશ્રમી એમ બન્નેના ગુરુ તો શ્રી સ્વામિનારાયણ ભગવાને ધર્મવંશી આચાર્યને કર્યા છે. તેજ સાચા ગુરુ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાનું આચાર્ય પદ, ગુરુપદ ને ઉપદેષ્ટાપદ ધર્મવંશી આચાર્યમાં સ્થાપન કર્યું. એટલું જ નહિ પણ ધર્મકુળનો આશ્રિત થઈ ને રહે તેનું જ આત્યંતિક કલ્યાણ થાય એવું ધોરણ નક્કી કર્યું.

શાસ્ત્રમાં કહેલા ગુરુના સર્વ લક્ષણો સંપન્ન હોય છતાં તે જો ધર્મવંશી ન હોય તો જન્મ મરણથી મુક્તિ ઈચ્છનાર મુમુક્ષુએ તેમને ક્યારેય ગુરુ ન કરવા. (અને તે પણ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રસ્થાપિત બે આચાર્યપદની બે ગાદીની અમદાવાદ અને વડતાલની પરંપરામાં હોય તેમને જ ગુરુ કરવા) (સત્સંગિ જીવન પ્ર.૪, અ. ૪૬, શ્લોક ૨૩).

શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય, શાસ્ત્રે, યોગે, તપે તથા વૈરાગ્યાદિ ગુણે વિશેષ હોય ને શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય તેથી ન્યૂનપણે જાણ્યામાં આવે તો પણ સાધુ, બ્રહ્મચારી તથા પાળા સમસ્તને તથા સત્સંગી સમસ્તને અમારી એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજો ને મન, કર્મ, વચને આજ્ઞામાં રહેજો. તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈ કાળે સુખ થશે નહિ ને અતિ કષ્ટ પામશે. શ્રી સ્વામિનારાયણ ભગવાને એટલા વાસ્તે તો શિક્ષાપત્રી શ્લોક ૭૧ માં આજ્ઞા કરી છે. "અમારા આશ્રિત સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય વિવાદ ન કરવો."

"ધર્મવંશી આચારજ માંય રે,
સદા રહ્યો છું મારી ઈચ્છાય રે.
એથી અમે અળગા ન રૈયે રે,
એમાં રહી દર્શન દઈએ રે.

જે મનુષ્યમાં ભગવાન માટે અવિચળ ભક્તિભાવ હોય છે. અને જે ગુરુની દોરવણી પ્રમાણે ચાલે છે. તથા ગુરુમાં એવીજ અતૂટ શ્રધ્ધા ધરાવે છે તે પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વરના સાક્ષાત્ દર્શન કરી શકે છે.

ભગવદ્ ગીતાના પ્રારંભે ધૃતરાષ્ટ્રે પોતાના મંત્રી સંજયને પૂછેલું. કુરુક્ષેત્રના યુદ્ધ સ્થળમાં શું થયું ? ગુરુ વ્યાસદેવની કૃપાથી સંજયના હૃદયમાં સમગ્ર ઘટનાનું સ્ફુરણ થયું હતું. એ રીતે તેણે યુદ્ધ સ્થળની બાબતમાં વર્ણન કર્યું હતું. આ સંવાદ અદ્‌ભુત હતો. કારણ કે આની પૂર્વે બે મહાપુરુષો વચ્ચે આવો મહત્વપૂર્ણ સંવાદ ક્યારેય થયો ન હતો. પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વર પોતાની શક્તિઓ તથા પોતાના વિષે જીવાત્મા અર્જુનને કહી રહ્યા હતા કે જે પરમ ભક્ત હતો. જો આપણે કૃષ્ણને સમજવા માટે અર્જુનના પગલે ચાલીએ તો આપણું જીવન સુખી તથા સફળ થઈ જશે. સંજયને આનો ખ્યાલ આવ્યો અને જેમ જેમ સમજાયું તેમ તેમ તેણે આ સંવાદ ધૃતરાષ્ટ્રને કહી સંભળાવ્યો.

વ્યાસજી સંજયના ગુરુ હતા અને સંજય સ્વીકારે છે કે વ્યાસજીની કૃપાથી જ તે પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વરને સમજી

શક્યો. આનો અર્થ એ જ છે કે મનુષ્યે કૃષ્ણને સીધે સીધા નહીં પરંતુ ગુરુના માધ્યમથી જ સમજવા પડે. ગુરુ પારદર્શક માધ્યમ છે. તેથી વ્યાસજીની કૃપાથી સંજયની ઈન્દ્રિયો વિશુદ્ધ થઈ હતી. તથા તે પ્રત્યક્ષ કૃષ્ણના દર્શન કરી શક્યા. તથા સંવાદને સાંભળી શક્યા. જેમ અર્જુન કૃષ્ણને પ્રત્યક્ષ સમજવા ભાગ્યશાળી થયો હતો તેમ વ્યાસજીની કૃપાથી સંજય પછી કૃષ્ણને પ્રત્યક્ષ રીતે સાંભળી શકવા સમર્થ થયો હતો. કૃષ્ણ પાસેથી પ્રત્યક્ષ રીતે સાંભળવું અને વ્યાસદેવ જેવા ગુરુના માધ્યમથી પ્રત્યક્ષ સાંભળવું આ બે વચ્ચે કોઈ ફરક નથી. ગુરુ પણ વ્યાસદેવના પ્રતિનિધિ હોય છે. તેથી વૈદિક પદ્ધતિ પ્રમાણે ગુરુના જન્મ દિવસે શિષ્યો વ્યાસ પૂજન નામનો ઉત્સવ ઉજવે છે.

એક શહેરમાં એક મંદિરમાં એક સાધુ મહારાજ રહેતા હતા. તેમની સાથે એક શિષ્ય પણ રહેતો હતો. સાધુનું વ્યાખ્યાન સાંભળવા મોટી મેદની ઉમટતી હતી. પરિણામે ભેટોનો વરસાદ થતો હતો. પરંતુ સાધુએ એક દિવસ શહેર છોડવાની વાત કરી. શિષ્ય લાલચુ હતો. તેણે ગુરુજીને થોડો વધુ સમય રોકાવાની વિનંતી કરી. પરંતુ ગુરુજી માન્યા નહિ. છેવટે ગુરુની સાથે ચેલાને પણ શહેર છોડવાની ફરજ પડી. તે અંદરથી ખૂબ ગુસ્સે ભરાયો હતો. તેણે ભેટમાં આવેલું બધું જ ધન સાથે લઈ લીધું હતું. જ્યારે ગુરુએ કશું જ લીધું ન હતું.

રસ્તામાં એક નદી આવી, બન્ને નાવમાં બેઠા. અધ વચ્ચે નાવ વમળમાં ફસાઈ ગઈ અને ડૂબવા લાગી. શિષ્યને તરતાં આવડતું ન હતું. ગુરુજી મોટા તરવૈયા હતા. તેમણે શિષ્યનો જીવ બચાવ્યો અને કિનારે પહોંચાડયો. તેમણે શિષ્યને કહ્યું ધનની લાલચ બુરી છે. તારે ભવસાગર તરવો હોય તો લાલચ છોડી દે. સંસારની નદી પાર કરવી હોય તો તરતા શીખ. જ્ઞાન અને વૈરાગ્ય વગર તું આ નદી પાર નહીં કરી શકે.

●

રાજબાઈ

– લોપા પટેલ (હરભોલા પાર્ક)

રાજબાઈના માતા-પિતા સત્સગી હતા. પોતે પણ પૂર્વનાં મુક્ત હોવાથી બાલ્યાવસ્થામાંથી જ જીવુબાની જેમ ભજન, ભક્તિ-પૂજા કર્યા કરતાં. પછી અવસ્થા થતાં લગ્નની વાત થઈ ત્યારે મા-બાપને કહી દીધું કે મારે પરણવું નથી. બહુ હા, ના પછી એના પિતા એ મહારાજને વાત કરી.

ત્યારે મહારાજે રાજબાઈને કહ્યું કે લોકના રિવાજ મુજબ તમે પરણો. તમારી ટેક સાચી હશે તો ભગવાન તમારી રક્ષા કરશે. તમારું વ્રત અખંડિત રહેશે, મહારાજની આજ્ઞાથી હા પાડી. પછી સગપણ નક્કી થયું ત્યારે તેમની માએ કહ્યું કે રાજુ, તારુ સગપણ નક્કી થઈ ગયું છે. જો આ ચુંદડી આવી.

'બળી તમારી ચુંદડી' રાજબાઈએ જરા છણકો કરીને કહ્યું કે તર્ત જ ચુંદડી ભડકો થઈને બળી જ ગઈ. પછી લગ્ન થયાં. સાસરે ગયા અને પહેલી જ રાત્રે ઓરડામાં એમના પતિને ભયંકર સિંહણરૂપે દેખાયાં. પેલો એ જ વખતે બહાર આવીને કહેવા લાગ્યો કે મારું હિત ઈચ્છતા હો તો આમને અત્યારે જ પાછા મોકલો. આ કોઈ કારણિક અવતાર છે.

પછી વેલમાં બેસીને પાછા પિયર આવી ગયા. પછી ત્યાંથી ગઢપુર આવીને જીવુબા આદિ બાઈઓ સાથે રહીને આજીવન શ્રીહરિની સેવા કરી અને વ્રત-ઉપવાસ વડે શરીરને ખૂબ કૃશ કરી નાંખ્યું. પુરુષથી વીસ હાથ છેટે રહેતા. કોઈ ગૃહસ્થ સ્ત્રીનાં ઉદરમાં પુત્ર હોય તો કહેતા કે છેટે રહેજે તારા પેટમાં છોકરો છે.

મનમાં અખંડ રહેતું કે કેમ વર્તીએ તો મહારાજ રાજી થાય. છેલ્લાના ૨૫ માં વચનામૃતમાં રાજબાઈનો પ્રશ્ન પણ છે. "તમે કીયે ગુણે કરીને રાજી થાઓ છો?" ૨૪ માં મહારાજે રાજબાઈનું ત્યાગનું અંગ છે એમ બતાવ્યું છે.

પોતે દાદા ખાચરના માસીની દીકરી થતા. અંતકાળે દાદા ખાચરને બોલાવીને કહ્યું કે મારા મૃત્યુ પછી મારા શબને કોઈ પણ પુરુષ ન અડવો જોઈએ. પછી બાઈઓએ જ અગ્નિ સંસ્કાર કરવા માંડ્યો પણ અગ્નિ સળગેજ નહિ પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે હે અગ્નિદેવ, સતી તો ચાલ્યાં ગયાં છે હવે તમે શબને દહન કરો. પછી અગ્નિ લાગ્યો. આવા પવિત્ર સતી હતા કે જેમના શબને સ્પર્શ કરતાં અગ્નિ પણ અચકાતો હતો.

●

ન ગઈ ગંગા ગોદાવરી

– રમાબેન સોની (લીંબડી)

પૂર્વનું પૂણ્ય પ્રગટ થયું જ્યારે,
સ્વામિનારાયણ મળીયા રે ત્યારે.

એક સમયને વિષે સ્વામિનારાયણ ભગવાન સવારના પહોરમાં ભાલના ગામડાઓ ફરતા-ફરતા ગામ સોઢીને પાદર પધાર્યા છે. તળાવને કાંઠે સ્નાન કરવા સારું ઉતાર્યો કર્યો.

ત્યારે શ્રીજી મહારાજે સૂરાખાચરને કહ્યું કે સૂરાખાચર તલબાવળનું દાતણ હોય તો અહીંયા કરીએ, તે સાંભળી સૂરાખાચર ગામમાં ગયા અને એક મુસલમાનની બીબી બેઠી હતી તેને પૂછ્યું કે અહીંયા બાવળના દાતણ મળશે?

તે સાંભળીને તે બાઈ બોલી કે એવો કોણ રસીયો છે? તે આ ભાલમાં બાવળનું દાતણ માંગે છે. સૂરાખાચર કહે એ ખુદા છે. ત્યારે બાઈ કહે જો ખુદા હોય તો હું આપું.

પછી તેણે એક પોતાના ઘરના

આંગણાંમાં બાવળીયો પાણી પાઈને દાતણ થાય તેવડો ઉછેરીને કર્યો હતો. એમાંથી એક જ દાતણ થાય તેવો ફૂણો બાવળ સરસ થયો હતો. તેને કાપીને તે બાઈ સૂરાખાચરની સાથે મહારાજને દાતણ દેવા આવી. મહારાજે દાતણ લઈ તળાવ કાંઠે બેસી દાતણ કર્યું. અને સરોવરમાં સ્નાન કરી માણકી પર સવાર થયા ને ચાલવા લાગ્યા. તે સમે પેલી બીબી બે હાથ જોડી વિનમ્ર પણે વિનંતીથી બોલી એ સ્વામિનારાયણ જો તુમ ખુદા હો તો મેરી નજર રખીયો.

શ્રીજી મહરાજ કહે બહુ સારૂ બીબી. અને અંત સમયે સ્વામિનારાયણ ભગવાન સંતો-પાર્ષદો સાથે પેલું દાતણ હાથમાં લઈ બાઈને તેડવા પધાર્યા. બાઈ કહે સ્વામિનારાયણ તમે કેવા ? ત્યારે મહારાજ કહે દેખ તારૂ આ દાતણ ! એમ કહી વિમાનમાં બેસાડી-ધામમાં તેડી ગયા. વ્હાલા ભક્તો સ્વામિનારાયણ ભગવાને અક્ષરધામની વાટ સરળ અને સુગમ કરી આપી છે. પાણી પાય તેમાં પણ કલ્યાણ ! દાતણ આપે તેમાં પણ કલ્યાણ ! માટે આ દેહથી દેવ-આચાર્ય અને સંતોની સેવા કરી લેવી.

ન ગઈ ગંગા ગોદાવરી કાશી
ઘેર બેઠા મળીયા અક્ષરવાસી
તપ રે તીરથમાં હું કાંઈ નં જાણું.
સહેજે સહેજે હું તો સુખડા રે માણું

●

જતનબાઈ

- ધ્વનિ પટેલ (હરભોલા પાર્ક)

ઉતર ગુજરાતના ડાંગરવા ગામના વેણીભાઈ પટેલનાં પુત્રી જતનબાઈ મહામુક્ત હતાં. શ્રીહરિના અનન્યોપાસક હતા. મહારાજે ડાંગરવા અનેક વખત પધારીને એમને ત્યાં અનંત લીલાઓ કરી છે.

એક વખત કરજીસણ જવું કે બીજે ગામ એનો વિવાદ થયો ત્યારે જતનબાઈ કહે, મેવા-પકવાનનો સ્વાદ લાગ્યો હોય તો કરજીસણ જાઓ. અને દૂધ-દહીં જમવા હોય તો ડાંગરવા પધારો. પછી અનેક સંતો હરિભક્તો સાથે ડાંગરવા પધાર્યા.

અને લોયામાં જેમ શાકોત્સવ કર્યા હતો તેમ ડાંગરવામાં દૂધી ઉત્સવ કર્યો. સંતની પંક્તિમાં ખૂબ દહીં ફેરવ્યું. બ્રહ્માનંદ સ્વામીને માથે ઢોળ્યું. રેલમછેલ કરી દીધી. બીજે દિવસે કંસાર બનાવીને એવી જ રીતે ઘી ફેરવ્યું.

મહારાજ કહે જનત, તારુ બધું ખૂટાડીને જઈશું. અરે પ્રભુ ! તમારા હસ્તના સ્પર્શે તો અનંત ઘણું થઈ જાય છે. કંઈ ખુટતું જ નથી. હજુ તો દહીં-દૂધના ઘીના ઢગલા છે. આ ભેંસો ખૂબ દૂધ દોવા દે છે. મહારાજ અઠવાડિયું ત્યાં રોકાયા અને દૂધ દહીંની રેલમ છેલમ કરી. બ્રહ્માનંદ સ્વામીએ આ લીલાનાં કીર્તનો ઘણા કર્યા છે.

એક દિવસ મહારાજ જમીને બેઠા હતા, ને જતનબાઈ દશશેર દૂધ કાઢી ઈલાયચી વગેરે નાંખીને લાવ્યા ને, પ્રભુ ! આ પાન કરી જાઓ. એમ કહ્યું, મહારાજ કહે, હમણાં જ જમ્યા છીએ એટલે નહીં પીવાય. પણ આ તો તમને સજાના રૂપે છે. કારણ કે તમે બોલ્યા હતા દહીં દૂધ ખૂટાડીને જઈશું. પણ ખોટા પડ્યા છો. કશું ખુટ્યું નથી. માટે એ સજા તરીકે બધું દૂધ પી જાઓ. ભક્તાગૃહને વશ થઈ ને ભગવાન દૂધ પાન કરી ગયા.

એકવાર ગામના માણસોએ કહ્યું કે મહારાજ વરસાદ નહિ થાય તો ખેતી નકામી જશે. માટે કૃપા કરો. પછી પ્રભુ કહે, આ જતનબાઈ મહા સંત છે. એ કહે તો વરસાદ થાય. પછી જતનબાઈના કહેવાથી વરસાદ થયો. આમ ભગવાન ભક્તનો મહિમા વધારતા. આવા જતનબાઈ મહામુક્ત હતા. એમના ઘર તથા સ્થળ હજું એમને એમ છે.

●

ધમડકામાં કરણીબા અને રાયઘણજી દરબારને આંગણે શ્રીહરિ

- શ્રીમતી પુષ્પાબેન કેરાઇ (અંજાર-કચ્છ)

શ્રીજી મહારાજ માંડવીમાં ખૈયા ખત્રીને રાજી કરીને અન્ય નવા સત્સંગીઓ કરીને માંડવીથી મુન્દ્રાથી, કેરાથી બળદીયામાં ગંગાજીમાં સ્નાન કરીને, બલદેશ્વર મહાદેવના દર્શન કરીને, ભુજમાં લાધીબાઈ અને માતાજીને દર્શન આપીને, સુંદરજીભાઈને ત્યાં પ્રસાદ લઈને થોડો વિરામ લીધો. અને ત્યાંથી અંજાર થઈ પ્રભુએ સીધા ધમડકા જઈને ઉતારો કર્યો.

ધમડકામાં રામાનંદ સ્વામી વખતના કરણીબા અને રાયઘણજી દરબાર સ્વામિનારાયણ ભગવાનનાં પ્રિય ભક્ત બન્યા હતા. એ વખતે ધમડકા એ સારો વેપાર કરતું એક નગર હતું. વસ્તી પણ સારી. કચ્છના અલગ અલગ વિસ્તારમાંથી વેપારીઓ અહિં વેપાર અર્થે આવતા. દિવસે ધમડકા વેપારીઓ અને ગ્રાહકોની મોટી હાજરીથી ધમધમી ઉઠતું.

આ શહેરની પાદરમાં આવેલી પાઠશાળામાં કંડાના વૃક્ષ નીચે સંસ્કૃતનો અભ્યાસ કરેલ ખાણ ગામના લાડુદાન ગઢવી ગઢડામાં ઘણા દિવસ પ્રભુની સાથે રહ્યા હતા. પ્રભુના અમુક કીર્તનો પણ રચ્યા હતા અને ત્યારબાદ સત્સંગમાં લગની લાગતા એમણે શ્રીજી મહારાજના હસ્તે દીક્ષા લઈને બ્રહ્માનંદ સ્વામી તરીકે સત્સંગમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ધમડકા પ્રભુ અવાર નવાર પધારતા. થોડો સમય રહેતા. મોટે ભાગે કરણીબાને ત્યાંજ ઊતરતા. તો વળી ક્યારેક સારો ભક્તિભાવ ધરાવતા રાયઘણજી દરબારને ત્યાં પણ ઊતારો રાખતા. ત્યાંથી પ્રભુ આજુ-બાજુના વિસ્તારમાં જતા. મુમુક્ષુજનોને બોધ પાઠ આપતા અને સત્સંગની અલૌકિક વાતો કરતા. પ્રભુ રોજ

વહેલી સવારે બાજુમાં દુધઈ નજીક આવેલા ખાસ 'ઘો' માં સ્નાન કરવા જતાં જે આગળ જતાં શ્રીજી પાવનથી 'ઊન્મત ગંગા' તરીકે પ્રસિદ્ધ થયું. નવાઈની વાત તો એ હતી કે આ પાણી અનેક દુકાળો જોયા છતાંય કદીય સુકાતું નહિ.

સાંજે કરણીબાના દરબારમાં ખુલ્લા ચોકમાં સભા ભરાતી. જ્યાં સત્સંગીઓ સિવાયના ઘણાય ભક્તિ-પ્રિય ગ્રામજનો સ્વામિનારાયણ સંપ્રદાયના ભગવાન તરીકે પૂજાતા ધર્મગુરુની દિવ્ય વાણી સાંભળવા એકઠા થતા હતા. અમુક સંતો આજુબાજુના વિસ્તારોમાં જઈ એકઠાં થતાં. અન્ય સંતો આજુ બાજુના વિસ્તારોમાં વ્યસન મુક્તિની ઝુંબેશ ચલાવતા. રોજ નિત્ય નવા ઘરે પ્રભુ એમના સંતો સાથે થાળ જમવા પધારતા. ધમડકા, દુધઈ અને આજુ-બાજુના વિસ્તારમાં પ્રભુએ પોતાની અદ્‌ભુત વાણીથી અનેકને વ્યસનો છોડાવ્યા. અનેકને વહેલા ઉઠીને સ્નાન કરતા કર્યા. ગમે ત્યાં, ગમે તેવું અને ગમે તેના હાથનું ખાવાનું બંધ કરાવ્યું. ગાળેલ પાણી પીવાની પ્રથા ચાલુ કરાવી. ભાંડ-ભવાઈ અને નાટકો જોવાનાં ઓછા થયા. જુગાર ખાનાં બંધ થયા. બિભત્સ શબ્દોની આપ લે અને વાતવાતમાં ગાળો બોલવાની ટેવો ઓછી થવાં માંડી. માંસાહારનો ત્યાગ કરીને લોકો સંપૂર્ણ શાકાહારી બન્યા. વ્યભિચારમાં ઓટ આવી. લગ્ન પ્રસંગે ગવાતાં બિભત્સ ફટાંણાનાં ગીતો બંધ કરાવીને પ્રભુએ પોતાના કવિ સંતોએ રચેલાં રૂકમણી-કૃષ્ણ વિવાહનાં ગીતો રજુ કર્યા. પાપી પેટનો ખાડો પુરવા માટે ચોરીનો અધમ ધંધો કરતા લોકોને બોધપાઠ આપીને ખેત-મજૂર અને અન્ય કામે લગાડ્યા. આ ગામમાં કરણીબા અને રાયઘણજી દરબારનો સ્વામિનારાયણ ભગવાનના આદમનથી ઘણો પ્રભાવ વધી ગયો હતો. માન-સન્માન પણ વધી ગયા હતા. સ્વામિનારાયણ ભગવાનના એમના પર અતિ કૃપા હતી.

એક વખત ગામના અગ્રણીય સત્સંગીઓ કરણીબા અને રાયઘણજી સાથે પ્રભુને દર્શને ગઢડા ગયેલા અને ધમડકામાં શિખરબંધ મંદિર બાંધવાની વિનંતી કરેલી. પ્રભુએ એમની ઈચ્છાને વધાવી પણ ધમડકામાં થોડા સમયમાં ભયંકર ધરતીકંપ થવાનો છે જેથી કરીને ધમડકા ખાલી કરવાનો વારો આવશે એવી આગાહી પ્રભુએ કરી. અને તમામ સત્સંગીઓને વહેલી તકે પોતાના ધંધા-વેપાર સમેટી ઘરવખરી લઈને અંજાર, ભૂજ અને માંડવી જઈને સ્થાયી થાય એવી આજ્ઞા કરી. જેથી કરીને પ્રભુએ ભુજ શહેરમાં શિખરબંધ મંદિર બંધાવવાનો નિર્ણય લીધો. જેનો ઈતિહાસ સાક્ષી છે કે થોડા જ મહિનાઓમાં કચ્છમાં ભૂકંપ ત્રાટક્યો અને આખું ધમડકા શહેર ધરતીમાં ગરકાવ થઈ ગયું. કરોડોની નુકશાની થઈ. હજારો ઘાયલ થયા. શ્રીજી મહારાજની આજ્ઞાથી સત્સંગીઓ પર વિશ્વાસ રાખીને જે સંપ્રદાયના હિતેચ્છુઓ ધમડકા છોડીને ચાલ્યા ગયા હતા, એમણે પોતાની જાતના સદ્‌ભાગ્ય માન્યા કે તેઓ સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી સાથે શહેર છોડીને ચાલ્યા ગયા.

"ગોપી બન્યા ગિરધારી"


એક સમયે પ્રભુને ધમડકાની સ્ત્રીવૃંદ સાથે ગમ્મત કરવાની ઈચ્છા થઈ. કરણીબાને એમની ઈચ્છા દર્શાવી. અને કરણીબાઈની ફઈબાની દીકરીએ લગ્નમાં પ્રભુને સ્ત્રીનો પહેરવેશ પહેરાવ્યો, આંખો આંજી, કાનમાં કૂંડલ પહેરાવ્યાં, હાથમાં બંગડીઓ પહેરી, પગમાં ઝાંઝર અને નકલી વાળ લગાવીને માથે સેંથો પુરાવ્યો અને જ્યાં બેસીને સ્ત્રીઓ લગ્ન ગીતની રમઝટ ચાલતી હતી ત્યાં જઈને પ્રભુ સ્ત્રી વેષે છાનામાના બેસી ગયા. થોડીવાર સુધીમાં તો કોઈને કંઈ ખબર ન પડી. પણ પછી આ કોઈ અજાણી રૂપાળી બાઈને જોઈને એ કોણ છે ? ક્યાંથી આવી છે ? અને કોની સગી છે. એવી ગુપસુપ થવા માંડી. કોઈએ પણ એ બાઈની ઓળખાણ ન આપી એટલે બહેનોએ કરણીબાને પૂછપરછ કરી. કદાચ એમની સાથે કોઈ ખાસ મહેમાન પધાર્યું હોય ! પ્રભુ સામે કટાક્ષભરી નજર કરીને કરણીબાએ પણ એ નવી બાઈને ઓળખવાની ના પાડી. તો પછી એ સુંદર ચહેરાવાળી બાઈ કોણ હશે ? અને અહિંયા કોના આમંત્રણે એ આવી હશે ? જાનૈયા બાઈઓને પૂછવામાં આવ્યું તો એમનામાંથી પણ કોઈએ રૂપાળા ચહેરા વાળી મગજેલ બાઈને કોઈ ઓળખી શક્યું નહિ.

લગ્ન મંડપમાં કોઈ સાવ ન ઓળખે એવી નવી રૂપરૂપનો અંબાર યુવાન બાઈ આવી છે અને સૌના વચ્ચે બેઠી છે. એવી વાત વાયુવેગે પ્રસરી ગઈ. અને ગામના ચાર યુવાનોએ ભેગા થઈને સ્ત્રીવૃંદમાં દાખલ થયા અને એ નવાંતુક બાઈને હાકલ મારીને પોતે કોણ છે ? ક્યાંથી આવી છે ? કોના આમંત્રણે આવી છે ? એવા પ્રશ્નોની ઝડી વરસાવી. પણ પ્રભુના મુખડા સામે જોતાં જ, આવું સુંદર રૂપાળુ યોવન પ્રથમ વખત નિહાળતા યુવાનીયાઓની બોલતી બંધ થઈ ગઈ ! ધરાઈને આ તમાસો જોઈ રહેલા કરણીબાએ એમને ત્યાંથી કાઢ્યા અને પ્રભુને ત્યાંથી અંદરના ઓરડામાં લઈ ગયાં. અને સ્ત્રીનો વેશ ઊતારી પોતાનો પહેરવેશ પહેરવાની પ્રાર્થના કરી. પ્રભુ જો એ નારીવેશમાં થોડો વધારો સમય બેસી રહેશે તો અર્થનો અનર્થ થઈ જશે. જેથી કરણી બાએ પ્રભુના આ નાટકનો અંત આણ્યો.

પાછળ જતાં સત્સંગમાં કરણીબાનાં મુખેથી સાંભળેલી આ પ્રભુની લીલાનું સુંદર કીર્તન બન્યું "ગોપી બન્યા ગિરધારી" જે આજે સમગ્ર ગુજરાતમાં સીડી અને કેસેટ સ્વરૂપે જોવા મળે છે.

●

?????????????????પ્રશ્નપેટી?????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ નાની ઉંમરમાં મયારામ ભટ્ટ વિધુર થયા હતા, તેથી સગા-સંબંધીઓએ તેમને આગ્રહ કરીને ફરી પરણવા કહ્યું ત્યારે મયારામ ભટ્ટે શું કહ્યું ?

પ્રશ્ન : ૨ ધર્મ કોને જાણવો ? તે શિક્ષાપત્રીમાં કયા શ્લોકમાં કહ્યું છે ?

પ્રશ્ન : ૩ જેવા પોતાના સગાંવ્હાલા હોય અથવા મા-બાપ હોય તેનો પક્ષ રહે છે તેવો ભગવાનના ભક્તનો દઢ પક્ષ રાખવો.'' - કયા વચનામૃતમાં મહારાજે આ વાત કરી છે ?

પ્રશ્ન : ૪ यं यं वाडपि स्मरन्भावं, त्यजत्यन्ते क्लेवरम्: । तं तभेवैतिकौन्तेय, सदा तद्भाव भावितः ॥
ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર ગીતાના કયા અધ્યાયમાં આ શ્લોક કહે છે, તેમાં શું ભાવાર્થ રહેલો છે ?

પ્રશ્ન : ૫ ભગવાનના વચન પ્રમાણે વર્તવું તે બાબત કયા ગ્રંથમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ વર્ણવેલી છે તેનું શું નામ રાખ્યું છે ?

પ્રશ્ન : ૬ ''ભગવાન વિના બીજા પદાર્થમાં રખે મારૂં અંગ બંધાઈ જાય નહિ ?'' - એવું અંગ કયા ભક્તરાજનું હતું જેની પ્રશંસા સ્વયં શ્રીજી મહારાજે કરી છે.

પ્રશ્ન : ૭ ''હાલરડું અતિ વાલરડું, હરિને ગાવે ગોપી હાલરડું'' - આ સુંદર પ્રભુના ''હાલરડાના પદના'' રચયિતા કોણ છે ?

જૂલાઈ-૨૦૦૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) કોઈની કોઈપણ ગૃહવાર્તા તે કોઈ ઠેકાણે પ્રકાશ કરવી નહીં (શિ. ૭૫). (૨) સ્વયં શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો અને પોતે જ ઉત્તર કર્યો. (૩) તમારા જેવા ભોમિયાની જરૂર છે. (૪) બંધીયા ગામ. (૫) હું ઘેર આવીશ તો એ કાંઈ જીવતો નહીં થાય, તેનો અગ્નિ સંસ્કાર કરી નાખજો. (૬) ૧. દેશ, ૨. કાળ, ૩. ક્રિયા, ૪. સંગ, ૫. મંત્ર, ૬. શાસ્ત્ર, ૭. દીક્ષા, ૮. ધ્યાન. (૭) સ.ગુ. મુક્તાનંદ સ્વામી

૧. ચંદ્રિકા, વૈશાલી, જ્યોત્સના - જીરાગઢ
૨. સાં.યો. ભારતીબા, મંજુબા, શાંતાબા - (શ્રી સ્વા. મંદિર કાલુપુર હવેલી)
૩. અરવિંદાબેન આર. ભાવસાર - ચાંદલોડીયા
૪. વિણાબેન આર. ભાવસાર - નવરંગપુરા
૫. સાં.યો. રસીલાબા તથા રેખાબા - ઈસનપુર
૬. હસુમતીબેન ઠક્કર - ઈસનપુર
૭. વિનોદ પી. પટેલ - વહેલાલ
૮. કથીરીયા દલસુખભાઈ દેવચંદભાઈ
૯. મધુબેન અશોકભાઈ પટેલ - વિરાટનગર
૧૦. સાં.યો. રંજનબા તથા નાનીબા - વિરાટનગર (સ્વા.મં. બહેનોનું)
૧૧. સાં.યો. રસીલાબા તથા અસ્મિતાબ - (શ્રી સ્વા. મંદિર કાલુપુર હવેલી)
૧૨. સાં.યો. રંજનબા તથા રેખાબા - (સ્વા.મં. બાલાસિનોર બહેનોનું)
૧૩. અલ્કાબેન અશ્વિનભાઈ સુખડીયા - મયુરપાર્ક
૧૪. શાંતાબેન રસિકભાઈ પટેલ - રાણીપ
૧૫. વંદનાબેન રસિકભાઈ પટેલ - રાણીપ
૧૬. કૌશિક, જ્યોત્સના, પુષ્પા, રસીલા - જીરાગઢ
૧૭. પિયુષ, અંકિત, અવની - રાજકોટ
૧૮. સાં. કંચનબા, કુંદનબા - સ્વા.મં. મેડા
૧૯. કૈલાસબેન વિષ્ણુભાઈ પટેલ - નાંદોલ
૨૦. શારદાબેન કાંતિભાઈ પટેલ - નાંદોલ
૨૧. પ્રફુલાબેન એસ. પટેલ - અમદાવાદ.
૨૨. દિવ્યાંગ, પ્રયાગ, કૌશલ, રક્ષા, પૂજા, વનિતા - મારૂસણા
૨૩. રૂક્ષ્મણીબેન સુખદેવભાઈ (મીના) - મેઢા
૨૪. વિઠ્ઠલપરા અમરશીભાઈ વી. નવસારી
૨૫. માધવજીભાઈ આદ્રોજા - મોરબી
૨૬. રૂપજીભાઈ દેવજી - જુના દેવળીયા
૨૭. સોની ભગવાનદાસ વેલજીભાઈ - મોરબી
૨૮. ગોરધનદાસ શંકરદાસ પટેલ - સોજા
૨૯. અમૃતલાલ મોદી - સોજા

નોંધ : (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.
(૨) પ્રશ્નના જવાબ સ્વચ્છ અને વંચાય તેવા અક્ષરે લખીને મોકલાવવા અને નામ એક જવાબ પત્ર ઉપર એકજ વ્યક્તિનું હોવું જોઈએ. તેનું જ નામ અંકમાં લખવામાં આવશે.

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ

પરમકૃપાળુ ભગવાન શ્રીહરિએ કૃપા કરીને સમસ્ત સત્સંગને પોતાના જ પવિત્ર વંશજ પુત્રોને ગુરૂપદે સ્થાપિત કર્યા. જેમના દ્વારા હજારો મુમુક્ષુઓ પોતાના આધ્યાત્મ માર્ગને સુગમ કરીને પરમાત્માની કૃપા વર્ષાને પામ્યા છે.

ભગવાન શ્રીહરિ સ્થાપિત શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનના સપ્તમ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ઉત્તર વિભાગના ગુરુસ્થાને બિરાજમાન છે. હાલ વિદેશના ધર્મપ્રવાસે પધાર્યા હોવાથી તેમના સ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે સમસ્ત સત્સંગ સમાજે શ્રધ્ધા અને ભાવથી વૈદિક મંત્રોચ્ચાર પૂર્વક પૂજન કરીને મહદ્ અંશે ગુરૂઋણ અદા કર્યું. મંગલ પ્રભાતે શ્રી નરનારાયણદેવની શૃંગાર આરતી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી વિશાળ સભામાં ગાદી ઉપર વિરાજમાન થયા.

પ્રથમ અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ ગુરુપૂર્ણિમા અને ધર્મવંશી ગુરુનું માહાત્મય શાસ્ત્રોક્ત રીતે સમજાવીને સુંદર સમજ પુરી પાડી હતી. ત્યારબાદ વિદ્વાન પંડિતોએ વેદવિધિસર પૂજન કર્યું. વડીલ સંતો અને ટ્રસ્ટી મંડળ અને વડીલ હરિભક્તોએ પૂષ્પમાળા પહેરાવીને તથા ભાવથી આરતી ઉતારીને ગુરુ પૂજન કર્યું. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપીને સૌને રાજી કર્યા. સમસ્ત સંત-પાર્ષદો અને હજારોની સંખ્યામાં પધારેલ હરિભક્તોએ પુષ્માળા, ભેટ અને ચરણ સ્પર્શ કરીને શ્રધ્ધા ભાવથી કૃતકૃત્યતા અનુભવીને રાજી થયા.

(કોઠારી સ્વામી સત્યપ્રકાશદાસજી)

એપ્રોચ બાપુનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કેશર સ્નાન અને ગુરુમંત્ર પ્રાપ્તિ

અમદાવાદના હાર્દ સમા બાપુનગર એપ્રોચમાં તા. ૨૯-૬-૨૦૦૭ના શ્રીઘનશ્યામ મહારાજને કેશર સ્નાન વેદવિધિસર સંપન્ન થયેલ. અહીં શ્રી નરનારાયણદેવ ગાદીનું મંદિર નિર્માણ થતા સત્સંગીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂજ્ય સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીની શુભ પ્રેરણા અને તેમના શિષ્ય એપ્રોચ મંદિરના સ.ગુ. મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીના માર્ગદર્શન અને કથાવાર્તાના સુંદર યોગથી ઘણા જ શ્રીહરિના નવા આશ્રિતો થતા તેમને સંપ્રદાયની પરંપરા અને શિક્ષાપત્રીની આજ્ઞાનુંસાર ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી પાસે ગુરુમંત્ર લેવો ફરજિયાત છે. અને તે આપણા સંપ્રદાયની પ્રણાલી છે. જેથી તા. ૨૩-૭-૨૦૦૭ને સોમવારે સવારે ૯-૩૦ કલાકે એપ્રોચશ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૬૫૦ જેટલા શ્રીહરિના શ્રી નરનારાયણદેવના નવા આશ્રિતોને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ગુરુમંત્ર-શરણંમંત્ર આપીને રૂડા આશીર્વાદ સાથે સત્સંગી તરીકેનું બિરુદ આપ્યું. તેજ રીતે સમસ્ત બ્હેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ ૪૫૦ જેટલા બહેનોને ગુરુમંત્ર આપીને ખરા અર્થમાં સત્સંગી બનાવીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. દરેક આશ્રિતોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી ભેટ પૂજન કર્યું હતું. પ્રાસંગિક સભામાં પૂજ્ય મહંત શા.સ્વામી નિર્ગુણદાસજીએ ગુરુ મંત્રનો મહિમા અને માહાત્મ્ય સમજાવ્યું હતું. સૌ હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(કોઠારી પાર્ષદ ભુરા ભગત)

ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા

અતિ પ્રાચીન અને સંપ્રદાયમાં પણ ઐતિહાસિક એવી ધોળકા નગરીમાં સર્વાવતારી શ્રી ઘનશ્યામ મહારાજની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાનું સુંદર આયોજન શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૫-૬-૨૦૦૭ થી તા. ૧૯-૬-૨૦૦૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ, હોમાત્મક વિષ્ણુયાગ, હોમાત્મક મહાપૂજા શ્રીનરનારાયણદેવ યુવક મંડળની જ્ઞાન શિબિર અને રાત્રીકાલિન સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી મહિલા જાગૃતિ અભિયાન આદિ સુંદર કાર્યક્રમો સર્વોપરિ શ્રી મોરલી મનોહર દેવ હરિકૃષ્ણ મહારાજના દિવ્ય સાંનિધ્યમાં અને શ્રીજી મહારાજના પવિત્ર કુળ અને તેમના જ અપર સ્વરૂપો શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ધામધુમથી સંપન્ન થયા.

આ પ્રસંગે શ્રી નરનારાયણદેવ દેશના અમદાવાદ, મૂળી અને કચ્છ દેશના અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશના હજારો ભક્તજનો અને સંત સમુદાયે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને મહોત્સવને માણ્યો. આ પ્રસંગે આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણના વક્તા પદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ સુંદર શૈલીમાં કથામૃતપાન કરાવ્યું હતું. પારાયણ દરમ્યાન ઋકમણી

વિવાહ સુંદર રીતે ઉજવાયેલ. ધોળકાના રાજમાર્ગો પર સુંદર શણગારેલ વાહનમાં ઠાકોરજીનો દેદિપ્યમાન વરઘોડો કાઢવામાં આવેલ. જેમાં ચારથી પાંચ હજાર હરિભક્તો અને સંતોનો મોટો સમુદાય જોડાયો હતો. શોભાયાત્રાના અલૌકિક દર્શન કરી ગામના નગરજનો અને શ્રીહરિના આશ્રિતજનો ખૂબજ ભાવ વિભોર બન્યા હતા.

તા. ૧૯-૬-૨૦૦૭ના શુભ મંગળ દિને સંપ્રદાયના વડા શ્રી નરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પ્રાતઃ ૬-૩૦ કલાકે ધોળકા પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ખૂબજ ધામધુમથી સ્વાગત સામૈયું કરીને પ્રાણ પ્યારા પૂ. આચાર્ય મહારાજશ્રીને વધાવ્યા હતાં. સૌ પ્રથમ સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા (નિજ સ્વરૂપનું કલર કામ કરવાથી) પોતાના શુભ વરદ્ હસ્તે વેદ વિધિસર રીતે કરીને ભક્તજનોને અલૌકિક મહા દર્શનનો અલભ્ય લાભ આપ્યો હતો.

પ્રાસંગિક સભામાં પૂજ્ય બન્ને મહંત સ્વામીએ પુષ્પહાર પહેરાવીને પૂ. મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ વિવિધ ઉત્સવના યજમાનોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. અનેક વિદ્વાન સંતોએ જણાવ્યું કે આ ધોળકા નગરનો ઈતિહાસ જગ પ્રસિધ્ધ છે. સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામીએ શ્રી હનુમાનજી મહારાજની સ્થાપના કરીને ભક્તજનોના મનોરથને પરિપૂર્ણ કરેલ છે. આ સ્થળે બ્રહ્મરાક્ષસનો પણ ઉદ્ધાર કર્યો છે. શ્રીજી મહારાજે અહીં અનેક લીલાઓ કરીને સ્વયં ઠાકોરજીની પ્રાણ-પ્રતિષ્ઠા કરેલી છે. જેથી તેનો મહિમા અપરંપાર છે. મોક્ષનું સદાવ્રત ચાલુ કરેલ તે ચાલ્યા જ કરે છે. સંપ્રદાય સાથે ઐતિહાસિક પુરાણ કથાઓ અનુસાર દ્રોપદીનું જન્મ સ્થળ, મહા ભારતનો ઈતિહાસ તથા પાંચ પાંડવોનો ગુપ્તવાસ વગેરે કથાઓ આ સ્થળ સાથે સંકળાયેલી છે. આ રીતે સંતોએ પોતાના વકતવ્યમાં સંપ્રદાયની લીલાઓ સાથે સુંદર ઈતિહાસની પણ વાત કરી હતી.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ ભક્તજનોને સત્સંગમાં નિષ્ઠા અને આશરાનું બળ મળતું રહે અને શ્રી નરનારાયણદેવની દ્રઢ નિષ્ઠા રાખતી તેમજ અત્રે મંદિરમાં બિરાજમાન સર્વોપરિ શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજ આપણા માટે ભુક્તિ અને મુક્તિના દાતા છે. આપ સૌને સર્વ પ્રકારે શ્રી નરનારાયણદેવ સુખીયા કરે તેવી તેમના દિવ્ય ચરણોમાં પ્રાર્થના છે.

આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને દર્શન આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું હતું. બહેનોના ધર્મગુરુ એવા લક્ષ્મીસ્વરૂપ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પણ અત્રે પધારીને બહેનોને રૂડા આશીર્વાદ સાથે સત્સંગનું બળ રાખવા આજ્ઞા કરી હતી.

આ મહોત્સવમાં સ.ગુ. સ્વામી નંદ કિશોરદાસજી, સ્વામી રાજેન્દ્રપ્રસાદ-દાસજી, અનિરૂધ્ધ સ્વામી, નરનારાયણ સ્વામી, અચલપ્રકાશ, એચ. કે. સ્વામી અને અન્ય સંત મંડળે સુંદર સેવા બજાવી હતી. સ્વયં સેવકોની સેવા પણ નોંધપાત્ર હતી. આ પ્રસંગમાં ખાસ અમદાવાદના પ.ભ. કાંતિભાઈ જોઈતારામ પટેલ (ઘનશ્યામ કન્ટ્રકશન કું.)ની સેવા ખૂબજ પ્રેરણા રૂપ હતી. અગાઉ આ મંદિરના અન્ય નિર્માણ કાર્યમાં પણ તેઓ સેવામાં અગ્રેસર હતા. આપણા અનેક હરિભક્તોએ તેમની જેમ સેવામાં ખૂબજ સહયોગ આપ્યો હતો.

ધોળકા, બાવળા, ચલોડા, કોઠ, ભાયલા, સાકોદરા, બળોલ ભાલ, જવારજ, ભાત, કાશીન્દ્રા, સરોડા આદિ ગામના ભક્તજનોએ ખડે પગે સેવા બજાવી હતી. સૌ સેવા કરનાર ભક્તોનું શ્રીહરિ રૂડું કરે તેવી પ્રાર્થના.

(નરનારાયણ સ્વામી)

ઈડર મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

ઈડર મંદિરમાં બિરાજમાન મહાપ્રતાપી દેવશ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી સૂર્ય નારાયણ દેવનો *૬૧ મો પાટોત્સવ જેઠ સુદ-૧૩ ના* પ.પૂ.ધ.ધુ. મોટા આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

પ્રાતઃ ૭-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો હતો. ત્યારબાદ અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં ઈડર મંદિરના મહંત સ્વામીએ પુષ્પહારથી પ.પૂ. મોટા મહારાજશ્રીનું સ્વાગત પૂજન કર્યું હતું. પાટોત્સવના યજમાન અનિ. કાળાભાઈ દેવચંદભાઈ પરિવારના ગં.સ્વ. રેવીબેન નારણભાઈ પટેલના પુત્રો શ્રી યોગેશભાઈ અને તેમના પુત્રો ઝલક તથા તૃપ્ત અને પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરીને આશીર્વાદ સાથે ઠાકોરજીની મૂર્તિ ભેટ રૂપે મેળવી હતી. સભામાં નવ ગામ લેઉવા પાટીદારના આગેવાનો તથા ઈડર અને સાપાવાડાના હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન હારતોરા કરી આરતી ઉતારી હતી. આ પ્રસંગે ઈડરના આગેવાન મુસ્લિમ સમાજે પ.પૂ. મોટા મહારાજશ્રીનું હારતોરા કરી દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. અનેક ધામોથી પધારેલા સંતોએ પણ પ.પૂ. મોટા મહારાજશ્રીને હાર તોરા કરી દર્શન આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ જેમને શ્રી નરનારાયણદેવ દેશ સ્કીમ કમિટીના સભ્ય પદે નિયુક્ત કર્યા છે તેવા પ.ભ. ડો. કે.કે. પટેલનું પ.પૂ. મોટા મહારાજશ્રીએ રાજીપાનો હાર પહેરાવીને રૂડા આશીર્વાદ સાથે ઠાકોરજીનું પ્રસાદીનું સ્વરૂપ આપી તેમના પર ખૂબજ પ્રસન્ન થયા હતા.

પ્રાસંગિક સભામાં અમદાવાદ, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ, ટોડલા, સાપાવાડા અને લેઈથી પધારેલ સંતોએ પ્રાસંગિક પ્રવચન કરેલ.

પ.ભ. ડો. કે.કે. પટેલે (નવા નિયુક્ત

થયેલા સ્કીમ કોમેટી સભ્યશ્રી) ખૂબજ ભાવ વિભોર થઈ જણાવ્યું કે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ અમારા પરિવાર પર અતિ રાજી થઈ આ મહા મોટી ગૌરવ સમી સેવા સોંપીને અમારા પર અતિ દયા કૃપા કરી છે. અમને પ.પૂ. મહારાજશ્રીનો વિશેષને વિશેષ રાજીપો મળતો રહે અને તેમની આજ્ઞામાં વર્તવાનો ખટકો રહે તેમજ સૌ ભક્તજનો ખૂબજ રાજી થાય એજ મહારાજ પાસે પ્રાર્થના છે. અને પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં આપણે સૌએ કટીબધ્ધ થઈ તન, મન અને ધનથી જેટલી થાય તેટલી સેવા કરી લેવી. જીવનમાં આવો અવસર ફરી નહીં મળે. આમ સુંદર વાત ડોકટર સાહેબે કરી.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં એવા દિવ્ય પ્રસાદી ના સૌને દર્શન થશે જે કલ્યાણના માર્ગમાં અતિ ઉપયોગી થશે. પાટોત્સવના યજમાન પરિવાર અને મહંત સ્વામીની સેવાને બિરદાવીને આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા.

યજમાનશ્રીના ઘરે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને તેમનું ઘર પાવન કર્યું હતું. *(કોઠારી સત્યસંકલ્પદાસજી)*

સિધ્ધપુર મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

સિધ્ધપુર આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૪૩ વર્ષ પહેલા આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કરી હતી. અત્રે ૧૪૩ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત શા. સ્વામી શ્રીરંગદાસજીની પ્રેરણાથી અમદાવાદના પ.ભ. નટુભાઈ શાંતિલાલ પરિવારે તરફથી ઉજવાયો હતો.

તા. ૨૭-૬-૦૭ના રોજ સંતોએ ઠાકોરજીનો મહાભિષેક વેદ વિધિસર કરેલ. ત્યારબાદ ઠાકોરજીને અન્નકૂટ ધરાવવામાં આવેલ. પ્રાસંગિક સભામાં શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી, શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી અને શા.સ્વામી ચંદ્રપ્રકાશદાસજી આદિ સંતોએ ઠાકોરજીનું માહાત્મ્ય પોતાના પ્રવચનમાં કહ્યું હતું. યજમાન પરિવારનું સંતોએ ફુલહારથી સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા.

(કોઠારી સ્વામી)

અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

સર્વોપરિ ઈષ્ટદેવ બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનું બાળપણ જ્યાં વિતેલું અને જ્યાં નાની મોટી અનેક લીલાઓ કરી છે તેવા પવિત્ર તીર્થોત્તમ અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજીની પ્રેરણાથી લંડનના અ.નિ.પ.ભ. શામજી હરજી કેરાઈ, અ.નિ.પ.ભ. સુંદરબાઈ જેઠાભાઈ માવજી હિરાણીના સ્મરણાર્થે માધાપર (કચ્છ) તરફથી શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ મહોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. પ્રાતઃ ૬-૩૦ કલાકે ઠાકોરજીને ષોડશોપચાર અભિષેક અને શણગાર આરતી બાદ અન્નકૂટ ધરાવવામાં આવેલ. અત્રે દર્શનાર્થે પધારેલા હરિભક્તો અને સ્થાનિક ધર્મ પ્રેમી જનોએ દર્શનનો દિવ્ય લાભ લીધો હતો. આ પ્રસંગે સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી તથા છપૈયાના મહંત સ્વામી આદિ સંતોએ સભામાં ઘનશ્યામ મહારાજનું લીલા ચરિત્ર સુંદર રીતે કહ્યું હતું. સંત-મંડળની સેવા પ્રેરણારૂપ હતી. અધિકમાસમાં પ.પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી અમદાવાદના પ.ભ. અરૂણાબેન દરજી તરફથી શ્રીઘનશ્યામ લીલામૃતની કથા શાસ્ત્રી સ્વામી યોગીચરણદાસે કરી હતી. *(સાધુ યોગીચરણદાસ)*

ઝુલાસણ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જેઠ સુદ-૧૦ ના તા. ૨૫-૬-૦૭ના રોજ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની અંતર્ધાન તિથિ નિમિત્તે સત્સંગ સભામાં ભજન-કીર્તન ધૂન્ય અને કથા વાર્તા આદિ માણસા મંદિરના સંતોએ કરી હતી.

(ઘનશ્યામભાઇ ગજ્જર)

નવા વણઝર (સરખેજ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે અધિક માસમાં કથા-વાર્તા-કીર્તન-ધૂન આદિ કાર્યક્રમ સ્વામી સ્વયંપ્રકાશદાસજી અને સંત મંડળે કરેલ.

શ્રીજી મહારાજની અંતર્ધાન તિથિ નિમિત્તે ધૂન-ભજન-કીર્તનનો સુંદર કાર્યક્રમ રાખેલ. ઘણા જ હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

(રમણભાઈ પટેલ)

ઓલપાડ (સુરત)

અત્રે ઓલપાડમાં હાલારના હરિભક્તો નોકરી ધંધાર્થે સ્થાયી થયેલા છે. જે સૌ હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. નિવૃત આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સત્સંગની વિશેષ જાગૃતિ માટે હરિભક્તોને સત્સંગ સભાનું આયોજન કરવાની આજ્ઞા કરી છે. જેથી હરિભક્તો દર ગુરુવારે રાત્રે ૮ થી ૯ સત્સંગ સભા કરે છે. અને જેમાં વચનામૃત ૨૭૩, કીર્તન-ભક્તિ ઠાકોરજીને થાળ આરતી વગેરે કરવામાં આવે છે. દર ગુરુવારે જુદાં જુદાં હરિભક્તોને ત્યાં સભા યોજવામાં આવે છે. દર સભા પ્રસંગે આપણા શ્રી નરનારાયણદેવ પીઠના નિવૃત આચાર્ય મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ફોન ઉપર સૌ હરિભક્તોને બળ મળે તેવા રૂડા આશીર્વાદ પાઠવે છે. જેનાથી હરિભક્તોને ખૂબજ બળ મળે છે.

(શાંતિલાલ ભગત, જીરાગઢવાળા)

ભાયલા (ધોળકાદેશ) મંદિરમાં સત્સંગ સભા

સર્વોપરિ શ્રી મોરલીમનોહરદેવ હરિકૃષ્ણ મહારાજના ધોળકા દેશના ભાયલા ગામમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન હરિભક્તોનો સત્સંગ સુપ્રસિધ્ધ છે. અહીં હરિભક્તોને કથાની ખૂબજ ભૂખ હતી. જેતલપુર દર્શને આવતા અત્રેના હરિભક્તોએ પૂ.પી.પી. સ્વામીને વિનંતી

કરી કે અમારા ગામમાં કથાનો લાભ આપવા પધારો. પૂ. પી.પી. સ્વામીએ ત્વરીત ત્યાં સંત-મંડળ સાથે પધાર્યા અને સર્વોપરિ મહારાજ અને સર્વોપરિ ધર્મકુળના લીલા ચરિત્રોની અદ્‌ભુત કથા ખૂબજ સરળ શૈલીમાં હરિભક્તોને સમજાવીને નિયમ, નિશ્ચય અને પક્ષ અને સર્વોપરિ ઉપાસના રાખવા ઉપર હરિભક્તોને ખૂબજ ભલામણ કરીને આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં સદાય વર્તીને જીવનું શ્રેય કલ્યાણ સાધી લેવું. ભાયલા અને આજુબાજુના ઘણાજ ગામોના હરિભક્તોએ કથાનો દિવ્ય લાભ લઈ કૃતાર્થ થયા હતા. સાથે કોઠારી વિશ્વપ્રકાશદાસ અને સંત મંડળે કીર્તન ભક્તિ કરી હતી. *(શા. ભક્તિનંદનદાસ)*

કડી (કલોલ) મંદિરમાં સત્સંગ સભા

અત્રે આપણા કડી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મંદિરના કોઠારીશ્રી અને પ.ભ. કલ્યાણભાઈએ તા. ૨૬-૭-૦૭ના દેવ પોઢી એકાદશીના શુભ દિને સુંદર સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. સવારના ૯ થી ૧૧ સુધી જેતલપુરના આપણા સુપ્રસિધ્ધ કથાકાર પૂજ્ય શાસ્ત્રી શ્રી પી.પી. સ્વામીએ સર્વોપરિ ભગવાન અને તેમના દિવ્ય કુળ ધર્મકુળનું મહિમા ચરિત્ર અને વચનામૃતના રહસ્યોની કથાનું ભક્તજનોને પોતાની ભાવવાહી સરળ શૈલીમાં રસપાન કરાવ્યું હતું. જેનાથી હરિભક્તોને ખૂબજ બળ મળ્યું હતું. સાથે પૂ. શ્યામચરણ સ્વામી, જેતલપુરના કોઠારી સ્વામી વિશ્વપ્રકાશદાસ અને જેતલપુર સંસ્કૃતના પાઠશાળાના સંતોએ કીર્તન ભક્તિની રમઝટ બોલાવી હતી. હરિભક્તોએ ઘણી મોટી સંખ્યામાં સભાનો લાભ લઈ આનંદિત થયા હતા.

(શા. ભક્તિનંદનદાસ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

સુરેન્દ્રનગર મંદિર મુખ્ય પ્રવેશ દ્વારનું ભૂમિ પૂજન

પ.પૂ. નિવૃત આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સંકલ્પ અને વર્તમાન પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીના શુભ આશીર્વાદ આજ્ઞાથી તથા અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી મંદિરના મુખ્ય પ્રવેશ દ્વારનું ભૂમિ પૂજન ભાવે આચાર્ય પ.પૂ. લાલજીશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્‌ હસ્તે તા. ૧૬-૭-૨૦૦૭ના અષાઢ સુદ-૨ ના શુભ દિને ધામધુમથી સંપન્ન થયું. આ પ્રસંગે બહેનોના મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પૂ.શ્રી રાજા પધારેલા અને બહેનોના મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને દિવ્ય દર્શનનો લાભ આપેલ. સમસ્ત કર્મયોગી-સાંખ્યયોગી બહેનોને આશીર્વાદ આપેલ. સમગ્ર આયોજન કોઠારી સ્વામીએ કર્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સારી સેવા બજાવી હતી. *(શૈલેન્દ્રસિંહ)*

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી

આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૫ મે શનિવાર સાંજે ૫-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવ પીઠના ફક્કા નિવૃત આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું શુભાગમન થયું ત્યારે સ્થાનિક હરિભક્તો હર્ષઘેલા બનીને પ.પૂ. મોટા મહારાજશ્રીનું સ્વાગત સામૈયું કરવા માટે સંતો સાથે શિસ્ત બધ્ધ તૈયાર થઈ ગયા. સૌ પ્રથમ પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવની આરતી ઉતારીને સૌ હરિભક્તોને દર્શનનો દિવ્ય અલૌકિક લાભ આપ્યો. તેજ રીતે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીનું સ્વાગત-પૂજન આદિ યજમાન સત્સંગી બહેનોએ ખૂબજ ઉમળકાથી કર્યું હતું. પ.પૂ.અ.સૌ. બિંન્દુરાજાનું પણ બહેનોએ ખૂબજ પ્રેમથી સ્વાગત કર્યું. પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી અને સ્વામી કૃષ્ણવલ્લભદાસજી આદિ સંત મંડળ અને હરિભક્તો પણ સેવામાં જોડાયા હતા. આપણા બોસ્ટન અને હ્યુસ્ટન મંદિરથી શા. સ્વા. હરિપ્રકાશદાસજી અને જ્ઞાન સ્વામી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક સભામાં શ્રીહરિનામ સ્મરણ ધૂન અને નંદ સંતોના સુંદર કીર્તનો ગવાયા. ત્યારબાદ બોસ્ટનથી પધારેલા શા.સ્વામી હરિપ્રકાશદાસજીએ પ.પૂ. મોટા મહારાજશ્રીની વિદેશમાં સત્સંગ પ્રવૃત્તિની આછી ઝલક રૂપરેખા સૌને જણાવી હતી. જેના પરિપાક રૂપે આજે આપણા શ્રી નરનારાયણદેવ ગાદી અંતર્ગત I.S.S.O. દ્વારા આટલા બધા ભવ્ય મહા મંદિરોનું નિર્માણ અને હજારોની સંખ્યામાં આપણા આશ્રિતો થયા. પ.પૂ. મોટા મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ. મહારાજશ્રી અહીંના સત્સંગનું વિશેષ પોષણ અને જાગૃતિ માટે સતતને સતત વિચરણ ચાલુ રાખે છે. પ.પૂ. મોટા મહારાજશ્રી ગાદી પદારુઢથી નિવૃત થયા બાદ પોતાના દિવ્ય અલૌકિક સંકલ્પ "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"ની પ્રવૃત્તિમાં રાત-દિવસ પ્રવૃત રહે છે. અત્યારે અમેરિકામાં આપણે સૌ જાણીએ છીએ તેમ તેઓશ્રી "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"ના પ્રચાર-પસાર માટે હરિભક્તોના ખૂબજ આગ્રહ ભર્યા આમંત્રણથી અત્રે પધાર્યા છે. ઘણાજ હરિભક્તોને આવા ભવ્ય અને મહાન ભગીરથ કાર્યમાં સેવા કરવાની ઈચ્છા હોય પણ તેઓ ઈન્ડીયા આવે ત્યારે શક્ય બને. પણ આજે અત્રે સૌને આવો મહા લાભ પ્રાપ્ત થયો છે. જેથી સૌ ભક્તોની ઈચ્છા પરિપૂર્ણ થશે. આ રીતે સાથે પધારેલા શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી અને સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ પણ સુંદર વાણીમાં સૌને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની પ્રવૃત્તિની વિશેષ રૂપરેખા સમજાવી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન અને રાજી થઈને સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

ત્યારબાદ આપણા I.S.S.O. દ્વારા ચાલતી "સેવા" પ્રવૃતિને વધુ વેગ મળે તે માટે સેવા આપતા ડોકટરોની ટીમને આશીર્વાદ આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

અત્રે મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અધિક માસમાં માઋતિ યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેની વિધિ વેદપુરૂષ શ્રી ઈશ્વરભાઈ શુકલે વેદ પરંપરાગત કરાવી હતી. ૬૦ જેટલા યજમાનોએ પૂજનમાં લાભ લીધો હતો. અધિકમાસ અને શનિવારના સુંદર યોગમાં માઋતિયજ્ઞ ભવ્ય રીતે સંપન્ન થયો. કષ્ટભંજન દેવનું માહાત્મ્ય પૂજ્ય સંતોએ સુંદર રીતે વર્ણવ્યું હતું. સમગ્ર પ્રસંગ બાદ દાદાને અન્નકૂટ ધરાવવામાં આવેલ. તદુપરાંત અધિક માસના છેલ્લા શનિવારે નંદ મહોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. જેમાં નંદ સંતો રચિત કીર્તનો ગવાયા હતા. મહંત સ્વામીએ સુંદર માહાત્મ્ય જણાવીને સૌને શ્રીકૃષ્ણ ભગવાનની અદ્‌ભુત લીલાનું પાન કરાવ્યું હતું. આમ અત્રે કોલોનીયા મંદિરમાં અધિકમાસમાં વિવિધ ઉત્સવોના દર્શન કરી હરિભક્તો ભાવ વિભોર થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે.

(પ્રવિણભાઈ શાહ)

હ્યુસ્ટન (I.S.S.O., U.S.A.)શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કળશ મહોત્સવ ૨૪ જુન થી ૩૦ જૂન પર્યન્ત ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ પારાયણ શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટના વક્તાપદે થઈ હતી.

કથામાં કૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ, રાસ-ગરબા આદિ લીલા ચરિત્રોનું અદ્‌ભુત વર્ણન વક્તાશ્રીએ કર્યું હતું.

શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ના વરદ્‌ હસ્તે વેદ વિધિસર થઈ હતી. આ પ્રસંગે માઋતિયજ્ઞનું સુંદર આયોજન થયેલ. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધેલ. અન્ય કાર્યક્રમો પૈકી મોડેકલ હેલ્થ કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પમાં ઘણા જ હરિભક્તો અને શ્રધ્ધાળુ લોકોએ બ્લડ ડોનેશન કર્યુ હતું. અને ઘણા જ દર્દીઓને તપાસીને દવા આપવામાં આવી હતી. તા. ૨૭ જૂનના આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અત્રે પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ભાવભીનું સ્વાગત સામૈયુ કર્યું હતું. પ્રસંગ દરમ્યાન અનેક હરિભક્તોને ત્યાં રાત્રીના ૧૨ વાગ્યા સુધી હરિભક્તોને રાજી કરવા પોતાના આશ્રિતોના ઘરને પાવન કરવા થાક કે પરિશ્રમની પરવા કર્યા વગર પધરામણી સતત ચાલુ રાખી હતી. આ પ્રસંગે આપણા મંદિરમાં ભવ્ય રંગોત્સવ ઉજવાયો હતો. હજારો હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ એવા રંગ્યા કે દુજો રંગ ન લાગે. હરિભક્તો પણ આજે રંગાવા માટે પડાપડી કરતા જોવા મળતા હતા. એક તરફ સુંદર કથા અને રંગોત્સવની મજા કાંઈ ઔર હતી. કે.પી. સ્વામી અને સંત મંડળ આ પ્રસંગે સેવામાં અગ્રેસર હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે સુવર્ણ કળશ સ્થાપન ભવ્ય રીતે સંપન્ન થયેલ. ત્યાર બાદ કથાની અને યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપીને હ્યુસ્ટનના સત્સંગને બિરદાવ્યો હતો. આ પ્રસંગે યુવક મંડળ, ઉત્સાહી હરિભક્તો ડોકટરો આદિ સૌએ ખૂબજ સુંદર સેવા બજાવીને સુંદર પ્રેરણા પુરી પાડી હતી. આમ હ્યુસ્ટન મંદિરમાં હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો નિત્ય દર્શન સેવા-પૂજાનો મહા અલૌકિક લાભ મળ્યો તેથી સૌ ખૂબજ લાગણી ભીના-રસભીના બન્યા હતા.

(રમેશ ટી. પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (I.S.S.O.) ઓસ્ટ્રેલીયા

અત્રે સીડની આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા દરેક ઉત્સવો ધામધુમથી ઉજવાય છે. જેમાં શ્રીહરિ-રામનવમી, શ્રી હનુમાન જયંતી, પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ આદિ ઉત્સવો ખૂબજ ધામધુમથી ઉજવ્યા હતા. પ.ભ. બિપીનભાઈ દવેએ સર્વોપરિ ઈષ્ટદેવ શ્રીહરિનું સુંદર મહિમા માહાત્મ્ય કહ્યું હતું. નંદ સંતોના રાસ ગરબાની રમઝટ માણી હતી. શ્રી પરેશભાઈ જુઠાણી, શ્રી ચંદ્રકાંત પટેલ અને શ્રી અર્જુનભાઈ શાહે યજમાન પદનો લાભ લીધો હતો.

શ્રી યોગેશભાઈ પટેલ અને શ્રી નિલેશભાઈ પટેલ શ્રી હનુમાન ચાલીસાના યજમાન બન્યા હતા. ૫૧ હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા. શ્રીરામચંદ્ર ત્રિવેદી તથા શ્રી અંશ શાહે સેવાનો લાભ લીધો હતો.

બીજી સત્સંગ સભાઓ શ્રી વિષ્ણુ ખીમજીભાઈ વાઘજીયાણી, શ્રી મહેન્દ્રભાઈ અમીન, શ્રી ધર્મેશ વડોદરીયા, શ્રી જિજ્ઞેશ શુકલ આદિ ઘણા હરિભક્તો સત્સંગ સભાના યજમાન બન્યા હતા. સભામાં વચનામૃત વિવેચન તથા બીજા આપણા માન્ય શાસ્ત્રોનું વાચન, કથામૃત, શિક્ષાપત્રી વિવેચન અને નંદ સંતોના કીર્તનો અને નિત્યનિયમ આરતી સમૂહમાં કર્યા હતા.

એકાદશીના શ્રી સ્વામિનારાયણ કથા શ્રી બિપીનભાઈ દવેએ સરળ અને સચોટ રીતે સમજાવીને કરી હતી. આ પ્રસંગે ઘણા જ હરિભક્તોએ સત્સંગ સભા અને દર્શનનો દિવ્ય લાભ મેળવ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ ઉત્તરોત્તર વધતી જાય છે.

તા. ૨૭-૫-૨૦૦૭ના કમલા એકાદશી નિમિત્તે શ્રી સ્વામિનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના યજમાન પ.ભ. ભાઈલાલભાઈ પટેલ તથા પ.ભ. અમિતભાઈ કસ્તુરીયા રહ્યા હતા.

તા. ૩-૬-૦૭ના આયોજીત સત્સંગ સભામાં ધૂન-ભજન કીર્તન અને વચનામૃતનું વાંચન કરવામાં આવેલ. નંદ સંતોના કીર્તનો અને રાસ સમૂહમાં થયા હતા. પ.ભ. હાર્દિકભાઈ પટેલ આજની સભામાં યજમાન બન્યા હતા.

તા. ૧૦-૬-૦૭ની સત્સંગ સભામાં

ઘણા હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતા. સૌએ સાથે મળી, ધૂન-ભજન કીર્તન નિત્ય નિયમ કર્યા હતા. સભાના યજમાન પ.ભ. અંકિતભાઈ દિક્ષીત હતા.

તા. ૧૧-૬-૦૭ના એકાદશી નિમિત્તે સિનિયર સીટીઝન તરફથી સભા થઈ હતી. મોટી સંખ્યામાં વડીલોએ લાભ લીધો હતો. એકાદશીના સુંદર પદો સમૂહમાં ગવાયા હતા.

તા. ૧૭-૬-૦૭ અને તા. ૨૬-૬-૦૭ સત્સંગ સભા શ્રી ભાઈલાલભાઈ પટેલ તથા શ્રી નિલેશ પટેલ તરફથી થઈ હતી.

તા. ૧-૭-૦૭ ની સુંદર સભામાં નંદસંતોના કીર્તન ઉપર રાસ રમવામાં આવેલ. મોટી સંખ્યામાં હરિભક્તો સભામાં પધાર્યા હતા. આજની સભાના યજમાનશ્રી સુનીલભાઈ દરજી રહ્યા હતા.

તા. ૮-૭-૦૭ અને તા. ૧૫-૭-૦૭ ની સત્સંગ સભામાં સુંદર કીર્તન ભક્તિ અને શાસ્ત્રોનું વાચન કરવામાં આવેલ. છેલ્લે ઠાકોરજીને થાળ અને નિત્ય નિયમ કરેલ. જેના યજમાન શ્રી ચિન્મયભાઈ દિક્ષીત અને શ્રી સુરેશભાઈ પટેલ રહ્યાં હતાં. તા. ૨૨-૭-૦૭ની સત્સંગ સભા અનિ.પ.ભ. રવજીભાઈ વાઘજીયાણીના સ્મરણાર્થે પ.ભ. ખીમજીભાઈ વાઘજીયાણી તરફથી થઈ હતી. સુંદર સભામાં શ્રીજી મહારાજ અને ધર્મકુળનું માહાત્મ્ય અને કીર્તન ભક્તિ કરવામાં આવેલ. છેલ્લે નિત્ય નિયમ અને ઠાકોરજીને થાળ ધરાવવામાં આવેલી.

તા. ૧૫-૭-૦૭ ના રોજ રથયાત્રા નિમિત્તે પગપાળા યાત્રા યોજવામાં આવેલ. જેમાં દૂર સુદૂરથી ઘણા જ હરિભક્તો જોડાયા હતા. મંદિરમાં સુંદર રથયાત્રાના દર્શન કરીને હરિભક્તો આનંદિત થયા હતા. આ દિવસે મહામંત્ર લેખનનું આયોજન થયું હતું. હરિભક્તોએ સાથે મળી ધૂન ભજન-કીર્તન અને કતાવાર્તા અને થાળ આરતી કર્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે. *(તેજસ પટેલ)*

અમેરિકામાં સત્સંગ પ્રવાસ

પાંદડે પાંદડે સ્વામિનારાયણ નામ લેવાય તે માટે આપણા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. દેશમાં અને વિદેશોની ધરતી પર મંદિરોનું નિર્માણ કરાવી રહ્યા છે. કેનેડામાં મંદિરના કાર્ય માટે પ.પૂ. મહારાજશ્રી અમદાવાદથી કેનેડા પધાર્યા અને શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીને સત્સંગના પોષણ માટે અમેરિકા મોકલ્યા.

શાસ્ત્રી સ્વામી અને તેમના શિષ્યો શાસ્ત્રી હરિપ્રિયદાસજીએ સૌ પ્રથમ ન્યૂજર્સી વિહોકન મંદિરમાં શનિવારથી સત્સંગ સભામાં ત્યાંના મહંત માધવ સ્વામી સાથે કથા-વાર્તાનો લાભ આપ્યો. ત્યાંથી માન્ચેસ્ટરમાં વિરેન્દ્રભાઈને ત્યાં સત્સંગનો લાભ આપીને ત્યાંથી મેડીસન આશ્વેનભાઇ શાહને ત્યાં અને શિકાગો ડૉ. ઉમેશભાઈને ત્યાં થઈ ઈટાસ્કાના આપણા મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે વિશાળ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપ્યો. અને પૂજ્ય મહારાજશ્રી ફાલ્ગુનભાઈના નવા મકાનમાં પધરામણીએ પધાર્યા, ત્યાં કથાવાર્તાનો લાભ આપ્યો.

ત્યાંથી એડીસન કોલોનીયાના આપણા મંદિરમાં પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી ત્રણ દિવસની પુરૂષોત્તમ પ્રકાશની પારાયણનું આયોજન હતું. જેના વક્તા શાસ્ત્રી હરિપ્રિયદાસજીએ સરળ ભાષામાં દ્રષ્ટાંતો સાથે કથા કરી. સાથે દરરોજ શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી પારાયણમાં બન્ને ટાઈમ અડધો અડધો કલાક કથા-વાર્તાનો લાભ આપી હરિભક્તોને રાજી કરી દીધા. ઘણા લાંબા સમય પછી શાસ્ત્રી સ્વામીના મુખે કથા સાંભળીને હરિભક્તો ખૂબ રાજી થયા હતા. અને આ સંત દ્વારા સત્સંગનો અમૂલ્ય લ્હાવો અપાવવા બદલ પ.પૂ.ધ.ધુ.. આચાર્ય મહારાજશ્રીનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમમાં એરપોર્ટ ઉપર લાવવા લઈ જવાની બધી જ સેવા ન્યૂયોર્ક વિસ્તારમાં રહેતા શ્રી હેતલભાઈ ભાવસારે ઉત્સાહભેર નિભાવી હતી. *(કે.પી. પટેલ)*

પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીએ આપણા દિલ્હી શ્રી સ્વામિનારાયણ મંદિરના નવા મહંત પદે સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી ગુરુ સ્વામી બાલમુકુન્દદાસજી અને સ.ગુ મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીને નિયુક્ત કર્યા છે. નિવૃત્ત મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજીની સેવા અને સત્સંગીઓ પ્રત્યેની ભાવના ખૂબજ પ્રસંશનીય હતી.

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

જેઠ સુદ-૨ પ.ભ. લલ્લુભાઈ પંચાલ ● પ.ભ. જયંતીભાઈ નારણદાસ સુરેલીયા. **જેઠ સુદ-૩** અને. મણીદાસ કુબેરદાસ પટેલ ● પ.ભ. રસિકભાઈ નારણભાઈ પટેલ ● પ.ભ. વૈદ્યરાજ કૃષ્ણપ્રસાદ દવે. **જેઠ સુદ-૫** પ.ભ. રણછોડભાઈ અમૃતભાઈ. **જેઠ સુદ-૬** પ.ભ. ધનજી જાદવા રામજી ફેમીલી. **જેઠ સુદ-૯** પ.ભ. કાંતાબેન ઘનશ્યામભાઈ પટેલ ● પૂ. વાસુદેવચરણદાસ સ્વામી. **જેઠ સુદ-૧૦** પ.ભ. શાંતાબેન જયંતીભાઈ ભટ્ટ ● પ.ભ. પટેલ તેજુબેન પુનાજી. **જેઠ સુદ-૧૨** અ.નિ. સંગીતાબેન અશોકભાઈ રાબડીયા ● નિકોલ ગામ મહિલા મંડળ. **જેઠ સુદ-૧૪** કેસર સ્નાન યજમાનશ્રી તરફથી.

જેઠ વદ-૧ પ.ભ. કમળાબેન ભાવસાર ● પ.ભ. શૈલેષભાઈ હરજીવનદાસ પટેલ ● પ.ભ. સવિતાબેન રમણભાઈ અમીન (દહેગામ) ● પ.ભ. કાંતિભાઈ બચુભાઈ (સુરત). **જેઠ વદ-૨** અનિ.સ.ગુ. સ્વા. સત્યપ્રકાશદાસજીની ત્રયોદશા નિમિત્તે ● અનિ. શિવજીભાઈ દેવશીભાઈ ભુવાના સ્મરણાર્થે. **જેઠ વદ-૪** પ.ભ. પંકજભાઈ ત્રિવેદીના સ્મરણાર્થે ● પ.ભ. ડાહ્યાભાઈ ચૌધરી (માણેકપુર). **જેઠ વદ-૭** પ.ભ. પટેલ પ્રહલાદભાઈ જોઈતારામ, રાણીપ. **જેઠ વદ-૮** પ.ભ. વિસરામભાઈ પૂજા મેપાણ (સુરજપુર-કચ્છ) ● અનિ. માવજીભાઈ રતનાભાઈ વેકરીયા (કચ્છ). **જેઠ વદ-૯** સ્વ. ઈન્દુમતીબેન નંદુભાઈ પટેલ (અમદાવાદ). **જેઠ વદ-૧૪** પ.ભ. મધુબહેન પટેલ (અમેરિકા).

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી જિજ્ઞેશભાઇ લાલજીભાઇ પટેલ પુણ્ય એન્ટરપ્રાઇઝ બિજનેશ નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	શ્રી તારાબેન લાલજીભાઈ પટેલ ચિ. મિતના જન્મ પ્રસંગે	સઈજ
૧૦૧-૦૦	શ્રી દિલીપસિંહ મોતીભાઈ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ભાયલા
૧૦૧-૦૦	શ્રી ભીખાભાઈ જેઠુભાઈ બૂટીયાના સ્મરણાર્થે (હ. કનુભાઈ બૂટીયા)	કાલીયાણા
૧૦૧-૦૦	શ્રી ભરતભાઈ એન. સિંધવ (બળોલ) ચિ. કૃપાલી ધો.-૧૨ માં ૭૫% એ પાસ થઈ તે નિમિત્તે	બોટાદ
૧૦૧-૦૦	શ્રી સ્નેહલ પંકજભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ખેરોલ
૧૦૦-૦૦	શ્રી યશ હરેશભાઈ વરૂ શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ
૧૦૧-૦૦	અ.સૌ. મંજુલાબેન ભીખાલાલ સુથાર પારૂલબેનને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	કોઠંબા
૧૦૦-૦૦	શ્રી છાયાબેન ભૂપેન્દ્રકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	પરઢોલ
૧૦૦-૦૦	શ્રી દર્પણકુમાર ભૂપેન્દ્રભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	પરઢોલ
૨૫૧-૦૦	શ્રી લાલાભાઈ ભગાભાઈ ડી. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઝુંડાલ
૧૦૧-૦૦	ડૉ. નાગેશ ડી. મહેતા ચિ. ભાણેજ દર્શનના યજ્ઞોપવિત નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી રિતેષ અશોકભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે	બિલાસીયા
૧૧૧-૦૦	શ્રી બંકિમચંદ્ર કે. મોદી શ્રીજી પ્રસન્નાર્થે	કુકરવાડા
૧૦૦-૦૦	શ્રી અતુલકુમાર ભોગીલાલ ભાવસાર ચિ. કૃણાલના લગ્ન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ઝલકબેન છબીલભાઈ પટેલ ધો.-૯માં પાસ થયા તે નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦	શ્રી દિપ્તિબેન શામળભાઈ પટેલ ધો.-૧૧માં ૭૫%એ પાસ થયા તે નિમિત્તે	મોટેરા
૧૦૦-૦૦	સહજાનંદ ટ્રેડર્સ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જયેશભાઈ ભાવસાર તેમની પુત્રી ધો.-૧૦માં પાસ થઈ તે નિમિત્તે	અમદાવાદ
૨૦૧-૦૦	શ્રી નટવરલાલ રણછોડલાલ મોદી ચિ. પૌત્રી મીનાને M.S.C.માં એડમીશન મળ્યું તે નિમિત્તે	મહેસાણાવાળા
૧૦૦-૦૦	શ્રી વર્ષાબેન જે. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી દેવેન મનજીભાઈ પટેલ ચિ. દિવ્યના જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મિતુલ વિક્રમભાઈ સોની જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ચંપાબેન રમણીકભાઈ રાઠોડ ચિ. નિશાબેનના સગપણ નિમિત્તે	(જીરાગઢ) સુરત
૧૦૧-૦૦	શ્રી મીનાબેન ગૌતમભાઈ રાઠોડ ચિ. કૃપાને સ્કુલે બેસાડી તે નિમિત્તે	(જીરાગઢ) સુરત
૧૦૧-૦૦	શ્રી મનોજભાઈ અને મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૧૦-૦૦	શ્રી ઘનશ્યામભાઈ બચુભાઈ કાછીયા ચિ. નિર્મળના જન્મ દિન નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી રીટાબેન જયંતીભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૦૦-૦૦	શ્રી મેહુલ લાલજીભાઈ પટેલ ચિ. ભૂમિના જન્મ દિન નિમિત્તે	ભાઉપુરા
૧૦૦-૦૦	શ્રી મુકેશભાઈ ભોળાભાઈ હરગોવનદાસ પટેલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ચાંદીસણા
૧૦૦-૦૦	શ્રી અરવિંદભાઈ પરસોત્તમદાસ પટેલ ચિ. ભાણાના જન્મ પ્રસંગે	વક્તાપુર
૧૦૦-૦૦	અનિ. નારણદાસ મોહનલાલ સોની એ.સી. નવું ખરીદ્યું તે નિમિત્તે	માણસા
૧૦૧-૦૦	શ્રી તારાબેન ઘનશ્યામભાઈ વાઘેલા ચારધામ યાત્રા નિમિત્તે	ગોધાવી
૧૦૧-૦૦	શ્રી શૈલેષકુમાર ગીરીશભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	લવારપુર
૧૦૦-૦૦	શ્રી ભૂમિતકુમાર અશોકભાઈ પટેલ ધો.-૧૨ માં પાસ થયા તે નિમિત્તે	ગોધરા
૧૦૧-૦૦	શ્રી સેજલબેન શૈલેષભાઈ પટેલ ધો.-૧૦માં પાસ થયા તે નિમિત્તે	નાંદોલ
૧૫૧-૦૦	શ્રી ભીખુભાઈ મુળુભાઈ ડાભી હરિકૃપાથી ચિ. મહેન્દ્રને નોકરી મળી તથા પૌત્રી સિધ્ધિના જન્મ નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ મણીલાલ કા.પ. શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ-મલાડ
૧૦૧-૦૦	દરબાર હિતેન્દ્રસિંહ દિલીપસિંહ સાહિલને સ્કુલમાં બેસાડ્યો તે નિમિત્તે	વઘાડા
૧૦૧-૦૦	શ્રી મધુબેન રણછોડભાઈ સિંધવ શ્રીજી પ્રસન્નાર્થે	વણી
૧૦૦-૦૦	કા. જીલ દક્ષેશભાઈ જન્મદિન નિમિત્તે	ભાયન્દર-મુંબઈ
૧૦૦-૦૦	શ્રી રાજેશકુમાર નટવરલાલ પટેલ બાઈક લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી નિતીનકુમાર મહેશભાઈ પટેલ ધો.-૧૨માં પાસ થયા તે નિમિત્તે	રતનપુર
૧૦૧-૦૦	શ્રી કાનજીભાઈ મોતીભાઈ પટેલ ચિ. કિરણકુમારને નોકરી મળી તે નિમિત્તે	

૧૫૧-૦૦	શ્રી મયુર અમૃતલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થ	મુંબઇ
૧૦૧-૦૦	શ્રી મનોરમાબેન પિયુષકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૦૧-૦૦	શ્રી પિયુષભાઈ નાનુભાઈ જાદવ ધો.-૧૨માં ૭૮.૪ ટકાએ પાસ થયા તે નિમિત્તે	દેદાદરા (સુરેન્દ્રનગર)
૧૦૧-૦૦	શ્રી સંદિપકુમાર નાનુભાઈ જાદવ એસ.વાય.બી.એ.માં પાસ થયા તે નિમિત્તે	દેદાદરા (સુરેન્દ્રનગર)
૧૦૦-૦૦	શ્રી નિમિષ બાબુભાઈ અડાલજા ધો.-૧૨ માં ૭૭ ટકાએ પાસ થયા તે નિમિત્તે	રતનપર
૧૫૧-૦૦	શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ ચિ. હિરેનને નોકરી મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કેતનકુમાર બાબુલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(ખેરોલવાળા) નરોડા
૧૦૧-૦૦	શ્રી જ્યોત્સનાબેન ચિ. ઘનશ્યામનું સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	શ્રી કા. મોહનલાલ ઓચ્છવલાલ અમદાવાદમાં મકાન લીધું તે નિમિત્તે	કોઠંબા
૨૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ જયંતીભાઈ ઠક્કર ચિ. સચિનકુમાર ઈલો.એન્જી.માં પાસ થયા તે નિમિત્તે	સરંડી
૧૦૧-૦૦	શાહ હિતેન્દ્ર અમૃતલાલ ચિ. હાર્દિક ધો.-૧૦માં ૮૫ ટકાએ અને જલ્પેશ બી.કોમ. પાસ થયો તે નિમિત્તે	બળોલવાલા
૧૦૧-૦૦	શ્રી કનુભાઈ અરજણભાઈ સોરઠીયા અમરેલી નોકરી મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ્રેમ સુરેશભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	વાવોલ
૧૦૧-૦૦	વિશાંતના જન્મદિન નિમિત્તે	બાલાસિનોર
૧૦૦-૦૦	શ્રી કેવિન અરવિંદભાઈ ગાંગાણી સ્કુલમાં બેસાડ્યો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	કવલ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	ચંદ્રિકાબેન સુભાષભાઈ પટેલ ચિ. જાન્હવીના જન્મદિન નિમિત્તે	ઈશનપુર
૧૧૦-૦૦	અનિ. બાબુભાઈ રેવણીદાસ પટેલની પુણ્ય તિથિ નિમિત્તે	વિહાર
૧૧૧-૦૦	શ્રી લલીતરાય અમરશી બારભાયા નવો ફલેટ લીધો તે નિમિત્તે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી વિનયકાન્ત નટવરલાલ ઠક્કર ચિ. દિવ્યેશને ત્યાં રાધિકાના જન્મ પ્રસંગે	બોપલ
૧૧૧-૦૦	શ્રી ભદ્રેશભાઈ માણેકલાલ ત્રિવેદી શ્રી નરનારાયણદેવની કૃપાથી નિકોલ જમીનના દસ્તાવેજ નિમિત્તે	વિહાર
૧૦૧-૦૦	અનિ. છનાભાઈ બેચરદાસ સુથાર માસિક પુણ્ય તિથિ નિમિત્તે	કલોલ
૨૦૨-૦૦	શ્રી અચલ પ્રવિણભાઈ સોલંકી **B.Tech E.C.**એન્જીનીયર પાસ થયા અને જોબ મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૧૧-૦૦	શાંતિબેન ઘનશ્યામભાઈ રામાભાઈ લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે	આમજા
૧૦૧-૦૦	શ્રી માણેકલાલ શંકરદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મોખાસણ
૧૦૧-૦૦	યત્રીબેન ખેમચંદભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સોજા
૧૦૧-૦૦	શ્રી ભરતભાઈ રમણભાઈ ભાવસાર ચિ. જયેશભાઈના ચિ. દેવના જન્મ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી વાડીલાલ ખોડીદાસ પટેલ નવી ગાડી લીધી તે નિમિત્તે	કુંડાલ
૧૦૧-૦૦	શ્રી સંજયભાઈ ચિમનલાલ પટેલ દુબઈના વિઝા મળ્યા તે નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી ભાવિન મહેન્દ્રકુમાર ગોરધનદાસ નોકરી મળી તે નિમિત્તે	સોજા
૧૦૧-૦૦	શ્રી કિરીટભાઈ મણીલાલ ભગત ચિ. નિરવ અમેરિકા ગયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ધીરજલાલ નાગરદાસ સોની નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	લીંબડી
૨૫૦-૦૦	શ્રી જીગર રમેશભાઈ પટેલ **U.S.A.**ના સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે	દેઉસણા
૧૦૧-૦૦	શ્રી દિપકભાઈ પ્રહલાદભાઈ ગોહિલ ચિ. અલ્પેશ પાસ થયો તે નિમિત્તે	પોરડા
૧૦૧-૦૦	શ્રી અમૃતલાલ રામાભાઈ પટેલ ચિ. હાર્દિક ૧૨ સાયન્સમાં ૭૧ ટકાએ પાસ થયા તે નિમિત્તે	મણીયોર
૧૦૧-૦૦	શ્રી પ્રવિણભાઈ દયાળભાઈ પટેલ ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હસમુખભાઈ પ્રહલાદભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી બાબુભાઈ શામળભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(ખેરોલવાળા-નરોડા)
૫૦૧-૦૦	શ્રી ઘનસુખભાઈ તથા શ્રી હરિભાઈ ડી. ધોરીયા રેડીમેઈડ કપડાની નવી દુકાન ચાલુ કરી તે નિમિત્તે	ધૂળકોટ-મુંબઈ
૨૦૧-૦૦	અનિ. રાઈબેન મરઘાભાઈ પટેલના સ્મરણાર્થે	(કોલ્હાપુરવાલા)
૫૦૧-૦૦	શ્રી મેઘાબેન જયંતીલાલ પટેલ ઈન્ટર સી.એ.માં પાસ થયા તે નિમિત્તે	ઉનાવા
૧૧૧-૦૦	શ્રી રાજેશકુમાર ખોડીદાસ ટાંક લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ (હાલાર)

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

ભાયલા (તા. બાવળા) : પ.ભ. ગગુભાઈ વિસાભાઈ તા. ૬-૭-૨૦૦૭ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વિહાર : પ.ભ. સાંકળચંદ મણીલાલ પટેલ તા. ૧૬-૭-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ઝુલાસણ : પ.ભ. ઘનશ્યામભાઈ કેશવલાલ પટેલ તા. ૬-૬-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.



ધોળકા મંદિરમાં સંત હરિભક્તો સાથે ઓચ્છવ કરતા શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ



ધોળકા મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની પુનઃ પ્રતિષ્ઠા પ્રસંગે અન્નકૂટ દર્શન



ધોળકા મંદિરમાં શ્રી વિષ્ણુયાગ પ્રસંગે શ્રીફળ હોમતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





ધોળકા મંદિરમાં સભામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી





નારાયણઘાટ મંદિરમાં સુંદરકાંડ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી

Registered under RNI - No - GUJ GUJ/ 2007 / 20221Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08





ગુરુપૂર્ણિમાના શુભ દિને સભામાં આશીર્વાદ
આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

એપ્રોચ બાપુનગર મંદિરમાં પ.પૂ.
ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી નવા આશ્રિતોને
ગુરુમંત્ર આપી રહ્યા છે.



Praful Kharsani